શિયાળાને તડકે (આબિદમિયાં સૈયદ)



અંક ૩૨૪

વર્ષ ૨૭ · અંક ૧૨ · ડિસેમ્બર ૧૯૫૦

આવતી કાલનાં નાગરિકોનું માસિક

તંત્રી



પુકુર (તળાવડી) ફોટો - આર. આર. ભારદ્વાજ

છે તો આસનસોલ પાસેની એક નાની તળાવડીના એક ભાગનું જ દૃશ્ય; પણ રોજિંદી, ગામૂલી ચીજોમાં રહેલું સૌન્દર્ય પકડવાની વિશિષ્ટ શક્તિ ધરાવતી, કલાકાર ભારદ્વાજની આંખે આપણી આગળ ઝાડનાં તીરપ્રાંતનાં થડ ને તેનાં પ્રતિબિંબોથી રચાતા નયનાભિરામ દૃશ્યની ફૂલગૂણી ખડી કરી દીધી છે. આવી જ અભિનવ તેમની બીજી કૃતિઓ આવતા વર્ષે.

કુમાર

ડિસેમ્બર ૧૯૫૦

અંક ૩૨૪

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

નાટિકા


લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન . કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૭।।; પરદેશમાં રૂા. ૯।। અથવા શિ૦ ૧૫; છુટક નકલ: બાર આના

ચિત્રવિચિત્ર સિક્કાઓ







આજનાં નાણાંની શોધ થયા પહેલાં જ્યારે દરેક દેશ પોતાનાં સંજોગ-સગવડ અને જરૂરિયાત અનુસાર વિનિયમ માટે અવનવી વસ્તુઓ વાપરતો ત્યારે કોડી, ભૂંડના દાંત, હાડકાં, ચામડાં, ઓરાક, વાસણો. ઢોર. અને ક્યાંકક્યાંક તો માણસો સુદ્ધાંનો ઉપયોગ થતો ! એ બધાંમાં સૌથી વિચિત્ર તો કદાચ પાસિફિક મહાસાગરમાંના 'યાપ' ટાપુના પથ્થરના સિક્કા લાગશે ! એ એવડા મોટા હતા કે જમણી બાજુ મથાળે બતાવ્યા પ્રમાણે તેને લાકડામાં પરોવીને લઇ જવા પડતા ! તેની નીચેના ચિત્રમાં એવા સિક્કા ધરાવનાર બે શ્રીમંતો બેઠેલા છે ! પછી ધીરે ધીરે બધે ધાતુનો સ્વીકાર થયો અને સૌએ પોતપોતાની અનુકૂળતા અનુસાર તેમાં અવનવા આકારો યોજ્યા. એની વિચિત્રતા ચીનમાં વધુ જણાતી. તે પૈકી બે નમૂના-(૧) તાઓ નામના છરી આકારના અને (૨) ફળાંવાળા પાવડા જેવા સિક્કા-નાં આલેખનો જમણી તરફનાં ચિત્રમાં છે. તે પછીનો જીભ આકારનો સિક્કો પણ જોવા જેવો છે ! આમ, ચિત્રવિચિત્ર આકારોમાં વિશિષ્ટતા હશે, પણ સરળતા તો સૌને ગોળાકૃતિમાં જ પડી લાગે છે. પરંતુ તેમાં યે આફ્રિકા, ફીજી વગેરે દેશોમાં, જંગલની વસતિને સાચવી રાખવાની અનુકૂળતા પડે તે માટે, તેમજ ચીનની પેઠે એક ડૉલરના હજાર, ('કૅશ' નામના) સિક્કા ચલણમાં હોય ત્યા મોટી સંખ્યાની હેરફેરની અનુકૂળતા રહે તે માટે, સિક્કાને દોરીમાં પરોવી રાખવા સારુ તેમાં કાણું પાડવાની યોજના પણ કરાઈ. પરંતુ હિંદુસ્તાનમાં એવું કાણું પાડવાની જરૂરત એક બીજા જ કારણે ઊભી થએલી. ગયા મહાયુદ્ધ વખતે ધાતુનો બચાવ કરવાની જરૂર ઊભી થતાં, ત્રાંબાના પૈસાને પાતળો કરી તેમાં કાણું પાડવામાં આવ્યું. એવા ચીનના, ફીજીના, હિંદના અને બીજા, કાણાંવાળા પાંચ સિક્કા-નાં ચિત્રો ડાબી બાજુના સમૂહમાં મથાળે આપ્યાં છે. ઇંગ્લંડમાં પણ 'સિવિલ વૉર' વખતે ચાર્લ્સ પહેલાને જ્યારે ધાતુની તંગી પડી ત્યારે તેના ટેકેદારોએ પોતાનાં સોનારૂપાના વાસણો ગાળવા માટે આપી દીધાં. તેની પાતળી પટ્ટીઓ કાપી, તે પર દરેક ઘેરાએલું શહેર પોતપોતાનું નાણું છાપી લેતું. એવા 'ઘેરા સમયના સિક્કા'(સીજ-પીસીઝ)નાં ચારેક ચિત્રો ડાબી બાજુ વચ્ચે આપ્યાં છે. તેમાં ક્યાક તો વળી રૂપાની પટ્ટી પર બેચાર અક્ષર પાડીને તે બેવડી વાળીને ચલાવવામાં આવતી. તેના નમૂના રૂપ સ્કારબરોનો અરધા ક્રાઉનનો એવો સિક્કો ચિત્રમાં દેખાશે. હિંદમાં તો વળી ચામડાના સિક્કા પણ ક્યાં નહોતા પડયા ? પણ ધાતુ બચાવવા છેવટે લાકડા ઉપર પાંચ સેન્ટનો સિક્કો પાડી અમેરિકાએ તો કરકસરની હદ બતાવી. એ સિક્કો જમણી તરફના ચિત્ર-માં નીચે બતાવ્યો છે. પરંતુ એ જ અમેરિકામાં જ્યારે નાણાંની છોળ આવી ત્યારે, ૧૯૧૫ માં, સાન ફ્રાન્સિસ્કોમાં ભરાએલા 'પનામા-પાસિફિક પ્રદર્શન'ના સ્મરણમાં તેણે ૫૦ ડૉલરનો સોનાનો અષ્ટકોણ સિક્કો પાડેલો (ડાબી બાજુ છેડે). આકારનું એવું વૈવિધ્ય તો આપણી ચોરસ બેઆની ને કરકરિયાળી એક આનીમાં પણ આવ્યું. પણ આટઆટલું વૈવિધ્ય ધરાવવા છતાં નાણાંને પોતા-ની કશી જ કિંમત નથી. માત્ર આપણે સ્વીકારેલી કિંમતનું જુદેજુદે રૂપે એ પ્રતીક બની રહે છે; ને સાથોસાથ, આપણી કળાની તથા આર્થિક પ્રગતિનો, તેમજ આપણી ખનિજ સમૃદ્ધિનો પુરાવો પણ.









મહર્ષિ અરવિંદ ઘોષનું અવસાન



શ્રી અરવિંદનું અંતિમ દર્શન (ફોટો • જગન મહેતા) અવસાન સમય તા. ૪-૧૨-૧૯૫૦ની રાત્રે ૧ ક. ૨૬ મિ. • ફોટો તા. ૬ સવારના ૧૦

કલકત્તામાં કાયસ્થ જાતિમાં ઈ. ૧૮૭૨ની ૧૫મી ઑગસ્ટે જન્મ પિતા કૃષ્ણધન ડૉક્ટર હતા; માતા, હિંદી સંસ્કારિતાના પૂજક રાજનારાયણ બોઝનાં મોટાં પુત્રી સ્વર્ણલતાદેવી. પશ્ચિમી જીવનપ્રણાલીના આગ્રહી પિતાએ દાર્જિલિંગની સેંટપોલ શાળામાં મૂક્યા ને ૭ વર્ષના થતાં ઇંગ્લંડ લઇ ગયા, જ્યાં સિવિલ સર્વિસનો અભ્યાસ કર્યો. પણ ૧૮૯૦માં તેની માત્ર ઘોડેસવારીની પરીક્ષામાં નિષ્ફળ નીવડતાં નાપાસ થવાથી કેમ્બ્રિજની કિંગ્ઝ



બંગભંગની લડત વેળાએ

કૉલેજમાં જોડાઈ ૧૮૯૨માં ગ્રૅજ્યુએટ થયા. ત્યાં સયાજીરાવ ગાયકવાડે તેમની પ્રતિભા પ્રીછીને અંગત મદદનીશ તરીકે રોક્યા, જે પદેથી ૧૮૯૬માં વડોદરા કૉલેજમાં ભાષા ને ઇતિહાસના પ્રોફેસર થયા. ૧૯૦૧માં શ્રી ભૂપાલચન્દ્ર બોઝની કન્યા મૃણાલિની સાથે લગ્ન. દરમ્યાન હિંદી સંસ્કૃતિ ને વિચારણાનું અધ્યયન. એવામાં બંગભંગ થતાં ૧૯૦૬માં વડોદરા છોડી લડતમાં ઝંપલાવ્યું. તેમાં રાષ્ટ્રીય વિદ્યાલયના પ્રિન્સિપલ તથા સવિશેષ 'વંદેમાતરમ્'ના તંત્રી તરીકે જાગૃતિની ભરતી આણી દીધી. તેમાં ૧૯૦૬માં પકડાયા, પણ છૂટ્યા. ૧૯૦૭ માં સૂરતની કૉંગ્રેસમાં ઉદ્દામ પક્ષે ભાગ લીધો. એવામાં ૧૯૦૮માં મુઝફ્ફરપુરમાં બૉંબથી બે ખૂન થતાં તેની ધરપકડોમાં બીજી મેએ પકડાયા, પણ સેશન્સમાં ૧૯૦૯ની ૧૩મી એપ્રિલે નિર્દોષ છૂટ્યા. એ જેલવાસ દરમ્યાન કરેલાં ચિંતન અને સાધનાને પરિણામે તે આધ્યાત્મિક જીવન તરફ વળેલા; તેથી જૂનમાં અંગ્રેજી 'કર્મયોગિન'ને બંગાળી 'ધર્મ' નામનાં અઠવાડિકો કાઢ્યાં. તેમાંના 'દેશબંધુઓ પ્રત્યે' લખેલા એક લેખ માટે ૧૯૧૦ના માર્ચમાં ધરપકડનું વૉરંટ છૂટ્યું; પણ તેમાં પકડાય તે પહેલાં જ બંગાળ છોડી, ફ્રેન્ચ હિંદના પાટનગર પોંડીચેરીમાં જઇ જીવનસાધના માટે ક્ષેત્રસંન્યાસ લીધો. ચાર વર્ષનો કાળ સાધનામાં વીતાવી ૧૯૧૪ની ૧૫મી ઑગસ્ટથી 'આર્ય' નામે અંગ્રેજી માસિક શરૂ કર્યું, જેમાં આર્ય તત્ત્વદર્શન વિષેના વિચારો નિરૂપ્યા. ૧૯૨૧માં 'આર્ય' બંધ કરી ફરી સાધનામાં રોકાયા ને ૧૯૨૬ની ૨૪મી નવેમ્બરે તે સિદ્ધ કરી.

'આર્ય'ના સંપાદનકાળે તેમાં સહાયક બનેલાં ફ્રેન્ચ સાધક સન્નારી મીરાં રિશાર પણ આ વેળા સાધનાના એકાંતવાસમાં હતાં. તેમને હવે 'આશ્રમ'નું સંચાલન સોંપી દઇ કાયમી એકાંતવાસ સ્વીકાર્યો, જેમાંથી માત્ર ૧૫મી ઑગસ્ટના પોતાના જન્મદિને, ૨૪મી નવેમ્બરના પોતાના સાક્ષાત્કારના દિવસે તથા ૨૧મી ફેબ્રુઆરી શ્રીમતી મીરા દેવી (આશ્રમનાં માતાજી)ના જન્મ દિવસે જ, અગાઉથી રજા મેળવનારને તેમનાં દર્શન થતાં. ૧૯૪૦માં તેમના જન્મદિવસને દર્શનદિને પગ લપસી પડતાં સાથળનું હાડકું તૂટી ગયાનો અકસ્માત થએલો. પરંતુ તે પછી પણ એમની સર્વ શક્તિઓ તો પૂર્વવત્ જ રહેલી. એટલે ગઈ ૫મી તારીખે તેમનું અવસાન (પંદર દિવસની મૂત્રપિંડની બીમારીને પરિણામે) થયાના સમાચાર લોકોએ સાંભળ્યા ત્યારે સૌએ વજ્રાઘાત અનુભવ્યો.



સંધ્યાના સૂર

ચિત્રકાર : સોમાલાલ શાહ

સુરગંગાનો દીવડો

—(આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે)

કંચનકાયા ઘડેલું એક કોડિયું રે,
કે જલતું આદિ તે કાલથી અખંડ:
દીવડો સુરગંગાથી ઊતર્યો રે.

દીવડામાં તેલ પૂર્યાં ત્રણ ગુણનાં રે.
કે દીવડાની વાટ પડી વરમંડ:
દીવડો સુરગંગાથી ઊતર્યો રે.

દીવડો ભીંજે ના હો જલધારથી રે,
કે દીવડો ડોલે ના વાયરે લગાર:
દીવડો સુરગંગાથી ઊતર્યો રે.

દીવડાને ફરતા કિરણના કેવડા રે,
કે અનહદ ભમરાના ગુંજાર:
દીવડો સુરગંગાથી ઊતર્યો રે.

સૂરજ, ચંદર ને નવલખ તારલા રે,
કે દીવડાનો એ તો આછો ઉન્મેષ:
દીવડો સુરગંગાથી ઊતર્યો રે.

દીવડો દાનેશરી ચૌદ લોકનો રે,
કે દીવડાનો તો યે ફકીરી વેશ:
દીવડો સુરગંગાથી ઊતર્યો રે.

બાલમુકુન્દ દવે

પથદીપિકા*

૧

વંશસ્થ-અનુષ્ટુપ

નમોસ્તુ હે ભર્ગ વરેણ્ય ઉજ્જ્વલા!
નમોસ્તુ હે પૂર્વની દીપ્તિ પિંગલા!
પ્રશાન્ત ને તૈજસ નેત્ર નિર્મલા!
નમોસ્તુ હે ચિન્મય શક્તિ મંગલા!
અમોને ગ્રસતો ઊંડાં અંધારે જે તિમિંગલ,
હણી તે અંશુનો આલ ઊર્ધ્વ આધાર વત્સલ!

૨

ઝૂલણા

આપ હે અરુણ તવ કિરણ જ્યોતિ!
ગહન અંધારની ઊઘડે છીપ ને
નિરખીએ નિખિલનું શુદ્ધ મોતી.

તાહરી શક્તિ, મતિ દે વિમલ, સદય હે,
અભય દે ઉદ્યમે, હે શ્રીમંત!
કર્મરત ને તથાપિ ન કોઇ સ્પૃહા,
અંજલિમાં અમારે અનંત.

સર્વના સંગમહિં અંગનો વિલય, ને
ત્યાગમય હૃદય અનુરાગ લહીએ,
સહજ અંતર વિષે ગુંજરે ગાન—
આનંદ આનંદમાં નિત્ય રહીએ.

૩

વંશસ્થ-અનુષ્ટુપ

નિરભ્ર આ શારદ વ્યોમ, એહવાં
સદૈવ હો મંદિર સ્વચ્છ આપણાં,
ને સૌમ્ય દીપાવલિના ઉજાસમાં
અંધારનાં અંતર હો સુહામણાં.
પૃથ્વીને પ્રાંગણે મ્હોરો સ્વર્ગનું પારિજાતક,
શ્વેત હો પાંદડી, હૈયે પ્રેમ હો સ્વર્ણ સદ્દશ.

૪

ભજન

કોરે રે કાગળ કલમું પીંછની
લખીએ નવલો હિસાબ,
વીતેલી વેળાની લેણુ દેણુ તે
બાળી ગતની સંગાથ...હે...જી.

પ્હેલે રે અગસર કંકુ રેલીએ
રિદ્ધિવરને તે નામ,
વળતી કોટિધા લોકલોકનાં
હેતે કરીએ રે કામ...હે...જી.

પેઢી રે પુરાણી ધરતી જેવડી
એની વહી ઘેર ઘેર,
કણને દેનારું મણને પામતું
એમાં લહીએ ના ફેર...હે...જી.

મનખાની મૂડી જગના હાટમાં
વેરી કરીએ વ્હેવાર,
મોકળે મન રહીએ માલિકના
સમદર—સુખની મોઝાર...હે...જી.

૫

વંશસ્થ-અનુષ્ટુપ

વિમુક્ત ચિત્તે નિજ સર્વ અર્પણ
કરે, ન તેનું કદિ રિક્ત અંતર.
અકલ્પ્ય આ વિશ્વતણાં અનંતન
રહસ્ય ત્યાં તો પ્રગટે નિરંતર.
સંચયે મૃત્યુ: બંધાતાં પાણીને લાગતી લીલ;
આવે ને ઓસરે એવાં વ્હેણ રે' નિત્ય નિર્મલ.

રાજેન્દ્ર શાહ

*આ દીપોત્સવી-નૂતનવર્ષ નિમિત્તે મુંબઇ રેડિયો ઉપરથી રજૂ થએલા એ નામના 'કાવ્યસપ્તક'માંનાં પાંચ કાવ્યો

કટાક્ષકલા

લેખક · પ્રો૦ એસ. આર. ભટ્ટ એમ. એ.

હસીને અને ડસીને સમાજને સન્માર્ગે દોરવાના એ શસ્ત્ર વિષે, ઉદાહરણ સાથે ઉત્તમ વિચારો આપણે ત્યાં કદાચ પહેલી જ વાર રજૂ કરતા આ લેખમાં, લેખકે એ કલા આપણા જ ઉપર પહેલા પૅરેગ્રાફમાં અજમાવી છે તે જોઈ?

આ વાર્તાલાપને જ કટાક્ષનું લક્ષ્ય બનાવે, એવો આજનો વિષય વક્તાને કે સન્માન્ય શ્રોતાને ડંખી જાય, તે પહેલાં આપણે એક ચોખવટ કરી લઈએ. જગતનું સર્જન જેમ કેવળ લીલયૈવ થયું છે, તેમ કટાક્ષ અને સમાજ-સુધારણાની આપણી આ ચર્ચા કેવળ નિજાનંદ માટેની, નિરર્થક ને અહેતુક પ્રવૃત્તિ છે. આપણો પણ સમાજ છે એ કદાચ સ્વીકારીએ. પણ એને સુધારવો પડે એવો અપવાદ આપણે શા માટે સાંખી લેવો? આપણે કહેવું નથી પડતું –પરદેશો મુક્ત કંઠે બોલે છે કે ભારતની મુક્તિ સમસ્ત પ્રજાના પ્રચંડ પુરુષાર્થ અને ભવ્ય બલિદાનનો ઈતિહાસ છે. આપણી નેતાગીરી અનન્ય છે. આપણી સંસ્કૃતિ શ્રેષ્ઠ છે. આપણી ધર્મભાવના અકલંકિત છે, અકલિત પણ છે. વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચે આદર્શ સંબંધો આપણે સ્થાપ્યા છે અને નભાવ્યા પણ છે. આપણાં ગામડાં સુખી છે અને નગરો સમૃદ્ધ છે. પ્રજા સંતોષી છે અને ધુરિણો અનાસક્ત છે. આવા ન્યાયપ્રતિષ્ઠ સમાજને કટાક્ષનો ડર હોય નહિ, એનો પરિચય પણ ન જ સંભવે!

પરંતુ વિપરીત દેશકાળમાં ને ક્ષતિપૂર્ણ સામાજિક પરિસ્થિતિમાં કટાક્ષ કારગત નીવડે છે. એ ચર્ચાસ્રગ કટાક્ષ એટલે ભમરીનો ડંખ: સંધીવાથી પીડાતા રોગીને એ ચાલતો કરે. કટાક્ષ એટલે સર્પદંશ: કોહેલા મજ્જાતંતુઓને, કૅન્સરને એ બાળી નાખે. 'માગી મુક્તિ અને મળી લાત' જેવા ક્રિપ્સ-યોજનાના પ્રસંગે કટાક્ષવૃત્તિ એને એક જ વાક્યમાં જકડી લ્યે: 'It is a post-dated cheque on a failing bank.' ક્રિપ્સ-યોજના એટલે 'નાદાર ઠરેલી પેઢી જોગ લાંબી મુદતની હુંડી!' (ગાંધીજી) સરકારી દમનનો દોર હોય, નિરાશ પ્રજાની ધીરજ ખૂટી હોય, શ્વેત ચામડીનો પ્રભાવ લોકોને આંજી દેતો હોય, ત્યારે એ જ કટાક્ષવૃત્તિ સરદારની વાણીમાં ઊતરે છે. એમની હાસ્યવૃત્તિ અમલદારી ધાકને છિન્નભિન્ન કરી પોકારે છે: 'જપ્તીના ભયે ઘરમાં પૂરેલી આપણી ભેંસો પણ મડમડી બની ગઈ છે.' યુદ્ધો સદ્‌ભાગ્યે આપણને અજાણ્યાં નથી. હમણાં સમાચાર જેમ કોરિયા વિષે વિરોધી વાતો કહી જાય છે, તેમ પહેલા વિશ્વયુદ્ધમાં પણ અંગ્રેજી વર્તમાનપત્રોનો અવળો પ્રચાર જેહદ વધેલો ત્યારે ઉર્દૂ શાયર અકબરે વ્યંગ કર્યો હતો કે:

પ્રેસબ્યૂરો કે તારોંસે નતીજા યહ નિકલતા હૈ.
ફતહ હોતી હમારી હૈ, ઔર કબ્જા દુશ્મન કા!

યુદ્ધપ્રચારમાં થતી સત્યની કતલ પર એમણે થોડા જ શબ્દોમાં 'જીત બ્રિટનની થાય છે, પણ કબ્જો જર્મનનો' કહીને હાસ્યની સહાયથી લક્ષ્યવેધી કટાક્ષ કર્યો હતો.

આ દૃષ્ટાંતોથી આપે તારવ્યું હશે કે કટાક્ષમાં પરપીડનનો અંશ રહેલો છે, એની સફળતા એના ડંખમાં વસેલી છે, અને જે શક્તિ એ ડંખને દોરે છે તેનું નામ હાસ્યવૃત્તિ છે. દારૂ વિના ગોળી છૂટે તો જ હાસ્યવૃત્તિ વિના કટાક્ષ ધાર્યું નિશાન પાડી શકે. અને સાચું હાસ્ય, જેવું સહાનુભૂતિમાં વિલસે છે તેવું તિરસ્કાર, ઇર્ષ્યા, દ્વેષ કે નિરાશામાં દીપતું નથી. એટલે, કટાક્ષનો ડંખ પીડે તે પહેલાં જ એ સાચા કલાકારને પોતાને દઝાડી જાય છે. જાગ્રત થવા માટે પોતાની જાતને ચિંટિયા ભરતી વ્યક્તિની પેઠે, પોતાની જાતને ડંખીડંખીને તરફડતા વીંછી પેરે, માનવ સમાજ, અંતરાયોને દૂર કરવા, પોતાના ધ્યેયને પહોંચી વળવા, અંતરની નિરાશા ને બહારનાં વિઘ્નોને મારી હઠાવવાનું સામર્થ્ય કટાક્ષના ડંખથી મેળવવા મથે છે.

'ગુરુ કીધા મેં ગોકુળનાથ
ઘરડા બળદને ઘાલી નાથ'

એમ ગુંજતો અખો કેવળ 'ટીકાખોર' ન હતો, આધ્યાત્મિક જ્ઞાનની એની આરઝૂને કટાક્ષથી તલસાવતો સાધક હતો.

'યાં ચિંતયામિ સતતં મયિ સા વિરક્તા'
એમ વદનાર ભર્તૃહરિ નારી સમાજનો છીછરો વિરોધ નહોતો કરતો; અનુભવના અગ્નિએ પ્રેરેલી બળતરાને કટાક્ષની ફૂંકથી શાતા આપવાનો પ્રયત્ન એણે તો કર્યો છે.

'હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા'
એમ ગાનાર નરસિંહ, પારકાં છોકરાંને 'શકટનો ભાર તાણનાર શ્વાન' નથી ઠરાવતો; પોતાનામાં અને બીજાનામાં વસેલી અહંકાર-કાલિમાને કટાક્ષની દીપ્તિથી દૂર કરવા એ મથી રહ્યો છે. આમ, લોકજીવન અને સાહિત્યમાં સંચય પામેલી અનેક અન્યોક્તિઓ ને સુભાષિતો, કટાક્ષ દ્વારા સમતુલા સાચવવાના, આદર્શની વિસ્મૃતિને ટાળવાના, આપણી પ્રજાના સુયત્નોને વાચા આપવાના યશોમંડિત પ્રયોગો છે. વક્રદૃષ્ટિ પણ જેમના ચરિત્ર ઉપર દોષારોપણ ન કરી શકે તેવા કબીરાદિ ભક્ત કવિનાં પદોમાં, સારાસાર ન સમજતી આંધળી દેહમમતાને અનેકવિધ રીતે સમજાવવાના વિષાદપૂર્ણ કટાક્ષ–પ્રયત્નો આજે પણ સુશ્રાવ્ય છે.

'મો સમ કૌન કુટિલ ખલ કામી?'
ગાનાર સૂરદાસ કોને ડંખ મારી રહ્યો છે? પાપમાર્ગથી પરિવર્તિત પોતાની જીવનલીલાને? કે પછી પોતાને જ ડંખીને આપણને ઉઠાડવાનો કટાક્ષ-તરીકો એ અજમાવી રહ્યો છે?

નાની સરખી પણ પોતાનામાં રહેલી ક્ષતિને વિરાટ બનાવીને, એને ડંખીડંખીને દૂર કરનારા આ સાધકોને જ એ અધિકાર પ્રાપ્ત થયો હતો કે લોકમાન્યતાના દેવોને પણ કટાક્ષના આક્રમણે સજાગ બનાવી દે!
'હે અનઘડિયા દેવા, કૌન કરે તેરી સેવા?'
ગાતો કબીર, કે 'રામને મંદિર ઝાલર વાગે' એમ કહી 'કડવી વાણી' ઉચ્ચારતો મીઠો સુંદરમ્ એ કટાક્ષસ્વાસ્થ્યના પુરાવા છે, જેનું અસ્તિત્વ પ્રાચીન કાળનાં સંસ્કૃત સુભાષિતોમાં પણ સચવાયું છે. લક્ષ્મીનો મદ માણસને આંધળો કરે છે, નહિ તો વળી લક્ષ્મીપતિ વિષ્ણુ ભાન ભૂલીને ઝેરી સાપની પથારી શાના પસંદ કરે? એવો કટાક્ષ-ચમકારો સંસ્કૃત સાહિત્યમાં ક્યાં અજાણ્યો હતો?

'યોગ: કર્મસુ કૌશલમ્' એ જો સાચું હોય તો વિકૃતિ અને અપૂર્ણતાની વચ્ચે પણ, પરાજયને એ સંધ્યાટાણે પણ, મૃત્યુના સાન્નિધ્યે પણ, નિરાશા કે નિર્વેદને ટાળીને ડંખ મારીમારી જયેષણાને ટકાવી રાખતો કટાક્ષકાર હસે છે વિષાદથી, ને ડસે છે સંજીવનીથી.

રખેને આધ્યાત્મિકયાત્રાના આ પર્યટનમાં આપણે પ્રમાણભાન ભૂલી જઇએ, એમ માનીને અખો આપણને ચેતવે છે કે આ 'જ્ઞાનમાર્ગ એ તો અંધારો કૂવો' છે; ને શહીદ થયાનું ગૌરવ પણ આપણને ન આપતાં એ કહે છે કે 'ઝગડો ભાગી કોઇ ન મૂવો.'

હવે સામાજિક અને પવિત્ર પ્રવૃત્તિઓમાં કટાક્ષની લીલા આપણે નિહાળીએ.

જેમ જ્ઞાનીને તેમ કટાક્ષકારને 'વસુધૈવ કુટુંબકમ્' જેવું છે. બુદ્ધિશાળી વિચક્ષણ સન્નારી જેવું ગાંભીર્યપ્રેરક ને પ્રશસ્ય બીજું પાત્ર કયું? તેમાં યે લાસ્યમૂર્તિ ફ્રાંસની એ લલના હોય તો? છતાં અંગ્રેજ કટાક્ષસ્વામી ઑસ્કર વાઈલ્ડે, પ્રસંગને દ્યોતક બનાવે તેવો કટાક્ષ, સૌંદર્યધામ પારીસની આવી જ કોઈ સન્નારીને ચરણે ધર્યો હતો: 'બહેન બુદ્ધિ-

શાળી હતાં, તેટલાં રૂપાળાં ન હતાં!' અને આખાબોલા વાઈલ્ડને પરાસ્ત કરવા એ બહેને દુર્ભાગ્યે એક યુક્તિ કરી. એક સમારંભમાં વાઇલ્ડની ઓળખ થઈ ત્યારે મોહક સ્મિતથી અને વિનયાર્જવથી એમણે પૂછ્યું: 'સાચું કહોને, શ્રીમાન વાઇલ્ડ, આખા ફ્રાંસમાં સૌથી કુરૂપ નારી હું જ છું ને?' વિવેકપૂર્વક અભિવાદન કરીને વાઈલ્ડે જવાબ વાળ્યો: 'આખા જગતમાં, શ્રીમતી, આખા જગતમાં!'

આનો અર્થ એ નથી કે સુખી સમાજની આનંદની પળોનું મોહક પુષ્પ કટાક્ષ છે. એનો અગ્નિપરાગ જ્યારે ભભૂકી ઊઠે છે ત્યારે, ઝોલાએ જેમ કર્યું હતું તેમ, 'I accuse'(હું આરોપ મૂકું છું)ની વીર ગર્જના કરીને, ઊંધે માર્ગે ચડેલી, નિર્દોષ માનવીને કારાગારમાં નાખી ચૂકેલી, સુખી કુટુંબને ફના કરી બેઠેલી મદાંધ સરકારને તે પડકાર ફેંકે છે. અને કટાક્ષકલાનો જ એ સુખાંત વિજય હતો કે ઝોલાની કલમે નિર્દોષને ન્યાય મળ્યો, સરકારનું પતન થયું, ફ્રાંસ નિષ્કલંક બન્યું.

મામોમ ભયમાં મુકાઇ હોય, દુશ્મનો દેશના સ્વાતંત્ર્યને પડકારી રહ્યા હોય, ત્યારે નગરનગરમાં, જનપદોમાં ને નિર્જન પ્રદેશોમાં લોકોને જગાડી ઊઠતી, વીરત્વનો માર્ગ ચીંધતી ફનાગીરી કટાક્ષમાં લપાએલી છે. એનાં ઉદાહરણ ચંદ બારોટની ચૂંદડી ને કંકણની ભેટમાં જેમ પ્રત્યક્ષ થાય છે, તેમ ઍથેન્સને જગાડનાર ડેમસ્થનિસની વાક્ધારામાં, ફિલિપિક્સમાં જુવેનલનાં ચાબખા જેવાં કટાક્ષકાવ્યોમાં, ફ્રેંચ વિપ્લવ સમયના વૉલ્તેરનાં તેજલી વચનોમાં, કે જ્હોનાથન સ્વિફ્ટના 'બ્રિટનને વિનતિ' જેવા ધગધગતા ડામમાં માનવસમાજને વારંવાર મળી રહ્યાં છે.

સામાજિક વ્યવહારો જોતાં તેમાં પણ આ જ કટાક્ષશક્તિનો મહિમા છતો થાય છે. રૂઢિચુસ્ત બ્રિટનમાં, હજુ તો ગયા દાયકા પૂર્વે 'લગ્નવિચ્છેદની શરતો'માં સુધારો સૂચવતો ધારો એ. પી. હર્બર્ટે પસાર કરાવી શક્યો એનો યશ એ હર્બર્ટની કટાક્ષશક્તિને ઘટે છે. એ બિલ રજૂ કરતાં પહેલાં એણે એક કટાક્ષનવલ લખી. શિર્ષક હતું: 'પવિત્ર ગ્રંથિલગ્ન' --'The Holy deadlock.' સ્વેચ્છાથી છૂટાં પડવા ઇચ્છનાર નાયક–નાયિકાને અદાલતમાં જરૂરી પુરાવો રજૂ કરવા માટે છૂટાં વિહરવું પડે છે, અનિચ્છાએ બીજાં સ્ત્રીપુરુષો સાથે સંવનન કરવું પડે છે, પૈસા આપીને પગારદાર પ્રેમીઓ રોકવાં પડે છે, અને છતાં યે છેવટે પૂરતો પુરાવો ન હોવાથી લગ્નવિચ્છેદ ન મળતાં પૈસાની ખુવારી અને ગૃહજીવનનો વિનાશ નોતરવાં પડે છે, એનું ચિત્ર હર્બર્ટની કલમે એમાં એવું શક્તિભર્યું દોરાયું કે બ્રિટને ઝાઝા વિરોધ વિના એના સુધારાને સ્વીકારી લીધો.

બુદ્ધિપ્રધાન સમાજરચનામાં સમાજસ્વાસ્થ્યનું રખોપું, જેમ દ્વારિકાની રખવાળી સુદર્શનચક્રને સોંપાઈ હતી તેમ, કટાક્ષચક્રને સુપ્રત કરાય છે. બે હજાર પહેલાં ગ્રીસે આનું ઉત્તમ ઉદાહરણ આપ્યું છે. સોફોકલીસ ને યુરીપીડીસ જ્યારે ઝગડ્યા ત્યારે એ સાહિત્યિક સંઘર્ષને ઍરીસ્ટોફાનીસે કટાક્ષનાટિકા 'Frogs' લખીને વધાવ્યા!

ગ્રીસમાં વ્યક્તિવિશેષ પ્રત્યેનો, તો બ્રિટનમાં સામાજિક જાડ્ય પ્રત્યેનો કટાક્ષ વિકાસ પામ્યો. જ્હોનાથન સ્વિફ્ટના 'ગલિવરની મુસાફરી' નામના ગ્રંથમાં, વ્યક્તિવિશેષો પ્રત્યે મમત્વ હોવા છતાં સમષ્ટિમાં તિરસ્કરણીય બનતા માનવજીવનને અનેકવિધ પ્રહારો કરવામાં આવ્યા છે. માનવની સૌંદર્યભાવનાની વિકૃતિને મહાકાયનારીના એટલે કે હિડિમ્બા જેવી સુન્દરીના વર્ણને ડામવામાં આવી છે, તો માનવ સમાજને દૂષિત કરતા ધનપ્રેમ અને યુદ્ધખોરીને બેંતિયાઓના પ્રદેશમાં લઇ જઈને હાસ્યાસ્પદ બનાવવામાં આવ્યા છે, એટલે કે નિ:શસ્ત્ર કરવામાં આવ્યા છે. પ્રમાણમાં નિરુપદ્રવી, છતાં યે જ્ઞાનનો આડંબર ધરાવનાર અધ્યાપકવર્ગને પણ એણે છોડ્યો નથી. લાપુટા દ્વીપની વિદ્યાપીઠમાં નગો રંગો શોધતા અંધ પ્રાધ્યાપકને, અને ભૂમિતિની આકૃતિ પ્રમાણે કુટુંબને ફેરવતા ગણિતશાસ્ત્રીને ચીતરીને સ્વિફ્ટે એ વર્ગની આત્મશ્લાઘાનો વિદ્યુતોપચાર કર્યો છે. એ જ રીતે સૅમ્યુઅલ બટલરે સામાજિક આદર્શોમાં પ્રવેશેલી સંવેદનશૂન્યતાને અને રૂઢિચુસ્ત અહંકારને 'The Way of all Flesh' અને 'Erewhon' નામના ગ્રંથોમાં સુધાર્યાં છે. 'Erewhon' માં તો ચોરી ઇત્યાદિ ગુના બીમારી ગણાતા હોય અને બીમારી ગુનો ગણાતો હોય એવા પ્રદેશમાં વાચકને લઈ જઇને, તાવ સંતાડવા માટે ચોરી કરતા અને ઑસ્પિટલમાં સ્થાન પામવા માટે મારામારી કરતા ભદ્રજનોના પરિચયે, સમાજની ઉપલકિયા પ્રતિષ્ઠા-લોલુપતાને હાસ્યાસ્પદ બનાવી છે.


આટલા વિસ્તાર પરથી, કટાક્ષના ડંખની, એની પાછળ કામ કરી રહેલાં હાસ્ય અને વિષાદનાં બળોની, એના મૂળમાં રહેલા નૈતિક પ્રકોપની આ ચર્ચા પછી, હવે, બ્રિટનમાં સમાજરક્ષાના અને સુધારણાના કામયાબ શસ્ત્ર તરીકે કટાક્ષનું શા માટે બહુમાન થાય છે તે સમજી શકાશે. ભવ્ય અને તોતિંગ ઇમારતો પણ–મહાસામ્રાજ્યોનાં ઉત્તુંગ સ્મારકો પણ કાળનાં પરિબળો સામે ટકી શકતાં નથી, તો સ્વભાવચંચળ માનવીના સમૂહ જેવો સમાજ, સમયના આક્રમણ સામે કઈ રીતે ટકી શકે? પથ્થર અને ઇંટનાં મકાનોની મરામત તો બહારનાં સાધનોથી થઈ શકે; પણ જીવતા માનવીની મરામત એના સહકાર વિના, એના અંતરના સાદ વિના શક્ય નથી. એ સત્ય જાગૃત સમાજથી અજાણ્યું નથી. અને વ્યક્તિઓ ભલે પ્રમાદી હશે, ઘમંડી હશે, પરંતુ જ્યાં સુધી તે સ્વમાની હશે, ત્યાં સુધી તો, એમને હસાવીને ડંખ દેનાર કટાક્ષના સ્પર્શે તે જાગી ઊઠશે, અને ડંખના ભયથી, હાસ્યની પ્રેરણાથી, એણે ચીંધેલા અમૂર્ત આદર્શના પ્રલોભનથી પ્રેરાઇને આત્મસુધારણાને પંથે વળશે આ શ્રદ્ધાથી જ, વાંકદેખા કે ડંખીલા ગણાવાનો ભય હોવા છતાં, વ્યવહારુ આદર્શવાદી માનસ, કટાક્ષનાં આયુધ સજે છે. કટાક્ષશસ્ત્રના ઉપયોગી અગશિયા પેઠે ઊગી નીકળતાં નવાંનવાં સ્ખલનો વિકૃતિઓ ને ત્રુટિઓ, એ બધાંનો સમાજ સામનો કરે છે. હાસ્યમંડિત કટાક્ષથી બિયગરત્નની પેઠે તે સડેલાં અંગોને કાપે છે અને સમાજની સાર્વત્રિક પ્રવૃત્તિમાં પ્રવેશેલાં દર્દોની ચિકિત્સા કરે છે. એટલે જ કટાક્ષકલાને એક અમોઘ શસ્ત્ર ગણવામાં આવે છે.

પણ કટાક્ષ 'કળા' ઠરે તે પહેલાં એક 'શાસ્ત્ર' એણે સમજવું પડે છે: દાક્તરના હાથ જંતુવાળા હોય તો દર્દીને અડવાનો એને અધિકાર નથી. તેમ જ માત્ર ધિક્કારના જંતુથી ભરેલા દ્વેષનું વિષવમન કરનારા, સહાનુભૂતિ ગુમાવી બેઠેલા, કલ્પનાહીન ને આદર્શહીન સર્જકનો કટાક્ષ નથી કળા, નથી શાસ્ત્ર. એ તો છે આપઘાત ને અધઃપતન.

પરંતુ સંજોગોની ભીંસમાં રહીને માનવીની અપૂર્ણતા પ્રત્યે અનુકંપાશીલ ને આદર્શની અશક્યતાથી ડર્યાં વિના, જગતના અંધકારને હસીને, ડસીને, ઢંઢોળીને, ક્ષિતિજની આભા પ્રત્યે દોરનાર કલાસ્વામી તો પ્રગતિવાંછુ સમાજનું મોંઘેરું ધન છે. એની સજાગ ચેતનાને વટાવીને સફળતા મેળવવાનું સામર્થ્ય ધરાવતો કોઈ દંભ, કોઈ માનસિક વિકૃતિ, કોઈ ભૌતિક લિપ્સા, કોઈ આધ્યાત્મિક અભિસરણ હજુ તો માનવજીવનમાં નથી સર્જાયાં, એ કટાક્ષનું સર્વોત્કૃષ્ટ પારિતોષિક છે.

[અમદાવાદથી થએલો વાર્તાલાપ: ઑલ ઇંડિયા રેડિયોના સૌજન્યથી]

લેખક
પ્રો. વસંત જોષી એમ. એ.



ઑપરેશનમાંથી ઘેર આવ્યા બાદ
છેલ્લી તસવીર

બે મહિના પર છાપાંમાં સમાચાર આવ્યા કે પગ લપસી જવાથી શૉ બગીચામાં પડી ગયા અને એમને ઑપરેશન માટે દવાખાનામાં લઈ જવામાં આવ્યા એ વખતે કોઈને ખ્યાલ ન હતો કે શૉનો અંતકાળ પાસે આવ્યો છે. એમની ૯૪મી વર્ષગાંઠ (જન્મ ૨૬મી જુલાઈ, ૧૮૫૬) ઊજવાઈ ત્યારથી બધાને લાગતું હતું કે ઇચ્છાશક્તિને આધારે મળેલા બળને લીધે શૉ સો વર્ષ જીવશે જ. પણ તબિયત બગડતી ગઈ અને ૨૭ નવેંબરે એમનું મરણ થયું અને સાહિત્યના એક મહાયુગ(epoch)નો પણ અંત આવ્યો.

શૉનું ચરિત્ર ઘણી રીતે અભ્યાસવા જેવું છે. કોઇ પણ જાતની લાગવગ વગરનો એક અકિંચન માણસ માતૃભૂમિનો ત્યાગ કરી ઈંગ્લંડ આવે છે ત્યારે દુર્દમ્ય મહત્વાકાંક્ષા સિવાય એની પાસે કંઇ નથી. ગુજરાન ચલાવવા પૂરતા યે પૈસા મેળવવા નોકરી કરવાની કે બુદ્ધિનો અપવ્યય કરવાની એ ના પાડે છે એને વિશ્વવિદ્યાલયની કેળવણી મળી નથી; દરેક રીતે એ સ્વયંશિક્ષિત છે. એનો પ્રચંડ આત્મવિશ્વાસ અવિચલ રહે છે. લોકો એની મશ્કરી કરે છે છતાં એ ધીરજ ખોઇ બેસતો નથી. 'આ પણે નિષ્ફળતો નહિ નીવડીએ ને?' એવી એના મનમાં બીક તો છે જ, પણ એ બીકના અસ્તિત્વનું ભાન સરખું ય લોકોને એ થવા દેતો નથી અને બધાની હાંસીને પાત્ર ગણાએલો આ માણસ આખરે 'સંત' ગણાય છે!

સારા કુટુંબમાં જન્મવું એ ભાગ્યની વસ્તુ કહી શકાય. શૉને પોતાના કુટુંબ વિષે ઘણું અભિમાન હતું. વંશ(breed)માં એને ખૂબ શ્રદ્ધા હતી. 'મૅકબેથ' નાટકમાં આવતા રાજા મૅકડફના વંશમાં પોતે જન્મ્યો છે એવો એનો દાવો હતો. એમાં સત્ય કેટલું એ શોધવું મુશ્કેલ છે. એટલું ખરું કે શૉ કુટુંબના લોકોમાં બર્નાર્ડ શૉના જન્મ વખતે રાજવી વંશના કોઇ પણ અવશિષ્ટ લક્ષણ દેખાતાં ન હતાં! એના પિતાને લાગવગથી વગર કામની અને વગર જવાબદારીની નોકરી મળી હતી. વખત જતાં સરકારે એ જગ્યા જ કાઢી નાખી એટલે શૉના પિતાને વેપારમાં પડવું પડયું. વેપારનો કક્કો તેઓ સમજતા ન હતા, એટલે પરિણામ સ્પષ્ટ જ હતું. કોઈ પણ વસ્તુની હાસ્યકારક બાજુ એમને તરત જ દેખાતી. એકવાર એક માણસ પાસે એમની લ્હેણી નીકળતી રકમ આપ્યા વગર એ છૂ થઈ ગયો. એ સમાચાર સાંભળી પહેલાં તો તેઓ મોટેથી હસી જ પડયા. પોતાના ધંધા પર આ વાતની કેવી અસર થશે એ વિષે એમને જરા ય પડી ન હતી. એમને તો દારૂ પીવામાં, લોકોની મશ્કરી કરવામાં અને સંગીતમાં જ વધારે રસ પડતો. આથી ઘરનું વાતાવરણ પ્રેમ કે શાન્તિનું રહેતું નહિ. ઘર ચલાવવાની જવાબદારી માતા પર વધારે પડતી, અને શૉ કે એની બે બહેનો તરફ ધ્યાન આપવા જેટલી ફુરસદ માબાપને ન હતી. બચપણમાં શૉને લાડ લડાવે એવું કોઈ ન હતું. અલબત્ત, કુટુંબ બહોળું હોવાથી કાકા-મામાઓની સંખ્યા નજીવી ન ગણાય એવી હતી. પણ બધાય પોતાની રીતે નંગ હતા. એ બધા માણસો માટે શૉના મનમાં કોઈ પણ દિવસ પ્રેમ જાગ્યો નહિ. લોકોમાં એમને વિષે વાતો થતી તે શાંતિથી એને સાંભળવી પડતી. પણ કુટુંબ વિષે એનું અભિમાન મોટું હતું એટલે બહાર સમાજમાં તો એ લોકો સામે શૉ બોલતો નહિ. અણગમતી વસ્તુનો સ્વીકાર કરવાથી એમાંથી ઘણું અનિષ્ટ તત્ત્વ નીકળી જાય છે અને એ હાસ્યની વસ્તુ બની શકે છે એમ શૉ પોતાનાં કુટુંબીજનોના નિરીક્ષણ પરથી શીખી શકયો. માતાને સંગીતનો શોખ હતો, એટલે નાનપણથી જ ઉચ્ચ સંગીતના સંસ્કાર એના મન પર થયા.


લોકોને વિચિત્ર લાગે એવી મતપ્રણાલી જે શૉએ રજૂ કરી એનાં મૂળ એના બાળપણમાં મળી આવે છે. એ વખતે કૌટુંબિક પ્રાર્થનાઓ થતી. ઘરનાં બધાં માણસો-જેમાં નોકરોનો પણ સમાવેશ થતો-એકઠાં મળતાં અને કુટુંબનો વડો બાઈબલમાંથી એકાદ પ્રકરણ વાંચતો. નાનાં છોકરાંને આમાં રસ પડે છે કે નહિ એ કોઇ જોતું નહિ. ચર્ચમાં પણ એમ જ બનતું. બહાર કુદરતની શોભા દેખાતી હોય, ને ઘડી ઘડી બહાર જોઇને કૂદવાનું મન થતું હોય, ત્યારે સારાં કપડાં પહેરીને અંધારા ચર્ચમાં નિશ્ચલ બેસી પાદરીનું કંટાળો ઉપજાવતું પીંજણ સાંભળવું અને ચારે તરફ સદા એના એ જ લોકોને જોવા એ શૉને મન મોટામાં મોટી સજા હતી. એને નિશાળે મૂકવામાં આવ્યો તે, છોકરો ભણે એ હેતુથી માબાપે પોતાને ત્યાં મૂકયો, કે છોકરો તોફાની થયો હોવાથી એને થોડા કલાક સંભાળવાની જવાબદારી કોઈને માથે નાખવાના હેતુથી, એ વિષે એને શંકા હતી! નાનપણથી





જમણી બાજુ: શૉનો પ્રમાદધન પિતા જ્યૉર્જ કાર શૉ, તથા કુટુંબ પોષવા મથતી આદર્શવાદી સંગીતપ્રેમી માતા લ્યુસિન્ડા એલિઝાબેથ શૉ. સામેના પાન પર: ડબ્લિનમાં સિન્જ સ્ટ્રીટમાં આવેલા આ મકાનમાં શૉ જન્મ્યો ત્યારે તેના પિતા સરકારી નોકરી છોડી દઇ, અનાજના વેપારમાં નિષ્ફળ નીવડી ઘેર બેઠા હતા.

જ્યૉર્જ બર્નાર્ડ શૉ



સાઠ વર્ષની વયે: ઇંગ્લંડને ખળભળાવી મૂકનારાં, તેનાં પ્રચલિત જીવન-મૂલ્યો પર નીખી ઠઠ્ઠા કરતાં, નાટકોથી ટીકાપાત્ર થએલો શૉ, એક રીતે ખ્યાતિની ટોચે પહોંચી ગયો હતો ત્યારે.

જ એણે વાંચવાની કળા હસ્તગત કરી લીધી હતી. પણ એ નિશાળે ગયો ત્યારે જાણે એને કશું જ આવડતું ન હોય તેમ બધું એને ફરીથી શીખવાડવામાં આવ્યું. ગણિતમાં તો એનું ભેજું બિલકુલ ચાલતું નહિ. 'એકાદ દાખલો મને લખાવો. ગણવા માટે અરધો કલાક આપો તો હું ચોક્કસ ખોટો જવાબ આપી શકું!' અથવા 'ગણિતમાં હું એટલો કાચો હતો કે "ત્રણ પેન્સમાં દોઢ માછલી મળે તો અગિયાર પેન્સમાં કેટલી" એનો દાખલો ચૌદ વર્ષની ઉમર થતાં સુધી હું ગણી શકયો નહિ' એમ એ લખે છે. 'વાંચતાં કંટાળો આવે એવાં જ પુસ્તકો નિશાળમાં વાંચવાં પડે છે. એક તો મહેતાજી આખો દિવસ આપણને ગોંધી રાખે, અને એવાં પુસ્તકો વાંચવાં! એટલું જ નહિ પણ આપણે કાંઇ ભૂલી જઈએ તો ઉપરથી તડી પડે! એના કરતાં જેલમાં જવું સારું. ત્યાં બહુ બહુ તો શરીર પર સીતમ ગુજારવામાં આવે, પણ ભેજું તો બચે ને?' શૉને મન નિશાળોનો ઉપયોગ એટલો જ હતો કે 'છોકરાંઓને આખો દિવસ નિશાળે મોકલવાથી માબાપની હેરાનગતિ દૂર થાય, માસ્તરોને ગુજરાન કરવા માટે ધંધો મળે અને સંસ્થાના સંચાલકોને ફાયદો થાય!'

આમ, નિશાળમાં મળતું નિર્જીવ અને કૃત્રિમ શિક્ષણ શૉને ગમ્યું નહિ, છતાં ય એણે ઘેર વાચન ચાલુ રાખ્યું હતું. નાનપણમાં જ એ મોટાભાગનું બાઇબલ વાંચી ગયો બનિયનનું Pilgrim's Progress, ને ડિકન્સની નવલકથાઓ એ ખૂબ રસથી વાંચતો. ડિકન્સની A Tale of Two Cities, Great Expectations અને Little Dorrit વિષે તે લખે છે:...they oppressed my imagination most fearfully, so real were they to me.'

ઉમરનાં દસ વર્ષ પૂરાં થયાં ત્યાર પહેલાં જ એણે બાઇબલ અને શેક્સ્પીઅર વાંચી નાખ્યાં હતાં! સંગીતસાધના તો હમેશાં ચાલુ જ રહેતી. એનાં મા સારું ગાઈ શકતાં, ઘરમાં પિયાનો હતો અને પ્રખ્યાત સંગીતકારોની કૃતિઓના 'સ્વરલેખ' (scores) પણ હતા, એટલે કોઇ શિક્ષકની મદદ વગર જ શૉએ સંગીતનો અભ્યાસ શરૂ કર્યો. તે સિવાય વખત મળે ત્યારે એ પ્રખ્યાત ચિત્રસંગ્રહાલયોમાં જઈ ત્યાંનાં ચિત્રો જોઈ આવતો. આ ચિત્રનિરીક્ષણ એણે એટલી નિષ્ઠાથી કર્યું કે આગળ જતાં ચિત્ર જોઈને જ એનો ચિત્રકાર કોણ હશે, ચિત્ર સાચું હશે કે નકલ (fake)–એ શા કહી શકતો! નાનપણમાં જ એણે સંગીતપ્રધાન નાટકો (operas) જોયાં હતાં. નાટકોની એને અજબ મોહિની લાગી. અને આમ, સંગીત, ચિત્રકળા અને નાટકોની પ્રેરણાથી એ કલ્પનાના રાજ્યમાં નાનપણથી જ વિહરવા માંડયો.



આ અભ્યાસથી શૉની બુદ્ધિનો વિકાસ થયો અને એ સ્વતંત્ર રીતે વિચાર કરતાં શીખ્યો. એને તો મળે ત્યાંથી જ્ઞાન મેળવવું હતું. "ઍડમ એવો અનાડી હતો કે જ્ઞાન મેળવવાની એનામાં તાલાવેલી ન હતી, એટલું જ નહિ પણ એને ઈવને લોભમાં પાડી જ્ઞાનવૃક્ષનું ફળ એને ચખાડવું પડયું" એ વાત જ શૉને ગળે ઊતરતી ન હતી. પોતે એ નંદનવનમાં હોત તો 'કોઇના આગ્રહની રાહ જોયા વગર જ બધાં જ્ઞાનફળ ખાધાં હોત' એમ એ લખે છે. દર રાત્રે સૂતાં પહેલાં ઇશ્વર-પ્રાર્થના કરવાની એને ટેવ હતી. એક દિવસ વિચાર આવ્યો, 'આજે પ્રાર્થના નહિ કરું તો?' વિચાર અમલમાં મૂક્યો. બીજે દિવસે થોડી અસ્વસ્થતા અનુભવી. 'આત્માનો અવાજ આ તો નહિ' એમ લાગ્યું ત્રીજે દિવસે એ અસ્વસ્થતા ઓછી થઈ અને પ્રાર્થના ભુલાઈ આમ પ્રાર્થના પરનો વિશ્વાસ ઊડી ગયો એ સારું જ થયું. કેમકે હવે શૉને પોતાનો જ આધાર મેળવવાનો અને સાચવવાનો હતો. તત્ત્વનિષ્ઠા અને નીતિપ્રેમ હવે એના મનમાં અન્તઃસ્ફૂર્ત થયાં.



નીચે: ડાબી બાજુથી (૧) કુમાર વયે આયર્લાંડમાં; (૨) તરુણ શૉ: આયર્લાંડના જમીન-દલાલને ત્યાંની નોકરી અને પગારની બઢતી છોડીને, અભ્યાસ વધારવાની અને જીવન જોગવવાની અવનવી આકાંક્ષાઓ લઇ લંડન આવેલો દરિદ્ર શૉ; (૩) લંડનમાં: માની આવક પર નભતો, બ્રિટિશ મ્યૂઝિયમની લાયબ્રેરીમાં અહોરાત્ર અભ્યાસરત રહેતો અને નવલકથા તથા છાપાંઓમાં લખી લખીને ૯ વરસમાં માત્ર ૬ પૌંડ કમાએલો યુવાન શૉ. ઉપર: ત્રીસ-પાંત્રીસની વયે, અભ્યાસી બુદ્ધિના ચમક દાખવતી આંખો તથા સુંદર લાલ દાઢીવાળો શૉ હવે નાટકો સંગીત અને કલાનો તેજસ્વી વિવેચક અને ફેબિયન સોસાયટીનો અથાક સમાજવાદી કાર્યકર તથા વ્યાખ્યાતા બન્યો હતો.

ઘરની આર્થિક પરિસ્થિતિ આ બૌદ્ધિક વિકાસ અકુંઠિત ચલાવવા દે એવી હતી નહિ. નોકરી કરી પૈસા મેળવવાની આકરી ફરજ એને માથે પડી. લાગવગથી એક જમીન-દલાલને ત્યાં નોકરી તો મળી. પરંતુ પોતાના અભિપ્રાયોની બને તેટલી જાહેરાત કરવાની એની ટેવથી ઑફિસના વડા ખળભળી ઊઠ્યા! આ કામમાં શૉએ એવી સુંદર પ્રગતિ સાધી કે એના પગારમાં ક્રમેક્રમે વધારો કરવામાં આવ્યો: એટલી હદ સુધી, કે આમાંથી નાસી નહિ છૂટીએ તો આખી જિંદગી નોકરીમાં ગાળવી પડશે એવો એના મનમાં વિચાર આવ્યો! ને તરત જ, લોકો શું કહેશે, આગળ નિર્વાહ કેમ ચાલશે, એની દરકાર કર્યા વિના જ શૉએ રાજીનામું આપી દીધું! પિતાને લાગ્યું કે છોકરાને બીજે નોકરી મેળવવામાં મદદગાર થાય એવું પ્રમાણપત્ર મેળવી લીધું હોય તો સારું. એમણે એ મેળવી લીધું; પણ દીકરાને એથી ગુસ્સો કેમ ચડ્યો એ તેઓ સમજી શક્યા નહિ. ૧૮૭૬માં આ વાત બની. આયર્લાંડ છોડી ઈંગ્લાંડ આવવાનો શૉનો નિશ્ચય હતો. એક બૅગમાં પોતાનો બધો સરસામાન ભરી શૉ લંડન આવ્યો જ્યાં પતિ જોડે ન ફાવવાથી એનાં માતા આવી વસ્યાં હતાં.

શૉ લંડન આવ્યો. એક બૅગમાં જ એની મૂડી-મિલ્કત હતી એમ મેં લખ્યું ખરું. પણ એના મગજમાં જે સ્વપ્નાં—આકાંક્ષા હતાં તેનું વર્ણન કોણ કરી શકે? પોતાની અપૂર્ણતાનો એને પૂરેપૂરો ખ્યાલ હતો; દરિદ્ર અવસ્થાનું પૂરેપૂરું ભાન હતું; લંડનમાં પોતાને કોઇ ઓળખતું નથી એ ખબર હતી. છતાં એને લંડનને જીતવું હતું. એને માટે ભગીરથ પ્રયત્ન કરવાની એની તૈયારી હતી. નિષ્ફળ જવાની બીક પણ હતી. એટલે એણે લંડનમાં વિકટ સાધના આદરી.

માની આવક અઠવાડિયે એક પાઉંડ જેટલી હતી. લોકોને સંગીતના પાઠ આપવાથી એમાં ઉમેરો થતો. શૉ નોકરી કરી કુટુંબને સહાય કરશે એવી અપેક્ષા હતી. પણ ભાઈ પૈસા કમાવા આવ્યા ન હતા. એ તો આયર્લાંડમાં મળતા જ હતા. અહીં અભ્યાસ વધારે વિશાળ કરવો હતો, મનુષ્યસ્વભાવને વિશેષ નિરખવો હતો. એટલે વાચન અને લેખનપ્રવૃત્તિ તરફ ધ્યાન આપવાનું એણે નક્કી કર્યું. વાચનાલયમાં આખો દિવસ બેસી એણે વિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને

(અનુસંધાન આગળ પૃ. ૪૫૯મે)







મુક્તિ-પ્રસૂન

સંક્રાન્તિકાળના એક કોયડાની નાટિકા



લેખક

શિવકુમાર જોષી

[આ નાટક માટે તખ્તાને બે ભાગમાં વહેંચી નાખવાની જરૂર છે: એક આગળનો, એટલે કે ચાલુ તખ્તો, જે રીતનો હોય છે તે જ રીતનો; અને તેની અર્ધા ઉપરાંતની જગ્યા છોડીને અંદરના ભાગમાં ૪ા થી ૫ ફૂટ ઊંચો બીજો તખ્તો. આ બીજો તખ્તો પણ તદ્દન સ્વતંત્ર પ્રકાશયોજના અને પડદાથી સજ્જ રાખવાનો. પહેલા પ્રવેશમાં આગળનો મૂળ તખ્તો તેમજ પાછળનો તખ્તો પણ ખુલ્લો થાય છે. પાછળના તખ્તા ઉપર એક સામાન્ય કક્ષાનું બેઠકઘર-દિવાનખાનું-સજાવેલું છે. વચમાં સોફાસેટની બેવડી બેઠક અને આજુબાજુ બાકીની બે ખુરશીઓ; વચમાં બેઠા ઘાટનું એક ટેબલ; પાછળની ભીંતમાં એક દ્વાર અને જાળીવાળી એક મોટી બારી; બારી પાસે એક નાની ટ્રીપોય ઉપર ટેલીફોન.

પડદો ઊપડતાં પહેલાં એક જાતની અથડામણનું વાતાવરણ રજૂ કરતું પાર્શ્વ-સંગીત. એ સંગીત ખૂબ તીવ્ર બને કે તરત પડદો ઊપડે. તખ્તા ઉપર એ વખતે એકદમ અંધારું હોય છે અને તે જ વખતે રીવૉલ્વરના ઉપરાઉપરી ત્રણ બાર સંભળાય છે. અંધારા બેઠકખાનામાં 'ઓ બાપરે, મરી ગયો'ની એક મર્મભેદક ચીસ સંભળાય છે. કોઈ પડી જાય છે, ઢળી જાય છે. હવે આછું સ્પૉટલાઈટ રેલાવા માંડે છે. ટેબલ અને સોફાની વચમાં, ઊંધે માથે, પોલીસ અફસરના પહેરવેશમાં એક પુરુષ ઢળી પડ્યો જણાય છે. એના યુનિફૉર્મમાંથી પટ્ટો વગેરે સોફા ઉપર પડ્યું છે. પ્રકાશ એક પછી એક વસ્તુઓને ચીંધતોચીંધતો છેવટે ખુલ્લી રીવૉલ્વર હાથમાં લઈને ખુરશીની પાછળ અઢેલીને ઊભેલી ઉગ્ર સ્વરૂપવાળી યુવતિ પર સ્થિર થાય છે અને પછી ધીરેધીરે ઉપરનો આખો તખ્તો પ્રકાશિત થાય છે. પણ છેક સુધી પ્રકાશ વધુપડતો તેજસ્વી ન થતાં કાંઇક ધુંધવાએલો લાગે તે ઇચ્છનીય છે.]

કલ્યાણી : આહ! આખરે તારે માટે જે યોગ્ય હતું તે જ થયું. [ખૂબ ઉશ્કેરાટમાં એકબે આંટા મારીને, થોડો વિચાર કરવા થંભી જઇને, ટેલીફોન પાસે પહોંચે છે. રીસીવર ઉપાડીને નંબર માગતાં] કલકત્તા One, double zero, one. Yes, please...હલ્લો! ક્યાંથી બોલો છો? લાલબજાર પોલીસ સ્ટેશન કે? હં, જરા ઑફિસર-ઇનચાર્જને ફોન આપશો?...હલ્લો ઑફિસર!...આપ કોણ?...સબ ઇન્સ્પેક્ટર મિ. મુકર્જી? હાં; જુઓ, હું કલ્યાણી, કલ્યાણી મજુમદાર...હું બાઉબજાર અને ચિત્તરંજન ઍવન્યુના ક્રૉસિંગ પાસેથી, નિર્મલ લોહિયા લેનના નં. ૧૨વાળા મકાનમાંથી બોલું છું...આપ અહીં આવશો?...હા, ખૂબ જ અગત્યનું કામ છે. હા, અત્યારે જ...અહીં એક ખૂન થયું છે. ખૂન...હા, હા, ખૂન...ખૂની? ખૂની અહીં હાજર જ છે; હું પોતે જ...હું...હું કલ્યાણી પોતે જ. Please, start immediately.

[રીસીવર સ્ટૅન્ડ ઉપર મૂકી દઇ લોથ થઇને ખુરશી ઉપર પડે છે; માથે હાથ દઇને બેસે છે. થોડી વાર માટે પેલા ઢળી પડેલા પુરુષ તરફ તિરસ્કારભરી દૃષ્ટિ ફેંકે છે. એટલામાં બહારની બાજુ સીડી ચડીને માણસો ઉપર આવતા લાગે છે. બહાર ગભરાટ તથા ગરબડાટથી એકજાતનું આતુરતાનું વાતાવરણ સરજાય છે.]

એક જણ : (બહારથી) આ જ-આ જ ઓરડામાંથી પિસ્તોલ ફૂટવાનો અવાજ આવ્યો.

બીજો : અંદર કોણ હશે?

ત્રીજો : (બારણાં ખખડાવતો) એ, બારણાં ખોલો, બારણાં ખોલો!

[ઉશ્કેરાટમાં આંટા મારતી કલ્યાણી તિરસ્કારથી હસે છે.]

કલ્યાણી : હં. હવે આવી પહોંચ્યા—કાયરોની જમાત...

બહારથી ચાલુ અવાજો : કોણ છે અંદર? નક્કી કોઈ ચોર ડાકૂ ઘૂસી ગયો હશે. (એકી સાથે) બારણાં ખોલો! બારણાં ખોલો!

એક : અલ્યા, બારીએથી પડતું મૂકીને ભાગી ન જાય. ચારે બાજુ ફરી વળો. (બંધ બારી ઉઘાડી નાખવા પ્રયત્ન કરે છે.)

બીજો : પોલીસને ખબર આપો, પોલીસને...

કલ્યાણી : (અંદરથી બારણું સહેજ ખોલીને, ખુલ્લી રીવૉલ્વર હાથમાં રાખીને ટોળા સામે ઊભી રહે છે) કાંઈ જ જરૂર નથી. મેં ખબર આપી જ છે. ચાલ્યા જાઓ અહીંથી; અહીં કોઇનું કામ નથી.

ટોળામાંથી : બાપ રે! સાક્ષાત્ ચંડી!

કલ્યાણી : હા, ચંડી જ છું; ખબરદાર કોઈ આગળ વધ્યું છે તો.

ટોળામાંથી : અલ્યા ગભરાવ છો શું? જુઓ તો ખરા અંદર શું છે તે?

કલ્યાણી : જોવા જેવું ખાસ કાંઇ નથી. જુઓ, પેલા સદ્‌ગૃહસ્થ.

[બારણું પૂરું ખોલી નાખે છે એવા જ ચાર પાંચ જણ અંદર ધસી આવે છે.]

એક જણ : (ચીસ પાડીને ભાગે છે) ઓ મા રે! ખૂન! ખૂન!!

[બહાર 'શું છે' 'શું છે'ના અવાજો]

બીજો : ઓ મા દુર્ગા! મા દુર્ગા! રક્ષા કરો! (એમ બોલતો, આવ્યો હતો તે જ ઝડપે બહાર ચાલ્યો જાય છે.)

ત્રીજો : ઉલ્કાપાત! ખૂન! ખૂન!

[કલ્યાણી ટોળાની બરાબર સામે તખ્તાને બીજે ખૂણે સ્થિરતાથી ઊભી રહે છે. અંદર અ.વેલાઓમાં ગુસપુસ વાતો શરૂ થાય છે–બહાર રહેલા પણ અંદર સૂર પુરાવે છે.]

એક જણ: ખુલ્લી પિસ્તોલ છે; આગળ ગયા તો મર્યા જ સમજજો.

બીજો: ઓ રે, આ ભદ્રલોકોના પાડામાં આ શો હત્યાકાંડ!

ત્રીજો: અરે પકડો એ રાં...ને, ને સોંપી દો પોલીસને.

[નીચે પોલીસવાન આવીને ઊભી રહે છે ને તેમાંથી પોલીસના માણસો ઊતરીને સીડી ચડીને આવતા સંભળાય છે.]

બહારના ટોળામાંથી: પોલીસવાન આવી પહોંચી. અલ્યા ભાગો, નહિતર આપણે ક્યાંક ઠાલા ઝડપાઈશું.

અંદરના ટોળામાં ગુસપુસ: દેખાતી તો કેવી ભદ્ર મહિલા! પણ અત્યારનું એનું રૂપ તો જુઓ!

એક: પગલી હશે પગલી!

બીજો: કહો ન કહો, પણ દાળમાં કાંઈક કાળું છે.

ત્રીજો: ખરેખર પોલીસ તો આવી પહોંચી. આ ચંડી ખરું જ કહેતી હતી. એણે જ પોલીસને ખબર આપી હશે.

બહારથી પોલીસનો અવાજ: દૂર હટો, એઇ દૂર હટો! યહાં કોઈ તમાશા નહિ હૈ.

[અંદરને બહારનું ટોળું ખસી જતું હોય છે. થોડા માણસો ટીખળથી બારી પાસે અને બારણા પાસે ઊભા રહે છે.]

ટોળામાંથી: સંભાળજો સાબ, ખુલ્લી રીવૉલ્વર લઈને ઊભી છે.

મિ. મુકર્જી: (પ્રવેશ કરતાં) ફિકર નહિ. તમે અહીંથી ખસી જાવ તો.

કલ્યાણી: અંદર બહુ માણસોની જરૂર નથી. હું મારી મેળે જ તમારી સાથે પોલીસ સ્ટેશને આવવા તૈયાર છું. ને લ્યો આ રીવૉલ્વર.

મિ. મુકર્જી: પણ તમારે અહીં જ સ્ટેટમેન્ટ આપવું પડશે. હવાલદાર નથ્થુસિંહ, તમે ડાયરી લખવી શરૂ કરો.

નથ્થુસિંહ: જી સા'બ. (ડાયરી લખવા બેસે છે) બોલો બાઇ, તમે કોણ છો?

કલ્યાણી: મારે કાંઇ જ કહેવાનું નથી. અત્યારે માત્ર હું ખૂની ઓરત છું; તેથી વિશેષ કાંઈ નહિ.

મિ. મુકર્જી: (મુર્દા તરફ દૃષ્ટિ નાખીને) અરે, પણ આ તો કોઇ પોલીસ અફસર જણાય છે. અને આ રીવૉલ્વર પણ સોફા પર પડેલા એમના પટ્ટામાંથી કાઢી લીધી જણાય છે. આ બધી વસ્તુ-સ્થિતિની નોંધ લ્યો, હવાલદાર, અને રામરાય, તમે ફોન કરીને મેડિકલ કૉલેજમાંથી ઍમ્બ્યુલન્સ કાર મંગાવીને શબને ઇન્કવેસ્ટ માટે લઇ જાઓ. (નથ્થુસિંહને શબ બતાવતાં) તમે આમને ઓળખો છો, હવાલદાર?

નથ્થુસિંહ: (થોડો વખત જોઇને) ના, સા'બ; આ તો કોઇ અજાણ્યા ઑફિસર જણાય છે. (મુર્દાને ભીંત તરફ ફેરવતાં) અરે સા'બ જુઓ તો, બરાબર નાક અને કપાળની વચમાં જ ગોળી વાગી છે! ખોપરી પણ તૂટી ગઈ છે! મોં બિલકુલ ઓળખાય તેવું નથી રહ્યું.

કલ્યાણી: (વ્યંગમાં) ઑફિસર! પોલીસ ઑફિસર!! હં, ગમે તેમ, પણ મને ટાઢક વળી. હં, પણ મિ. મુકર્જી, તમારે હાથકડી નાખવી હોય તો નાખી શકો છો: જોકે નાસી જવાની મારી બિલકુલ મુરાદ નથી.

એક પોલીસ: સાવ નઠોર જણાય છે આ તો? કાંઇ શરમ છે?

કલ્યાણી: શરમ? કોની શરમ?

મિ. મુકર્જી: નાહક ભાંજગડ ન કરો. નથ્થુસિંહ, અમે ગુનેગારને લઇને થાણા પર જઈએ છીએ. તમે, આખો ઓરડો બરાબર તપાસી ઝીણીઝીણી દરેક બાબતની વિગતો એકઠી કરી રીપોર્ટ પેશ કરો.

[પોલીસથી દોરવાતી કલ્યાણી ઓરડાની બહાર નીકળે છે. રસ્તો કરી આપતા હોય તેમ બહારના લોકોમાંથી:]

એક: રસ્તો મૂકો યાર, રસ્તો મૂકો.

બીજો: શો રૂઆબ છે!


ત્રીજો: મોટું પરાક્રમ કર્યું જાણે!

ચોથો: કહો ન કહો, પણ લાગે છે ખમીરવાળી.

પાંચમો: છાપાવાળાને હવે એક નવો ખોરાક મળ્યો.

છઠ્ઠો: હા રે કાલે સેન્સેશનલ હેડિંગ આવ્યું જાણો.

અર્ધ મત્સ્યેન્દ્રાસન



શરીર મન અને જ્ઞાનતંતુને એકી સાથે સ્વસ્થ રાખતી યોગાસનોની વ્યાયામ પદ્ધતિ. હપતો: ૯

મહાન યોગી મત્સ્યેન્દ્રે આ આસન સિદ્ધ કરેલું હતું, એટલે એમનું નામ આ આસનને મળેલું છે. એ આખું યે કરવું મુશ્કેલ છે, એટલે સામાન્ય રીતે અર્ધું આસન કરાય છે, અને તેથી તેનું નામ પણ અર્ધ મત્સ્યેન્દ્રાસન છે.

અત્યાર સુધી જે કર્યાં તેના કરતાં હવે આવતાં આસનો મુશ્કેલ છે. પણ ધીરજથી દરરોજ આસનો કરવાથી તે આવડી જાય છે.

પગ લાંબા કરીને આસન ઉપર બેસો. હવે ડાબો પગ વાળીને એની એડી ગુદાની ઉપરના ભાગમાં આવે તેમ મૂકો. આવી રીતે એડી ગોઠવાશે એટલે ડાબા પગનું તળિયું જમણાં પગની જાંઘને અડીને રહેશે. પછી જમણા પગને ઢીંચણમાંથી વાળીને ડાબા સાથળ આગળ મૂકો. આ આસનનો મુખ્ય હેતુ કરોડ વાળવાનો છે. આવી રીતે પગ ગોઠવવા એ એની પૂર્વ-તૈયારી થઈ.

હવે જમણા પગના ઢીંચણ ઉપર ડાબા હાથની બગલનો ભાગ મૂકી, આખા દેહને જમણી બાજુએ વાળી, ડાબા હાથથી પગને પકડો. જે દિશામાં શરીર વાળ્યું હોય તે દિશામાં ડોક ને માથું પણ વાળવાં જોઇએ. આસન દરમ્યાન છાતી વળી જવી જોઇએ નહિ.

આ પછી, જેમ ડાબા પગથી શરૂ કર્યું હતું તેમ જમણા પગથી શરૂ કરી આખી ક્રિયા કરો. શરૂઆત ચાર પાંચ સેકન્ડથી કરી, વધારેમાં વધારે એક મિનિટ સુધી આ આસન રાખવું.

આ આસનથી જૂની કબજિયાત અને જૂનું અજીર્ણ મટે છે, અને પેટના આંતરિક અવયવો નીરોગી તથા તાકાતવાળા થાય છે.

દાસુભાઇ શુકલ



[ધીરેધીરે લોકોમાં કોલાહલ બંધ થાય છે. નથ્થુસિંહ ઓરડાની વિગતો ઝીણવટથી તપાસી રહ્યો છે. રામરાય ફોન પાસે જાય છે અને રીસીવર ઉપાડે છે. અંધારું થાય છે અને મુખ્ય પડદા પાછળનો બે ફૂટને અંતરે આવેલો સફેદ કે કોઈ પણ આછા રંગનો પડદો ખેંચાય છે.]

[થોડી વાર પછી વળી પાછો એની એ જગ્યાએ ધીરેધીરે પ્રકાશ વધવા માંડે છે ને કોર્ટના પહેરવેશમાં ત્રણ જુનિયર વકીલો પ્રવેશ કરે છે. પાછળ કોર્ટનું ધમાલસૂચક વાતાવરણ.]

મિ. મૈત્ર (વકીલ નં. ૧): મિ. ચૅટરજી ! આજે તમારો કેસ ન હોય તો ચાલો જસ્ટીસ ઘોષાલની કોર્ટમાં એક interesing case છે.

મિ. ચૅટરજી (વકીલ નં. ૨): કયો, પેલો કલ્યાણી મજુમદાર વાળો ને ? ખરી છે એ પણ. પોલીસ કોર્ટમાં એણે બિલકુલ સ્ટેટમેન્ટ જ ન કર્યું : કહે કે મારે જે કાંઇ કહેવાનું છે તે હું સેશન્સમાં કહીશ. મારે તો જરૂર આવવું છે.

પણ...ખેર ! અસીલ માંદો છે કહીને તારીખ પડાવી લઉં.

મિ. બોઝ (વકીલ નં. ૩): (મોટાઇ બતાવવા પૂરતો બોલી નાંખે છે) તો તો મારે પણ date લેવી પડશે.

વકીલ નં. ૧: (આશ્ચર્યમાં) કેમ, કેસ છે તમારે ? ત્યારે અસીલોએ તમારે ત્યાં આવવાની શુભ શરૂઆત કરી કે ! અભિનંદન !

૨: પ્રૅક્ટીસ શરૂ કર્યે કેટલાં વર્ષ થયાં ? મિ. બોઝ (હસે છે.)

૩: એક દિવસ તમારી મશ્કરીનો જવાબ હું જરૂર આપીશ. રાસબિહારી ઘોષ કે ચિત્તરંજન દાસ એક દિવસમાં નહોતા થયા.

૧: Oh, I'm very sorry, my dear સવાઇ-ચિત્તરંજનદાસ !

૨: Hurry, hurry, it's already eleven thirty...

[ત્રણે ચાલ્યા જાય છે ને ધીરેધીરે સફેદ પડદો ઊચકાય છે. પાછળના ઉપરના ઊંચા તખ્તાને એક લાલ પડદાથી કરચોળીઓ પાડીને ઢાંકી દેવામાં આવ્યો છે. આગળના તખ્તાની બરાબર મધ્યમાં કાંઇક ઊંચું ન્યાયાધીશનું આસન છે. ન્યાયાધીશની જમણી બાજુ શિરસ્તેદારનું ટેબલ તથા ખુરશી, એની બાજુ એ કોર્ટ ટાઇપિસ્ટનું સ્થાન,—ને તેથી આગળ લગભગ તખ્તાની છેક જમણી બાજુએ ગુનેગાર માટેનું જાળીવાળું પાંજરું. ન્યાયાધીશની સામે મોટું ટેબલ. તેની ડાબી તરફ જ્યૂરીનું સ્થાન. પ્રેક્ષકોને બેસવા માટે પાટલી સામાન્ય સેશન્સ કોર્ટમાં હોય છે તે રીતની વ્યવસ્થા. પ્રકાશ, એકસ્પૉટલાઇટ ન્યાયધીશના મુખ ઉપર પડે તે રીતે, ને બીજું ગુનેગાર ઉપર પડે તે રીતે ગોઠવવો. ફૂટ લાઇટથી સામાન્ય પ્રકાશ આખા સ્ટેજ ઉપર પથરાઇ રહે તે રીતે યોજના કરવી. એક સ્પૉટલાઈટ ન્યાયાધીશના શિર ઉપર જ ગોઠવવી. ન્યાયાધીશની રાહ જોવાતી હોય તેવું આતુરતાનું વાતાવરણ. પ્રેક્ષકો અંદર અંદર ગુસપુસ કરે છે, ત્યાં ડાબી તરફથી દંડ સાથે ચપરાસી પ્રવેશે છે અને પાછળ વયોવૃદ્ધ ન્યાયાધીશ મિ. ઘોષાલ દૃઢ પગલે પ્રવેશે છે. કોર્ટમાં સન્નાટો ફેલાઈ જાય છે. ચપરાસી સિસકારો બોલાવે છે અને આખી કોર્ટ ઊભી થઈ જાય છે.]

જ૦ ઘોષાલ: (પોતાનું સ્થાન લેતાં) મિ. ગાંગુલી, પહેલો કેસ ?

શિરસ્તેદાર: વેસ્ટબેંગાલ સ્ટેટ વિરુદ્ધ મિસ કલ્યાણી મજુમદાર.

જ૦ ઘોષાલ: મિ. સેન, તમારો કેસ તૈયાર છે કે ?

પબ્લિક પ્રોસિક્યુટર મિ. સેન: યસ, મીલૉર્ડ.

જ૦ ઘોષાલ: આરોપીને હાજર કરો.

[વિખરેલા વાળને અંબોડામાં વાળેલી અને શરીરે શાલ ઓઢેલી કલ્યાણીને સબ ઈન્સ્પેક્ટર મુકર્જી દોરીને પાંજરમાં બેસાડે છે. તરત જ કોર્ટમાં ગુસપુસ અવાજો શરૂ થાય છે અવાજ ખૂબ વધી જતાં...]

જ૦ ઘોષાલ: ઑર્ડર, ઑર્ડર ! હં. બચાવપક્ષે વકીલ કોણ છે ?

કલ્યાણી: વકીલ ? મારે કોઈ વકીલની જરૂર નથી. મારે જે કાંઈ કહેવાનું છે તે સીધુંસાદું છે. આડુંઅવળું મારે કંઈ ગોઠવવાનું નથી, એટલે વકીલની મારે જરૂર નથી.

જ૦ ઘોષાલ: એમ ! એમ ! તો મિ. સેન, તમે તમારો કેસ રજૂ કરી શકો છો.

મિ. સેન: [ઊભા થઇને] યસ, મીલોર્ડ ! (ખોંખારો ખાઇને) મીલોર્ડ ઍન્ડ જેન્ટલમેન ઑવ ધ જ્યુરી ! તમારી સમક્ષ આજે બાઈ ઊભી છે—કલ્યાણી મજુમદાર, તેની સામે નીચે મુજબનું તહોમતનામું—

કલ્યાણી: (વચમાં) તહોમતનામું ? મારી સામે !

મિ. સેન: વચમાં અવાજ નહિ.

જ૦ ઘોષાલ: ઑર્ડર, ઑર્ડર.

મિ. સેન (આગળ વાંચતાં): આજથી એક માસ ઉપર એટલે કે તાં. ૨૨મી જુલાઇ ૧૯૫૦ને શનિવારે રાત્રે સાડા નવ વાગ્યે લાલબજાર પોલીસ સ્ટેશન ઉપર ફોન આવ્યો...

કલ્યાણી: (કાંઈક કંટાળેલા અવાજે) ટૂંકામાં પતાવશો મિ. સેન ! તમારે એમ જ કહેવાનું છે ને કે મેં પોતે....

મિ. સેન: બધું જ વિધિસર અને કાયદા તથા વ્યવસ્થાની દૃષ્ટિએ થવું ઘટતું હશે તે રીતે થશે.... (જુઓ પૃ ૪૪૬મે)

આપણી રમતો

લેખક · વાસુદેવ ભટ્ટ

કુદરતે આપણામાં રમતની વૃત્તિ ન મૂકી હોત તો આપણી શી દશા થાત? દિવેલિયાં ડાચાં, ભદ્દાં શરીર અને મુડદાલ ગતિવાળી માનવજાતિ કેવી લાગત તેની કલ્પના કરી શકો છો? રમૂજ-વૃત્તિથી દિવેલિયાં ડાચાં દૂર કરી શકાત, અંગમહેનતથી ભદ્દાં શરીર સુધારી શકાત, પણ મુડદાલ ગતિ કેવી રીતે પ્રાણવાન થાત? માની લો કે એ કરવાની પણ કંઇ તરકીબ મળી રહેત. છતાં પણ સુદૃઢ શરીરની તરવરતી ગતિની સાથે કિલ્લોલથી કલકલ થતું મેદાન ક્યાંયે જોવા મળત ખરું? કાયાનું કૌશલ, પ્રાણનો થનગનાટ ને મનનો ઉલ્લાસ રમત સિવાય બીજી કઇ રીતે એકસામટો બહાર આવત?

અને એટલે જ કુદરતે આપણને રમતવૃત્તિની ભેટ આપી છે. એનો લાભ ઉઠાવીને માનવીએ અવનવી રમતો શોધી છે. દુનિયાના કોઇ પણ ભાગમાં જઈને જુઓ, અને તમને ત્યાં કોઈ ને કોઇ રમત જોવાની મળશે જ. રમતવૃત્તિમાંથી ઉદ્ભવતી એ પ્રવૃત્તિ એ દેશની ભૌગોલિક, આર્થિક અને સામાજિક પરિસ્થિતિને અનુરૂપ એ દેશની સંસ્કૃતિને શોભે એવું સ્વરૂપ ધારણ કરે છે.

દુનિયાના દરેક દેશે જે કર્યું છે તે આપણે–આપણા દેશે–પણ કર્યું છે. આપણા દેશની પરિસ્થિતિ અને જરૂરિયાતને અનુરૂપ જ આપણે ત્યાં આપણી રમતો ઉદ્ભવી છે ને વિકાસ પામી છે. હુતુતુ, ખોખો, આટાપાટા, ગિલ્લીદંડા, ગેડીદડા વગેરે રમતો આપણા દેશની ધરતીમાંથી ઊગીને આપણા દેશને સોહાવી ચેતન-પલ્લવિત કરી રહી છે. એ આપણી રાષ્ટ્રીય રમતો છે.

પણ 'રાષ્ટ્રીય રમતો'ની વાત આવે છે કે તરત જ એક જાતનો ઝગડો ઊભો થાય છે. એક બાજુ દેશ અને દેશનું અભિમાન ઊભું થાય છે તો બીજી બાજુ પરદેશ અને પરદેશે ઊભાં કરેલાં આકર્ષણો સામાં થાય છે. એક બાજુ હુતુતુ, ખોખો અને ગિલ્લીદંડા ઊભા છે, તો તેની સામે વૉલીબૉલ, ફૂટબૉલ અને ક્રિકેટ મોજૂદ છે. સવાલ થાય છે કે શું પસંદ કરવું? આ? કે પેલું?–કે બન્ને?– કે શું?

જો એ પસંદગીનું કાંઈ ધોરણ મળે તો પસંદગી સરળ થઈ પડે.

આપણે પોશાક કયો પહેરીએ છીએ? આજે વાદળી હાફ-પૅન્ટ ને ધોળું હાફ શર્ટ, એણે આપણા પોશાકમાં–અને આપણા માનસમાં–એવું સ્થાન લીધું છે કે તે પરદેશી પોશાક છે એ વાત ભાગ્યે જ આપણા ધ્યાનમાં આવશે.

એ પોશાક આપણે ત્યાં પેસી તો ગયો. હવે, જો આપણે ખરેખરા સ્વદેશાભિમાની હોઇએ તો, તેને હાંકી કાઢવો જ રહ્યો એમ કહેનારા ઘણા મળશે. તો વળી એમ કહેનારા પણ ઘણા મળશે કે તમને એ પોશાક સામે વાંધો શો છે? અને એ વાત વ્યાજબી પણ છે. શું પોશાક કે શું રમત, એ દેશી છે કે પરદેશી એમ જોવાને બદલે એમાં સારું શું છે ને ખરાબ શું છે એ જોઇએ તો શારીરિક હલનચલનમાં અનુકૂળ ને આર્થિક દૃષ્ટિએ પોસાય તેવો હાફ-પૅન્ટ ને હાફ-શર્ટનો પોશાક કેમ ન પહેરવો? અને ગરમીમાં બફાતા હોવા છતાં કોટ-પાટલૂન-ટાઈનો ખર્ચાળ પોશાક શા માટે પહેરવો? ટૂંકમાં, આપણને જરૂરી, અનુકૂળ ને પોસાય તેવું હોય તે આપણું.

આ જ ધોરણ રમતોને લાગુ પાડીએ. દેશી રમતો આપણને અનુકૂળ છે અને પોસાય તેવી છે તેથી જ તેમની હયાતી છે. જરૂરી છે કે કેમ તે આપણે વિચારવાનું. ગયા અંકોમાં આપણે કેટલીક રમતો જોઇ ગયા. અને તેમ કરતાં આપણને તેનાં મૂલ્યનો ખ્યાલ પણ આવ્યો છે. તેમનું મૂલ્ય તેમને જરૂરી બનાવે જ છે. વાત માત્ર એટલી જ છે કે તેમને તેમનાં મૂલ્ય પ્રમાણે અગત્ય નથી મળી.

હવે પરદેશી રમતો જોઇએ. પરદેશી રમતોમાં ક્રિકેટ, ટેનિસ, ફૂટબૉલ, હૉકી એ રમતોએ આપણું ધ્યાન ખેંચેલું છે જ. વૉલીબૉલે ધ્યાન ખેંચવાનું શરૂ કરી દીધું છે. બાસ્કેટ-બૉલ, બેઈઝબૉલ વગેરે હજી બિલકુલ શરૂઆતની દશામાં જ છે. આ બધી રમતોને આપણે ઉપર જણાવેલા ધોરણથી ચકાસી જોવાનો પ્રયત્ન કરીએ તો કાંઈક નવી જ બાબતો પ્રકાશમાં આવવાનો સંભવ છે. ફૂટબૉલ જેવી મર્દાનગી ભરેલી અને ઓછામાં ઓછી ખર્ચાળ રમતને આવકારવા સામે ભાગ્યે જ કાંઇ કહેવા જેવું છે. હૉકી એ ફૂટબૉલ કરતાં જરાક વધારે ખર્ચાળ ગણાય, છતાં ન પોસાય તેટલી ખર્ચાળ તો નથી જ; ને રમત તરીકે તેની કિંમત કાંઈ ઓછી નથી. પણ આ બન્ને રમતોમાં મેદાન ખૂબ મોટું જોઈએ. પણ નાના સરખા મેદાનમાં રમાય એવી રમત તે વૉલીબૉલ. ખર્ચ બહુ નહિ. અને રમત તરીકે તેનું મૂલ્ય પણ સારું. આ બધી રમતો આપણે રમતા થયા છીએ એમાં કાંઈ ખોટું નથી. અને બાસ્કેટ-બૉલ ને બેઈઝ બૉલ જેવી રમતો પણ આપણે જમાવવા માંડીએ તો એમાં કાંઈ ખોટું નહિ ગણાય.

પણ ક્રિકેટની સામે થોડુંક કહેવું પડે તેમ છે. મૂલ્યના પ્રમાણમાં અગત્ય આપવાની હોય તો ક્રિકેટને અગત્ય મળે તેમ નથી. અંગ્રેજ લોકો આપણી ઉપર રાજ્ય કરતા હતા તેથી તેમણે એ રમતને આપણી ઉપર એવી રીતે ઠસાવી છે કે આપણે તેને, તે ખરેખર છે તેના કરતાં જરા મોટી જોઈએ છીએ. આપણી ઉપર અમેરિકનો રાજ્ય કરતા હોત તો આજે આપણે બેઈઝ-બૉલને આપણી રાષ્ટ્રીય રમત તરીકે માનતા થઈ ગયા હોત.

એ તો ઠીક; પણ ક્રિકેટ પાછળ જે ખર્ચ થાય છે ને તેના બદલામાં જે સંખ્યાને જે લાભ થાય છે તે જોવા જતાં તેનું સ્થાન બહુ ઊંચું નથી. રમત તરીકે તેની કિંમત લગભગ ગિલ્લીદંડા જેટલી છે. ખર્ચની દૃષ્ટિએ આપણા દેશને, દેશ તરીકે, તે પોસાય તેમ નથી. છતાં તેણે આજે કેટલું મોટું સ્થાન લીધું છે તે આપણે સહુ જાણીએ છીએ. જો કે રમત તરીકે તેની કિંમત ગિલ્લીદંડા જેટલી તો છે જ; એટલે ખર્ચની દૃષ્ટિએ જેમને આજે તે પોસાય તેમ હોય તેઓ (અને વખત જતાં આપણા આખા રાષ્ટ્રને પોસાય તેમ થાય તો આપણું આખું રાષ્ટ્ર) તે રમત રમે તેમાં કાંઇ ખોટુ નથી.

ટેનિસ પણ વ્યક્તિગત રીતે જે રમી શકે તેમ હોય તેઓ રમે. વ્યક્તિગત કૌશલ માટે ઓછી સંખ્યામાં પણ રમી શકાય તેવી રમત તેના સિવાય બીજી કોઈ આજે તો દેખાતી નથી. બાકી ખર્ચના પ્રમાણમાં લાભ ઓછી વ્યક્તિઓને મળશે એટલું જ.

પરદેશી રમતો 'આપણી રમતો' જરૂર થઈ શકે; પણ તેમ કરતાં પહેલાં તેમને આપણા 'કસોટી-પત્થર' ઉપર ચકાસી જોવી જોઇએ. અને તે માટે તેમનું વિગતવાર મૂલ્યાંકન કરવું જોઈએ. દેશી રમતો જોઇ ગયા તેમ એ રમતો જોઇ જવી જોઇએ. તે હવે કોઈ વાર.

છેલ્લે એક વાત ફરીથી કહેવાની જરૂર લાગે છે, કે દેશી રમતોને તેમનાં મૂલ્ય પ્રમાણે અગત્ય નથી મળી તે મળવી જોઈએ. તે અપાવવી તે આપણા બધાનું કાર્ય છે.

ખીજડો

લેખક
પ્રો. જયંતીલાલ ઓઝા



વિજયાદશમીને દિવસે જેનું પૂજન કરવાનો રિવાજ આપણે ત્યાં ઘણા પ્રાચીન કાળથી પ્રચલિત છે તે આ વૃક્ષને 'શમી' કે 'સમી', 'સગડી' તેમજ 'ખીજડી' પણ કહે છે. સંસ્કૃત તેમજ મરાઠીમાં તેને 'શમી', હિંદીમાં 'છાકર' કે 'છાંકર' તથા 'સમી' ને કચ્છીમાં 'કંડો' તેમજ 'સમરી' કહે છે. તેનું શાસ્ત્રીય નામ 'પ્રોસોપિસ સ્પિસિજેરા' (Prosopis spicigera, Linn.).

હિંદભરમાં હિંદુઓ ખીજડાને પવિત્ર વૃક્ષ ગણે છે. મહાભારતના વિરાટપર્વમાં ઉલ્લેખ છે કે પાંચ પાંડવો જ્યારે છૂપા વેશે વિરાટનગરીમાં પ્રવેશેલા, ત્યારે તેમણે પોતાનાં હથિયારો 'શમી' વૃક્ષ ઉપર સંતાડેલાં. ત્યાં એ હથિયારોનું સર્પમાં રૂપાંતર થએલું, અને પાંડવો પાછા આવ્યા ત્યાં સુધી એને કોઈ અડી શક્યું નહિ. વિજયાદશમીને દિવસે અર્જુને એ હથિયારો ઉતારી દુર્યોધનના લશ્કરને હરાવેલું.

ખીજડો પંજાબ, રજપૂતાના, ગુજરાત, બુંદેલખંડ, બલુચિસ્તાન, સિંધ, અફઘાનિસ્તાન અને ઇરાનનું વતની છે. તેનું ઝાડ ૩૦થી ૬૦ ફીટ ઊંચું ઊગે છે. તેનું મુખ્ય મૂળ જમીનમાં ઘણું ઊંડું જાય છે. તેની છાલ ભૂરી ને ખરબચડી હોય છે અને તે પર ચીરા હોય છે. શાખાઓ નીચે ઢળતી, પાતળી અને લીસી હોય છે, અને તે પર છૂટાછવાયા, લગભગ સીધા, ૧/૪થી ૧/૨ ઇંચ લાંબા, ભૂરા કાંટા હોય છે. પાન સંયુક્ત, દ્વિભગ્ન અને આંતરે આવેલાં હોય છે. પાનની મુખ્ય દાંડી પર નાનાં પાનની બે જોડી હોય છે. એ ૧થી ૩ ઇંચ લાંબાં સામસામાં ગોઠવાએલાં હોય છે. ઘણી વાર તેની મધ્યશિરા પર ગોળ મઠ્ઠા હોય છે. એ દરેક નાનું પાન વધુ નાનાં પાનનું બનેલું હોય છે, જે ૭થી ૧૨નાં જોડકાંમાં, ૧/૮થી ૫/૮ ઇંચ લાંબાં અને ૧/૮થી ૩/૮ ઇંચ પહોળાં, લંબગોળ અને સૂક્ષ્મ અણીદાર ટોચવાળાં હોય છે. તેની બંને સપાટી લીસી ને આછી લીલી હોય છે.

ડિસેમ્બરથી માર્ચ સુધી ખીજડાને ફૂલો આવે છે. તે નાનાં, પીળાં, અને શાખાઓને છેડે સમૂહમાં આવેલાં હોય છે. ફૂલસમૂહ ધારણ કરતી શાખાને ટૂંકી દાંડી હોય છે; ફૂલમાં વજ્રની પાંચ પાંખડીઓ એકબીજી સાથે જોડાઇને પ્યાલી આકારની બને છે. વજ્રની પ્યાલી પર પાંચ દાંતા હોય છે. ફૂલમણિને પાંચ પીળી પાંખડીઓ હોય છે.

ખીજડો શિંબીવર્ગની વનસ્પતિ છે. તેનું ફળ-શીંગ ૪થી ૮ ઇંચ લાંબી, સીધી, પાતળી, નળીઆકાર અને લીસી હોય છે. તે રંગે પીળી ને સૂકાય ત્યારે ભૂરી થાય છે. તેમાં ભૂરો ખાવાલાયક પદાર્થ હોય છે, અને ૧૦થી ૧૫, આછાં ભૂરાં, લીસાં, લંબગોળ બીજ હોય છે. ખીજડો બીજ વડે ઉગાડવામાં આવે છે તેના ઝાડને જમીનની સપાટી બરોબર કાપી નાખે તો તેની ફૂટ પણ સરસ રીતે નીકળે છે.

યજ્ઞમાં ખીજડાનાં સૂકાં ડાંખળાંનો સમિધ તરીકે થતો ઉપયોગ જાણીતો છે. તેનાં પાન ગણપતિપૂજનમાં ખાસ વપરાય છે. તેનાં ફૂલ મહાદેવ અને દુર્ગાને ચડાવવામાં આવે છે. શ્રીવલ્લભાચાર્યજીની બેઠકો ખીજડાના ઝાડ નીચે આવેલી હોય છે. વળી ખીજડાના ઝાડમાં ભૂતનો વાસ હોવાની માન્યતા પણ કેટલાક લોકોમાં હોય છે; આથી ઘણા લોકો ખીજડાને કાપતા નથી, એટલું જ નહિ પરંતુ તેને નૈવેદ્ય ધરી તેનું પૂજન કરે છે. સૌરાષ્ટ્રમાં કેટલીક જગ્યાએ ભરવાડ લોકો લગ્નપ્રસંગે વપરાતો માણેકથંભ ખીજડાના લાકડાનો બનાવે છે.

ખીજડામાંથી બાવળના ગુંદર જેવો ગુંદર મળે છે. તેની છાલ ચામડાં રંગવામાં વપરાય છે. છાલમાંથી ટૂંકા મજબૂત રેસા મળે છે અને તેનાં દોરીદોરડાં બને છે. તેની શીંગ તેમજ છાલ ખાવાના ઉપયોગમાં લેવાય છે અને શીંગનું શાક પણ થાય છે. શીંગો તેમજ પાન ઊંટ, બકરાં, ઘેટાં તેમજ ભેંસોને ચારા તરીકે અપાય છે.

ખીજડાનું લાકડું મજબૂત અને કઠણ, પરંતુ ઓછું ટકાઉ હોય છે. તેના એક ઘનફૂટનું વજન ૫૮ રતલ થાય છે. તેનો ઉપયોગ ગાડાં, કૂવાનાં ચક્કર, ફર્નિચર અને ખેતીનાં ઓજારો બનાવવામાં થાય છે. બળતણ તરીકે ખીજડાનું લાકડું બહુ સારું ગણાય છે. તેમાંથી કોલસા પણ સારા બને છે, પરંતુ બળતી વખતે તેમાંથી તણખા ઘણા ઊડે છે.

આયુર્વેદમાં ખીજડાનાં સર્વ અંગ ઉપયોગી ગણાય છે. તેની છાલ તીખી, કડવી, શીતળ, કૃમિનાશક અને પૌષ્ટિક મનાય છે. તે કોઢ, મરડો, ખાંસી, દમ, અર્શ, સ્નાયુઓની ધ્રુજારી, ભ્રમ વગેરે મટાડે છે. ખીજડાનાં પાનમાં પણ છાલ જેવા ગુણ હોય છે. તેની શીંગ તીક્ષ્ણ અને ઉષ્ણ ગણાય છે. તે પિત્તકારક ને નખ તથા વાળને નુકસાન કરે છે. પંજાબમાં ખીજડાની શીંગ બાધક ગણાય છે.


મધ્ય પ્રાંતમાં ખીજડાની છાલ સંધિવામાં વપરાય છે. તેનાં ફૂલનો ભૂકો કરી સાકર સાથે મેળવી સ્ત્રીઓને પ્રસૂતિમાં કસુવાવડ સામે તકેદારી તરીકે આપવામાં આવે છે. વળી તે સાકર સાથે પ્રમેહમાં પણ અપાય છે. ફૂલની રાખ ચામડી પર, વાળ નાબૂદ કરવા માટે ઘસવામાં આવે છે. ખીજડા પર થતા મઠ્ઠા બાધક ગણાય છે ને તે સંગ્રહણી તથા પ્રમેહમાં વપરાય છે. તેનો સ્વાદ તૂરો હોય છે.

સુશ્રુત તેમજ યોગરત્નાકર સર્પદંશના ઉપાય માટે ખીજડાનો ઉપયોગ સૂચવે છે અને સુશ્રુતે તો ખીજડાની છાલ વીંછીના દંશ માટે પણ ઉપયોગી ગણી છે; પરંતુ કાયસ અને મહસ્કરના સંશોધન પ્રમાણે ખીજડાનાં બધાં અંગો સર્પદંશ ઉપર તેમજ છાલ વીંછીના ઝેર ઉપર બીનઅસરકારક જણાયાં છે.

ખીજડાની એક બીજી જાત થાય છે તેને 'બેઠી ખીજડી' કહે છે. તેનું શાસ્ત્રીય નામ 'પ્રોસોપિસ સ્ટેફેનિયાના' (Prosopis Stephaniana, Kunth.).

રુધિરાભિસરણ

એટલે શરીરમાં લોહીનું ફરવું



શરીરને ફંવેફંવે લોહી પહોંચાડતી રુધિરવાહિનીઓ

- મોં ઉપર મુક્કો વાગવાથી, યા તો બોચી ઉપર મૂઢ માર વાગતાં માનવી તમ્મર ખાઇ ભોંય કેમ પડે છે?
- ટીકા કે વખાણ સાંભળતાં મોં ઉપર લાલી કેમ તરી આવે છે?
- ખાધા પછી વાંચતી વખતે ઊંઘ કેમ આવે છે?
- ગરમીથી તપેલા શરીરમાં પરસેવો શાથી છૂટે છે?

આ બધું રુધિરાભિસરણની
ક્રિયાથી થાય છે. કે જેમાં—

- આપણા શરીરમાં પથરાએલી બાર હજાર માઇલ લાંબી રુધિરનળીઓ કામ કરે છેઃ અને તે દ્વારા—
- અરધી મિનિટ જેટલા સમયમાં તો, લોહીનું એક ટીપું હૃદયમાંથી નીકળી, છેક પગની આંગળીના ટેરવા સુધી ફરી આવી, પાછું હૃદયમાં આવે છે.

એ અદ્ભુત ક્રિયા સમજાવતો આ લેખ જરા અઘરો લાગે તોપણ જરૂર વાંચજો

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

શહેરમાં નળ દ્વારા ઘેરઘેર પાણી પહોંચાડવાની વ્યવસ્થા ને યોજના જેવી જ શરીરના અણુએ અણુને લોહીમાં તરબોળ કરવાની રુધિરાભિસરણની ક્રિયા છે. પાણીની ટાંકીમાંથી મોટો નળ નીકળે છે, તેમાંથી વળી નાનાનાના નળો જોડીને છેક ઘરની અંદર નળ નાખવામાં આવે છે, ને આ રીતે શહેરના ખૂણેખૂણે પાણી પૂરું પાડવામાં આવે છે. આ જ પ્રમાણે લોહીની ટાંકી રૂપી હૃદયમાંથી મહાધમની (Aorta) નીકળે છે. વડના થડમાંથી ડાળીઓ ફૂટે છે અને ફેલાય છે એવી રીતે એ મહાધમનીમાંથી શાખા જેવી ધમનીઓ (Arteries) શરીરના જુદાજુદા ભાગોમાં સર્વત્ર ફેલાએલી છે ધમનીઓમાંથી અનેકાનેક પ્રશાખાઓ નીકળે છે, જેને નાની ધમનીઓ (Arterioles) કહે છે. અને એ નાની ધમની જ્યારે માંસપેશીઓ કે અવયવોમાં પ્રવેશે છે ત્યારે તે બારીક ધમનીઓમાં પરિણમે છે. એનું નામ કેશવાહિનીઓ (Capillaries).

પરંતુ આ 'કેશવાહિની'નામ પણ તેની ખરી સૂક્ષ્મતાનો ખ્યાલ આપવાને બસ નથી. કારણકે માણસના પાતળામાં પાતળા વાળ કરતાં પણ તે પચાસમા ભાગની પાતળી હોય છે! લોહીકણો તેમાંથી એક પછી એક હારબંધ પસાર થઇ શકે એટલી ૧/૩૦૦૦ ઇંચ તેની પહોળાઇ છે. વળી એ દરેક કેશવાહિનીની લંબાઈ પણ ટૂંકી, ફક્ત ૧/૫૦ ઇંચ જેટલી. પરંતુ તેની સંખ્યા નિરવધિ! ચામડીના એક ચોરસ ઇંચમાં દસ હજાર કેશવાહિનીઓ હોય છે! તેને આપણે નજરે તો દેખી જ શકતા નથી. માત્ર આંગળી ઉપર ઘા પડે ત્યારે હજારો કેશવાહિનીઓ તૂટે છે અને લોહીનું ટીપું પડે છે.

ધમની એ માંસપેશીની નળી છે. તેમાં માંસપેશીના તંતુઓ ગોળાકારે ગોઠવાયા હોય છે. એ તંતુઓ એક પછી એક એવા જોડનાર તંતુઓ (Connective Tissues)ના થરોથી પુષ્ટ બનેલા હોય છે. આ થરો વળી સ્થિતિસ્થાપક તંતુઓ (Elastic Tissues)થી જોડાએલા હોય છે. શરીરની મોટી ધમનીઓ જેવી કે મહાધમની, ગળું, ખભા અને હાથપગમાં આવેલી ધમનીઓ વગેરેમાં એ સ્થિતિસ્થાપક તંતુઓ વધુ પ્રમાણમાં હોય છે. ધમની નાની થાય તેમ તેના સ્થિતિસ્થાપક તંતુઓ ઓછા થાય અને માંસપેશીના તંતુઓ વધે. આથી


લોહીનો પ્રવાહ સરળ રીતે અને સતત વહે છે. કેશવાહિનીઓમાં માંસપેશી કે સ્થિતિસ્થાપક તંતુઓ નથી હોતા, પણ તે એપીથેલિયલ કોષોની પાતળી દીવાલની બનેલી છે.

અને આ ધમનીઓ કંઈ રબ્બરની નળી જેવો નિર્જિવ પદાર્થ નથી, પરંતુ દેહના 'જીવન' માટેની ક્રિયાઓમાં સક્રિય ભાગ લેનાર તેમજ શરીરના સ્વાસ્થ્ય અને ચલન માટે અતિ ઉપયોગી એવું અંગ છે. એમના પોષણ માટે દરેક ધમનીને જુદી-જુદી નાની ધમનીઓ હોય છે, એને વાઝા વાઝોરમ (Vasa Vasorum) કહે છે. વળી તેમની પહોળાઇ અને સંકોચનનું નિયંત્રણ કરવા માટે અતિ અટપટું એવું જ્ઞાનતંતુઓનું તંત્ર પણ હોય છે.

હૃદયના અને નાડીના ધબકારા જોઈને વિજ્ઞાનદૃષ્ટિવાળાઓનું ધ્યાન તે વિષે વધારે જાણવા તો ઘણાં વર્ષો થયાં દોરાયું હશે. પણ રુધિરાભિસરણની ક્રિયા સંપૂર્ણ વૈજ્ઞાનિક રીતે તો ઇ. સ. ૧૬૨૮માં વિલિયમ હાર્વે નામના અંગ્રેજ દાક્તરે જગત સમક્ષ રજૂ કરી. હૃદય તેની માંસપેશીઓના બનેલા પમ્પથી, ધમનીઓ અને કેશવાહિનીઓમાં લોહી ધક્કેલે છે. ડાબા રુધિરાશયમાંથી લોહી સેકન્ડના બે ફૂટના વેગથી નીકળે છે. ધમનીઓમાં સ્થિતિસ્થાપક તંતુઓ હોવાથી તેની દીવાલો લોહી આવતાં પહોળી થાય છે; પણ ધમનીઓની માંસપેશીઓ લોહીના જથ્થાના દબાણથી પ્રત્યાઘાત પામતી હોય તેમ, લોહી પસાર થાય કે તરત જ પાછી આપોઆપ સંકોચાય છે. આમ ધમનીઓમાં નિયમિત ને નિરંતર લોહીનો પ્રવાહ વહે છે.

ધમનીઓની શાખા-પ્રશાખાઓ બહુ હોવાથી, લોહીના પ્રવાહનું ક્ષેત્ર પહોળું અને વિસ્તૃત બને છે. આથી લોહીના પ્રવાહનો વેગ શરીરમાં આગળ વધતાં ધીમો પડતો જાય છે અને કેશવાહિનીઓમાં આવતાં સુધીમાં તો તે અતિ મંદ બને છે. રુધિરાશયમાંથી નીકળતી વખતના સેકન્ડના બે ફૂટના વેગ કરતાં ૬૦૦મા ભાગનો વેગ ત્યાં થઈ જાય છે. એ કેશવાહિનીઓમાં લોહીનો પ્રવાહ એક સેકન્ડ સુધી રહે છે. આ એક સેકન્ડ અતિ મહત્ત્વની છે, કેમકે કેશવાહિનીઓમાંના એ એક સેકન્ડના ભ્રમણ દરમ્યાન જ લોહી પોષણ આપવાની તથા જીવનતત્ત્વમાં સતત ચાલી રહેલા રાસાયણિક પરિવર્તન (જીવનતત્ત્વમાં રહેલા પદાર્થોનાં ગ્રંથન અને ભસ્મીકરણ Metabolism)ની ક્રિયાઓ કરે છે. આ ક્રિયા દરમ્યાન લોહી કેશવાહિનીઓની દીવાલની તડમાંથી બહાર નથી આવતું હોતું. લોહી તો ચારે કોર બંધ એવી રુધિરનળીઓમાં જ ભ્રમણ કરતું હોય છે. પણ કેશવાહિનીઓની દીવાલ અતિ પાતળી હોય છે, ને એ દીવાલ દ્વારા લોહી આસપાસના તંતુઓને પ્રાણવાયુ આપે છે તથા તંતુઓમાં પેદા થએલા કાર્બન ડાયૉ-

નીચે: શરીરમાં લોહીના ફરવાની ક્રિયા સમજાવતી આકૃતિ. એમાંનાં અવયવો, શરીરમાં છે તે રીતે હૂબહૂ નહિ. પણ ક્રિયા સમજાય તે માટે છુટાં પાડીને દર્શાવ્યા છે હૃદયમાંથી નીકળીને શરીરમાં ફરવા જતું લોહી લાલ રંગથી, અને શરીરનો કચરો લઇને પાછું ફરતું લોહી ભૂરા કાળા રંગથી દર્શાવ્યું છે. ફરવાની ક્રિયાઓ તીરના નિશાન વડે બતાવી છે. લેખમાં આપેલા વર્ણન સાથે ધીરજથી આ જોવાથી આખી ક્રિયા સમજાશે. હૃદયના ડાબા ભાગમાંથી શુદ્ધ (લાલ) લોહી ધમનીઓ વાટે ઉપર મસ્તક તરફ અને નીચે પગ તરફ જાય છે, અને ત્યાં છેક છેલ્લા બિંદુ સુધી ફરી વળી, શરીરને પ્રાણવાયુ પૂરો પાડે છે; પછી ત્યાંથી ઝેરી દ્રવ્યો એકઠાં કરી અશુદ્ધ (કાળા) રૂપે શિરાઓ દ્વારા ફરતુંફરતું તે હૃદયના જમણા ભાગમાં (કર્ણિકામાં) આવીને પડે છે. ત્યાંથી જમણા રુધિરાશયમાં થઇને ફેફસાંમાં જાય છે, જ્યાં તાજો પ્રાણવાયુ શોષી શુદ્ધ બનીને હૃદયમાં ડાબીકર્ણિકામાં આવે છે; અને ત્યાંથી, ફરી પાછી, શરીરમાં ફરવા જવાની ક્રિયા શરૂ થાય છે. પગ તરફથી પાછું ફરતું અશુદ્ધ લોહી હૃદય ભણી આવતાં વચ્ચે ગુરદાઓમાંથી પસાર થઇને થોડી અશુદ્ધિઓ ત્યાં સાફ કરતું આવે છે. એ જ રીતે હોજરી અને આંતરડાંમાંથી પાછું ફરતું અશુદ્ધ લોહી યકૃત (કલેજા)માંથી પસાર થઇને થોડું શુદ્ધ થતું આવે છે.



કસાઇડને સ્વીકારે છે. આ સાથે રક્તજલ પણ બહાર આવે છે. એમાં પોષણ દ્રવ્યો ઉપરાંત રોગોત્પાદક જીવાણુઓના હુમલા સામે શરીરને સંરક્ષનારા શ્વેત કણો પણ હોય છે. તંતુઓમાં ઉત્પન્ન થએલાં વ્યય અને વિષદ્રવ્યો કેશવાહિનીઓની દીવાલો દ્વારા પાછા અંદર શોષાઇને લોહીના પ્રવાહમાં ભળે છે. કેશવાહિનીઓના લોહીના એ પ્રવાહમાં લોહીકણો વચમાં અને રક્તજલ બાજુએ હોય છે. આ બધું બારીક ને અટપટું પણ ચોક્કસ કાર્ય આપણા અંકુશ કે ખ્યાલ વગર, રાત અને દિવસ, સતત ચાલ્યા જ કરે છે. લોહીના અભિસરણની આ અદ્ભુત ક્રિયાનો જરા ખ્યાલ તો કરી જુઓ!

કોષોનાં વ્યય ને વિષદ્રવ્યો લઈ જવા માટે વળી જુદી જ રુધિરનળીઓ (Blood Vessels) છે. આ કામ શિરાઓ (Veins) ઉપાડે છે એ શિરાઓનાં ભૂંગળાં પણ ધમનીની સાથોસાથ જ સર્વત્ર પથરાએલાં છે. દરેક ધમનીની સાથોસાથ શિરા પણ હોય જ છે.

શિરા કરતાં ધમનીની દીવાલ જાડી. પરંતુ શિરાની દીવાલ ભલે પાતળી, પણ તેનું મોં ધમની કરતાં પહોળું. દીવાલની સ્થિતિસ્થાપકતા ઓછી હોવાને કારણે શિરા ખાલી હોય ત્યારે સંકોચાએલી રહે છે, જ્યારે ધમની તેમ નથી રહેતી. ધમની કરતાં શિરાઓનું કાર્ય અજાયબ છે. માણસ ઘણુંખરું ઊભી સ્થિતિમાં રહે છે. આથી ધમનીઓને તો લોહીનો પ્રવાહ નીચે લઇ જવો સુગમતા ભર્યો છે. પણ શિરાઓને તો નીચેથી લોહી ઊંચે હૃદયમાં લાવવાનું હોય છે. તેને ગુરુત્વાકર્ષણ બળનો સામનો કરવાનો હોય છે. શિરાની દીવાલમાં ચીકટ રેષાદાર તંતુઓ (Fibrous Tissues) હોવાથી તે ધમની કરતાં પણ મજબૂત છે. વળી શિરાઓમાં એવા પડદા પણ હોય છે કે જેના બંધ થવાથી ઊંચે જતું લોહી પાછું પડતું નથી. મુખ્ય શિરાઓ માંસપેશીઓના થરની વચમાં ગોઠવાએલી હોય છે. આથી માંસપેશીઓ સંકોચાય ને ટૂંકી થાય ત્યારે શિરાઓ દબાય. પછી પેલા પડદાઓને લીધે લોહી પાછું નથી જતું હોતું પણ એમ દબાયાથી આગળ અને ઊંચે જાય છે.

શિરાઓ

!શરાઓનું કાર્ય અશુદ્ધ લોહી હૃદયમાં લાવવાનું છે. નાની નાની શિરાઓ મોટી શિરાઓમાં ભળી, છેવટે હૃદયમાં ઊઘડે છે. શરીરના નીચલા ભાગનું અશુદ્ધ લોહી હૃદય ભણી આવતાં વચમાં ગુરદા (Kidney)માં પસાર થાય છે, જ્યાં લોહીમાં સમાએલાં વિષ અને વ્યય દ્રવ્યો (Nitrogenous Products) દૂર થાય છે. આવી રીતે શુદ્ધ થએલું, છતાં અશુદ્ધ રહેલું લોહી અધાઃ મહાશિરા (Inferior Vena Cava)માં ઠલવાય છે. આંતરડાં અને હોજરીનું અશુદ્ધ લોહી શિરાઓ દ્વારા કલેજામાં જાય છે, જ્યાં શિરા કેશવાહિનીઓમાં પથરાઈ ગએલી હોય. તે વળી પાછી એકઠી મળી, યાકૃતિ શિરા (Portal Vein) બની, અધાઃ મહાશિરામાં જઇ મળે છે મગજ, ગરદન, ધડ અને શરીરના ઉપલા ભાગનું અશુદ્ધ લોહી શિરાઓ દ્વારા વહેતું વહેતું ઉત્તરા મહાશિરા (Superior Ven:a Cava)માં મળે છે. અને પછી અધાઃ મહાશિરા અને ઉત્તરા મહાશિરાઓનું અશુદ્ધ લોહી જમણી કર્ણિકામાં ઠલવાય છે. આમ, લોહી હૃદયમાંથી નીકળી, ધમનીઓ અને નાની ધમનીઓ દ્વારા આખા શરીરમાં ભ્રમણ કરી, કેશવાહિનીઓ દ્વારા દેહના અણુઅણુને એ જીવન-જળથી તરબોળ કરે છે; અને ત્યાંથી ઝેરી વાયુઓ તથા વિષ અને વ્યયનાં દ્રવ્યોથી અશુદ્ધ બનેલું લોહી શિરાઓ દ્વારા હૃદયમાં પાછું આવે છે. આ થયું દેહાંગ (Systemic) રુધિરાભિસરણ.

પણ આ ઉપરાંત એક બીજું નાનું ફુફ્ફુસાભિસરણ પણ છે. આ સમજવા માટે હૃદયનું કાર્ય જાણવું જરૂરી છે. શરીરનું અશુદ્ધ લોહી બે મોટી શિરાઓ દ્વારા, ઘડીભર માટે પહોળી થએલી જમણી કર્ણિકામાં આવે છે. કર્ણિકા ભરાઈ જાય એટલે રુધિરાશયના પડદા ખુલે છે, ને લોહી જમણા રુધિરાશયમાં આવે છે. આનું સંકોચન થવાથી પૅરેશૂટ પડદા બંધ થાય છે અને સાથોસાથ ફુફ્ફુસધરા-ધમનીમાં લોહી દાખલ થતાં અર્ધ ચંદ્રાકાર પડદાઓ ખુલે છે. અહીં એક મહત્ત્વનો ફેરફાર નજરે પડે છે. આખા શરીરની બધી જ ધમનીમાં શુદ્ધ લોહી વહેતું હોય છે, પણ આ ફુફ્ફુસધરા ધમની એકલી જ અશુદ્ધ લોહી જમણા રુધિરાશયમાંથી ફેફસાંઓમાં લઈ જાય છે. ફેફસાંઓની પાતળી દીવાલોના જાળામાં એ અશુદ્ધ કાળું લોહી પોતામાંનો કાર્બન ડાયૉક્સાઈડ બહાર ફેંકી દઇ, શ્વાસમાં પુરાયેલી હવામાંનો પ્રાણવાયુ શોષી લઈ, શુદ્ધ બને છે. આ આપ-લેની ક્રિયામાં એક સેકન્ડ સમય વીતે છે.

શુદ્ધબનેલું લોહી ફુફ્ફુસધરા-શિરા દ્વારા ડાબી કર્ણિકામાં પ્રવેશે છે. શરીરમાં આ એકજ શિરા એવી છે કે જે શુદ્ધ લોહી લઈ જાય છે. એ કર્ણિકા ભરાઈ જતાં ફરી પડદા ખુલે છે અને ડાબુ રુધિરાશય ભરાય છે. સેકન્ડના વિભાગોમાં ડાબું રુધિરાશય સંકોચાય છે અને ત્રણ ઔંસ જેટલું લોહી મહાધમનીમાં ધકેલાય છે. મહાધમની એ ડાબા રુધિરાશયમાંથી જ ઉગમ પામે છે. મહાધમનીમાં લોહીનું દબાણ રુધિરાશય કરતાં વધવાથી તેમની વચ્ચે આવેલા અર્ધ ચંદ્રાકાર પડદા બંધ થાય છે. રક્તવર્ણા શુદ્ધ લોહીને વહી જતી ધમનીઓમાં મહાધમની (Caroted Artery) પહોળામાં પહોળી છે. આ સ્રોતમાંથી શુદ્ધ લોહી, ધમનીઓ નાની ધમનીએ અને છેવટે બારીક કેશવાહિનીઓમાં જઇ દેહનાં રૂંવે રૂંવે પહોંચે છે.

લોહીનું આ બધું ભ્રમણ શરીરમાં આશ્ચર્યજનક ઝડપથી થાય છે. હૃદયમાં તો લોહીનું ભ્રમણ દોઢ સેકન્ડમાં પૂરું થાય છે. હૃદય ફેફસાં અને હૃદયના રુધિરાભિસરણમાં પાંચથી સાત સેકન્ડ વીતે છે. પણ દેહાંગ રુધિરાભિસરણમાં વ્યતીત થતો સમય લોહીના જથ્થાના પ્રવાહ ઉપર તથા તે જે માર્ગ ગ્રહણ કરે તે ઉપર અવલંબે છે. શરીરમાંની અસંખ્ય ધમનીઓની લંબાઇમાં ફેરફારો હોવાથી લોહીના બિંદુના ફરી વળવાનો સમય પણ જુદે જુદો હોય છે.

શરીરમાં લોહીના કુલ જથ્થામાંથી ૧/૨૦ ભાગ મોટી ધમનીની શાખા દ્વારા હૃદયની માંસપેશીઓમાં ફરે છે આ ટૂંકુ ભ્રમણ ત્રણથી ચાર સેકન્ડમાં પૂરું થાય છે. પેટ, પગ ને છેક પગની આંગળીઓમાં ફરતા લોહીના બેવડા ભ્રમણમાં અઢાર સેકન્ડ જાય છે. એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે લોહીના ટીપાને શરીરમાં ફરી વળતાં (એટલેકે ડાબા રુધિરાશયમાંથી નીકળી, આખા શરીરમાં થઈને જમણી કર્ણિકામાં આવતાં સુધીમાં) ૧/૨ અને ૧/૩ મિનિટ વચ્ચેનો સમય, એટલે કે હૃદયના પચીસથી ત્રીસ ધબકારા જેટલો સમય, લાગે છે. તાવ કે શ્રમને અંગે જ્યારે હૃદયના અને નાડીના ધબકારા વધે છે ત્યારે લોહી બેવડી ઝડપથી ભ્રમણ કરે છે. રુધિરાભિસરણ દરમ્યાન આખા દિવસમાં લોહીના કણ સરાસરી ત્રણ હજાર આંટા મારે છે.

શરીરની બધી રુધિરનળીઓ જ્ઞાનતંતુઓના નિયંત્રણ (વાઝો મોટર Vaso motor)ને તાબે છે. આ જ્ઞાનતંતુઓનું નિયમન મગજના નીચલા ભાગમાં આવેલા મેડુલા આબલોન્ગેટામાં આવેલા વાઝો મોટર સેન્ટર નામનાં બે કેન્દ્રો કરે છે. એ જ્ઞાનતંતુઓ રુધિરનળીઓની પહોળાઈ તથા સંકોચન પર કાબૂ ધરાવે છે અને આ રીતે રુધિરપ્રવાહને વ્યવસ્થિત અને નિયમિત રાખે છે. રુધિરનળીઓ શહેરની શેરીઓ જેવી છે, જે હમેશાં ભરેલી નથી રહેતી પણ તેમાંની મોટા ભાગની થોડાઘણા લોહીથી ભરાએલી રહે છે. ધમનીઓની માંસપેશીઓ સુદૃઢ સંકોચન દશામાં હોય છે. પ્રેરક જ્ઞાનતંતુઓ (Motor Nerves) ધમનીની પહોળાઇને (અનુ. પૃ. ૪૪૫મે)

તમારા આ અંકની
કોથળી પર આવો

એ લાલ સાથિયો

એ તમારું લવાજમ આ અંક સાથે પૂરું થઇ ગયાની નિશાની છે

અમારી તો ખાત્રી છે કે આજ સુધી 'કુમાર'નો સંપર્ક પામ્યા પછી આપ તેના ગ્રાહક તરીકે ચાલુ રહેવાના જ છો; કેમકે

- આજ એકધારાં સત્તાવીસ વર્ષથી સેવાતી આવતી પોતાની ભાવનાને મૂર્ત કરવા આ વર્ષે પણ 'કુમારે' ખંતભર્યો પ્રયત્ન કરીને આપને વિશુદ્ધ, સંગીન અને જીવનનો ઉત્તમ પ્રસાદ આપતું સાહિત્ય પીરસ્યું છે.
- નવી દૃષ્ટિ પ્રેરતાં અને સંસ્કારી કલાભાવનાવાળાં ચિત્રો—કોઈપણ માસિકને મુકાબલે સંખ્યા અને સંગીનતામાં ચડી જાય તેવાં ચિત્રો,—એણે એકેએક અંકમાં આપ્યાં કર્યાં છે.
- અને લેખસામગ્રીમાં તો, જગતનો એવો કોઇ મહાપુરુષ નથી, જેનો પરિચય 'કુમાર'ના વાચકોને મળે નહિ, જીવન જીવવાનો એવો કોઈ સિદ્ધાંત નથી, જેની ચર્ચા 'કુમાર'નાં પાનાં પર આવે નહિ; ભૂગોળ, ખગોળ, વિજ્ઞાન, ઇતિહાસ, કાવ્ય, સાહિત્ય, પ્રવાસ, કથા અને ગાથા—એવી અનેક સામગ્રીઓનો વિવિધ ભંડાર 'કુમાર' આપની આગળ રજૂ કરતું જ રહ્યું છે.
- આટલી વિવિધ સામગ્રી સાથે એની વેતરણપૂર્વક થતી છપાઈ, ચિત્રમયતા, રૂપવિધાન, ને રંગમયતા અજોડ રહ્યાં છે.
- આમ આ વર્ષના પોતાના પ્રયત્નને અંગે જો 'કુમાર' આપની જીવનસામગ્રીમાં સમૃદ્ધ, સંગીન, અને રસમય ઉમેરો કરવાને સફળ નીવડ્યું આપને લાગતું હોય તો, અમને ખાતરી છે કે આપ ગ્રાહક તરીકે ચાલુ રહેશો જ.
- એમ હોય તો લવાજમ વસૂલ કરવામાં બંને પક્ષની તકલીફ ઓછી કરવા માટે આપ ચોંપ રાખીને આ નીચેનું કાર્ડ **તા. ૧૫મી જાન્યુઆરી ૧૯૫૧ પહેલાં અમને મળે એ રીતે ભરી મોકલવા કૃપા કરશો?**
- **અને** ગ્રાહક ન રહેવું હોય તો પણ, કૃપા કરીને કાર્ડનો નીચેનો ભાગ ભરી મોકલશો; કે જેથી અમે વી. પી. કરવાના નાહકના ખર્ચમાં ન ઊતરીએ. એથી આપને માત્ર થોડી તકલીફ જ છે; પણ નહિતર અમારું સવા ચાર આનાનું પોસ્ટેજ એળે જશે, અને અમારો અંક ચોળાઈને પાછો આવશે.
- **છતાં, કોઇ સંજોગોમાં એ તારીખ સુધીમાં આપનો નિર્ણય નહિ મળે તો, આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવાના છો એમ સમજીને, આવતો અંક વી. પી. કરીશું તે સ્વીકારી લેવા કૃપા કરશો.**
- પરદેશનાં ગ્રાહકોને વી. પી. થઇ શકતાં નથી, માટે તેમણે પોસ્ટલ ઑર્ડર કે મનીઑર્ડરથી લવાજમ મોકલવાં.

અહીંથી ફાડો

વ્યવસ્થાપક 'કુમાર,' અમદાવાદ તા. ....

'કુમાર'ના ૧૯૫૧ના વર્ષના (જાન્યુઆરી ૧૯૫૧થી ડિસેમ્બર ૧૯૫૧ સુધીના) બાર માસના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો. એ માટેનું મારું લવાજમ [દેશમાં રૂા. ૭-૧૨-૦; પરદેશમાં રૂા. ૯-૮-૦] (૧) મનીઑર્ડરથી મોકલું છું, (૨) ચેકથી મોકલું છું, (૩) પોસ્ટલ ઑર્ડરથી મોકલું છું. (૪) તમારા એજન્ટ .... મારફત મોકલું છું. (૫) મને આવતો અંક નીચેને સરનામે વી. પી. થી મોકલી લવાજમ વસૂલ કરશો.

(ઉપરના પાંચ મુદ્દામાંથી જરૂરનો મુદ્દો રાખીને બાકીનો ભાગ છેકી નાખજો.)

નામ અને ગ્રા. નં. ....

સરનામું ....


ગામ .... પોસ્ટ .... જિલ્લો ....

ગ્રાહક ન રહેવું હોય તો નીચેનું ભરી મોકલવા કૃપા કરશો.

મારું નામ આવતા વર્ષને માટે કમી કરશો. મારો ગ્રાહક નંબર .... છે

નામ .... ગામ ....

અહીંથી ફાડો



માણસજાતનો મોંઘો મિત્ર

આખાં પ્રાણીઓમાં હાથી, ઘોડો અને કૂતરો એ સૌથી વધુ બુદ્ધિમાન, ડાહ્યાં અને વફાદાર ગણાયાં છે. તેમાં યે કૂતરાની માણસ પ્રત્યેની વફાદારી તો નિરપવાદપણે શ્રેષ્ઠ ગણાઇ છે. આપણે ત્યાં તો માત્ર, હિમાલય ગળવા ચાલેલા યુધિષ્ઠિરની પાછળપાછળ ઠેઠ સ્વર્ગ સુધી પહોંચેલા કૂતરાની એકમાત્ર પુરાણકથા જ તેની વફાદારીની ગાથાનો નહિ જેવો તંતુ સાચવી રહી છે, અને ક્યાંક ક્યાંક લોકકથાઓમાં વણઝારાના કૂતરાની વફાદારીની વાતો ડોકાય છે. એ આપણા મધ્યકાળે છૂત-અછૂતની અધોગતિએ પહોંચેલી ધર્મભાવનાનું જ કદાચ પરિણામ હશે. પણ પશ્ચિમમાં તો માણસજાતના મોંઘા મિત્ર તરીકે બિરદાવાએલું ને સદા વ્હાલસોયું બનેલું એ પ્રાણી લગભગ ઘરઘરનું સાથી બન્યું છે. આથી ત્યાં કૂતરાંની અનેકવિધ જાતો દેશપરદેશથી આણીને કેળવાય છે. એ પ્રત્યેકની ખાસિયતો, વિશિષ્ટતા અને વિવિધ ગુણધર્મો પણ હોય છે. બરફનાં તોફાનોમાં ફસાએલાં અને દટાએલાં માણસોને પોતાની તીવ્ર ઘ્રાણશક્તિથી શોધી કાઢીને અને ખોદી કાઢીને ખેંચી આણનાર કદાવર અને વફાદાર સેન્ટ બર્નાર્ડ કૂતરાથી માંડીને, એ જ અદ્ભુત વાસ-શક્તિ વડે ગમે તેવા નાઠેલા કેદીનો પણ પીછો પકડી ઘસડી આણનાર 'બ્લડ-હાઉન્ડ' સુધીની અવનવી જાતો ત્યાં થાય છે, ને તેમને કેળવાય છે તથા કેળવાય છે. આપણી પેઠે માત્ર બપોરે કે રાત્રે 'તૂ તૂ' કરી બોલાવી ગંધાતી ચાટ ઉપર જમ્યા પહેલાંની ચાનકી ખવડાવવા પૂરતું જ અસ્તિત્વ એ પ્રાણીનું ત્યાં નથી; કુટુંબનો જ જીવ હોય તેમ એ પ્રેમપૂર્વક પળાય છે. તેમની માવજત માટે તેમનાં જ ખાસ 'ડૉગ સોપ,' 'ડૉગ બિસ્કિટ' અને 'ડૉગ મેડિસીન' બનાવવા સુધીની કાળજી એ પ્રજાએ લીધી છે.

આ સામે ત્યાં પળાતાં કૂતરાંની સંખ્યાબંધ જાતો પૈકીની થોડી મુખ્ય બતાવી છે: આપણે ત્યાં 'પારિયા ડૉગ' નામથી તુચ્છકારાએલાં શેરીનાં કૂતરાં સિવાય બીજી કઈકઈ જાતનાં કૂતરાં થાય છે તેની કોઈને ભાળ છે ખરી?

સામેના ચિત્રમાં દર્શાવેલી કૂતરાની જાતોનાં નામ: મથાળેથી ડાબી બાજુથી ક્રમાનુસાર–(૧) ચાઉચાઉ, (૨) સસેક્સ સ્પૅનિયલ, (૩) ડાશન્ડ, (૪) પેકીનીઝ. (૫) સાલુકી, (૬) ફૉક્સ ટેરિયર કે 'વાયર', (૭) બુલડૉગ, (૮) કેઅર્ન ટેરિયર, (૯) આઇરિશ સેટર, (૧૦) ફૉક્સ હાઉન્ડ-લોંકડીનો શિકારી.

ન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

બાંધ ગઠરિયાં...



સુરતની મોહિની તો જોઈ. પણ મા-બાપ કંઇ યાદ આવે છે ખરાં? દીકરાનાં અહીં સાંભેલાં નીકળે, નાટકો ઈનામો જીતે, સસરાજી જમાઈ તરીકે પસંદ, એ જોવા-જાણવાનું માબાપને મન નહિ હોય? થાય, પણ શું કરે? સારું જ થયું કે હું સુરત ગયો. નહિ ભણવાનું ચુંથાઇ જાત.

પંદરથી પિસ્તાલિશ પર પહોંચ્યા પછી સાઠને પગારે ચિમનલાલની અમદાવાદ બદલી થઇ. ને કહે છે કે, જ્યારે વડોદરેથી માબાપ મદાવાદ ગયાં ત્યારે અરધું કારખાનું અમદાવાદ ઊપડયું હતું.


પહેલી રજા પડતાં જ અમદાવાદ ઊપડયો. એ જ પાછો બપોરનો ટ૮. બપોરે બેઠા કે રાતે અમદાવાદ. અગાઉથી કાગળ લખેલો, એટલે ાંજે પાંચ વાગ્યે વડોદરાને સ્ટેશને ડાભઇ, મેલભાઈ, લલ્લુરંગ, ારાર, શંકરિયો, ગુલામનબી બધા જ સ્ટેશન પર કંઈ ને કંઈ લઇને ાજર થઈ ગયા હતા. ઍન્જિનને ડાબે હાથે પેલા ટાંકીના પંપ-ઍન્જિન ર હવે ડાભઈ કામ કરતો હતો. ડાભઇ કહે કે ત્યાં ચાલો. બધા ાં હીંડયા, અને માયા-મમતાના અવતાર જેવા એ કલીમેનો અને ાયરમેનોની હંગાથે ઊમળકા ભરીભરી ચાપાણી પીધાં.

'તે બાબૂભાઇ, તમે ચેટલું ભણ્યા?'

'હેં બાબૂભઈ હવે મોટા સેઠ થઈ આવવાના કે નહિ?'

'ના, આ...તો ઓ; બાબૂભઈ તો થવાના, મોટા બાલીસ્ટર; નૈ ભૈ?'

બાબુભાઈનું મન જાણતું હતું કે કેમ ભણે છે! પણ સવાલો પૂછી ૂછી નવડાવી નાખ્યો. ગાડી ઊપડતાં પાછા ડબ્બા પાસે આવ્યા ્યાં તો 'એક દી રહી જાઓ;' અને પછી 'તાં બધાંને બોલાવજો; બાને ોલાવજો, ને મોટાશેઠને સલામ કે'જો, હં ભૈ.'ના બોલ સાથે ચેવ-ાનાં પડીકાં બંધાવ્યાં. વ્હિસલ પડી ને 'આવજો, આવજો' થઇ રહ્યું. ે અમને હંભારતા રહેજો, અમને હપૂચા ભૂલી ન જતા; બહુ મોટા ાઓ તો ય હંભારતા રહેજો.'



ત્રીસત્રીસ વરસ પહેલાં બોલાએલા એ શબ્દો કાળજે કોતરાએલા . 'મોટા' તો કોણ જાણે; અને જે થયો હઈશ તે તમારાં જતને. ણ જે છું તે, અને જ્યાં છું ત્યાં, એ જીવી અને રૂખી, બાધર અને ણછોડ, કોઇને ભૂલી શકયો નથી, ભૂલી શકીશ પણ નહિ. સુરતની ેર કદાચ ભુલાશે, પણ વડોદરાની વ્હાલપ કદી નહિ ભૂલાય.

એમના અવાજો સંભળાતા પૂરા ન થયા ત્યા તો 'ફારટ', કારખાના આગળ થઇને અમારી પેલી જૂની બંગલી પાસેથી પસાર થયો. એ કૅબિન, ઘોડા પલંગવાનો ફાટકનો એ દરવાજો, પલકારમાં પસાર થઈ ગયા. ચીસો નાખતું ઍન્જિન અમદાવાદ તરફ દોડયું જતું હતું.

અમદાવાદમાં ખાડિયામાં બાલા હનુમાન પાસે પુષ્કર્ણાની પોળમાં માબાપે એક ઘર ભાડે રાખ્યું હતું, ત્યાં મેં પહેલું અમદાવાદ જોયું. ત્યાંથી મારા બાપુજી ચાલતા રેલવે સ્ટેશનની સામી બાજુ આવેલી ઑફિસમાં નોકરીએ જાય. પ્લૅટફૉર્મ ઉપરથી પેલી બાજુ ઊતરી પડો એવા તમે એ ઑફિસમાં જ પહોંચો. આજે પણ રેલવેનું એ અંધારિયું, કહેવાતું 'ઇન્સ્ટીટયૂટ' છે. ત્યાંના કારખાનામાં તો બહુ વાર જવાનો પ્રસંગ આવ્યો નહિ, પણ એક હિંમતલાલ જોષી કરીને ડાકોર-ઉમરેઠના રહેવાસી સાથે ઓળખાણ થઈ. એ આમ તો ફાયરમૅન, એટલેકે કલીમૅનથી જરા વધારે. ત્યારે દશેક આના રોજ લેતા હશે, પણ ગુજરાતી ભાષા ઉપર કાબૂ સારો. એને 'ઑફ' હોય ત્યારે અમે ફરવા જઈએ. શહેર જોઈએ, સાબરમતીમાં થતી માછલીઓવાળી નાની છીપલીઓ રૂમાલમાં ઘેર લાવી, પાણીમાં રાખી મૂકી, માછલીઓને બહાર આવવાની રાહ જોઇએ!

એ શંટિંગમાં હોય ત્યારે એની સાથે અમે ઍન્જિન પર સાબરમતી જતા. રેલવેની ભાષામાં કહું તો એનું નામ 'હિંમતલાલ જી.' ભલે ફાયરમૅન, કાળો મસોતા જેવો લેંઘો અને શર્ટ પહેરી કે લસા નાખે, પણ 'ચન્દ્રકાન્ત'નો ગ્રન્થ એને આવડે;—એટલેકે એમાંનાં દૃષ્ટાંતો લગભગ બધાં જ મોઢે! અને વાતવાતમાં વારંવાર કહે કે 'ચન્દ્રકાન્ત' ઈચ્છારામ દેસાઈનો લખેલો ગ્રન્થ નહિ, પણ ડાકોરમાં એના—એટલેકે બંનેના—ગુરુમહારાજ છે તેની પ્રસાદી છે. ચોથો ભાગ આખો લખેલો એમની પાસે પડયો છે, એમ પણ એ કહેતો. આપણે ત્યારે પંદર-સોળ વરસના, એટલે આ ભાંજગડમાં બહુ ઊંડા ઊતરેલા નહિ. એ વખતે ગુજરાતભરમાં પંકાએલી 'મણિકાન્ત'ની ગઝલો બધી એને મોઢે:

કપૂરી પાન પૂનાનું, સમારી સાફ મેં કીધું,
કળીના કેસરી ચૂના થકી મેં ચોપડી દીધું.

ત્યાંથી શરૂઆત કરે, તે આખી 'નિર્ભાગી નિર્મળા'ની કવિતા બોલી જાય. એ ઢબ પર એણે પોતે કવિતા લખેલી, તે પણ અમે વાંચતા. આ ઉપરાંત એ વળી હસ્તરેખાઓ જોતો. ત્યારે એણે મારો હાથ જોઇને જિંદગીને સાત ભાગમાં વહેંચી, સાત સાત વર્ષનું ભવિષ્ય લખી આપ્યું હતું, ને તે મેં વર્ષો સુધી સાચવી રાખ્યું હતું એમાંની કેટલીક વાત ખરી પણ પડી ઘણી ખોટી પણ પડી. વહુ એણે મે લખી હતી, ને ભાગ્યોદય ૨૮મે વર્ષે બતાવ્યો હતો. ખરું સુખ બીજી વહુથી છે, ને એનાથી પાંચ સંતાન થવાનાં છે એમ જણાવ્યું હતું!

પોતે પાછો ફોટોગ્રાફી પણ કરતો અને અમારા કુટુંબના ફોટા પાડયા હતા. ત્યારે મેં ચશ્મા નવોસવો લીધો હતો, ને ફોટામાં

ચશ્મા તેજને લઈને બરાબર આવે નહિ એટલે ડગલાના બહારના



હિંમતલાલ ફાયરમૅન સાથે

ખિસ્સામાં અડધાં ચશ્માં બહાર દેખાય એ રીતે ગોઠવી મારો ફોટો પણ એણે પાડયો હતો. લાંબા વખત સુધી અમે પત્ર વ્યવહાર ચાલુ રાખ્યો ને એમાં એ વારવાર કવિતાઓ લખતો. મારું વાચન વધતાં એની ઘણી કવિતાઓ બીજાની જ હોવાનું જણાઇ આવેલું.

અમદાવાદમાં કંઈ બહુ ગમ્યું નહિ. અને બે કે ત્રણ જ રજાઓ ત્યાં ગાળવાની થઈ. વડોદરાના કલીમેનોમાંથી ફાયરમેનો થએલા તે અમદાવાદ ગાડી લઇ આવતા-જતા તે મળ્યા કરતા, એટલું જ. ચૌદ જ મહિનામાં ત્યાંથી પાછી બદલી થઇ. તે દરમ્યાન મારી બહેન સુમન ત્યાં ખાડિયામાં ભણી. ત્યાં એને ગોટીની શેરીમાં રહેતા રા. ઠાકોરલાલ પ્રમોદરાયની છોકરીઓ સાથે નિશાળમાં ઓળખાણ થઈ. એમના ઘરની બાજુમાં જ કેશવલાલ ધ્રુવ સાહેબ રહેતા એની મને ત્યારે કશી ખબર નહોતી.

'સિટી' એટલે 'સ્મશાન!' ઇંગ્લંડ-અમેરિકામાં સિટી એટલે ગમે તે ખ્યાલ હોય, પણ બી. બી. ઍન્ડ સી. આઈ. રેલવેના વહીવટમાં 'સિટી' એટલે 'સ્મશાન' એવો અર્થ નીકળે છે! ગુજરાતમાં જ્યાં શહેરો છે ત્યાં 'સિટી' નથી. સુરત, ભરૂચ, વલસાડ, આણંદ, અમદાવાદ 'સિટી' નથી. પણ જરા ઓછી વસતિવાળા પ્રદેશમાં ગયા કે ત્યાં 'સિટી' જોવા મળે. ક્યાંક જંકશન હોય તો એને જુદું પાડવા 'સિટી' બનાવવામાં આવે: જાણે 'સિટી'માં જંકશન હોઈ જ ન શકે! કોટા, રાજકોટ વગેરેનાં 'સિટી' જુદાં અને જંકશન જુદાં. પણ 'ગંગાપુર સિટી' અને 'હીંડોન સિટી' નામ વાંચીને જો તે જોવા ઊતરી પડયા તો રખડી મૂઆ જ સમજવા!

ગંગાપુર સિટી જયપુર સ્ટેટનું ગામ તે કોટા કરતાં ભરતપુર-આગ્રાની વધારે પાસે. સવાઈ માધોપુરથી મેલનું પહેલું મથક. ગામ સ્ટેશનથી ખાસ્સું દૂર. જેમ એ પ્રદેશમાં રેલવેને, લશ્કરી હિસાબે બંધાયલી હોવાથી, જાણી જોઇને ડરના માર્યા શહેરોથી દૂર જ દોડાવવામાં આવે છે એમ. અહીં સિટીમાં એંજિનોનો મોટો તબેલો, અને 'અરધિયાઓ' માટે પથ્થરના બાંધેલા પચાસ સાઠ બંગલા. એ બાજુ પથ્થર પુષ્કળ, એટલે કૉન્ટ્રાક્ટરોએ મફતિયા પથ્થરે એક જ બીબામાંથી તાવદાન ઊભાં કરી મૂકેલાં. ખાસ્સી પડતર જમીન અને સરંજામ સસ્તા, છતાં રેલવેનાં 'ક્વાર્ટર'નો આકાર એક જ, કદ એ જ, તકલાદીપણું સરખું જ! પછી એ ચોખ્ખું ઉત્તર દક્ષિણ કે પૂર્વ-પશ્ચિમ ગમે તેમ ઊભું કરવાનું હોય, તોપણ એમાંનાં બારી કે બારણાં જેમ મુકરર હોય તેમ જ રાખવાનાં! રેલવેના ઇજનેરોને પવન કે સૂરજ સાથે કદી વ્યવહાર હોતો જ નથી. ભલે મેરૂ ચળે, ગંગા ઊલટી વહે, સૂરજ પશ્ચિમે ઊગે, પણ જો ભીંતમાં એક જ બારી નક્કી હોય તો એમાં બે ન થઇ શકે તેમ તે અવળી દિશાએ આવતી હોય તો સવળી દિશાએ ન આવી શકે, તે ન જ આવી શકે.

'અરધિયાઓ' માટે આવા પથ્થરના 'બંગલા,' ને દેશી આદમીઓ માટે કૂસના ઝૂપડાં. ઘાસની એવી એક લાંબી ચાલ; એમાં સાત કુટુંબો રહે. બબ્બે ખંડના બ્લૉક. પહેલા બ્લૉકમાં અમારું ઘર, ને છેલ્લા બ્લૉકમાં રેલવેની નિશાળ એનું નામ 'ઍંગ્લો વર્નાક્યુલર સ્કૂલ.' અમારા ઘરથી ચાર ડગલાં દૂર સ્મશાન. છાતી સામે રેલવેનો પાટો, જરા આઘે કારખાનું, અને સ્ટેશન પાટે પાટે પોણોએક માઇલ દૂર! અમદાવાદથી બદલી થઈને 'ડિસ્ટ્રિક્ટ લોકો ઑફિસ'ના ચીફ ક્લાર્ક તરીકે મારા બાપુજી અહીં આવ્યા, અને રજાઓમાં હવે મારે અહીં આવવાનું થયું. પગાર વધ્યો, એટલે હવે સેકન્ડ ક્લાસનો પાસ મળવા લાગ્યો, અને મુસાફરી જરા ઠસ્સાથી શરૂ કરી.

પહેલી વખત ગંગાપુર ગયો ત્યારે એકલો જ ગયો. પણ બાપુજીએ સવારે રતલામ-નાગદા પર, અને બપોરે કોટા પર ચાપાણી તથા ખાવાની બધી ગોઠવણ કરાવી રાખી હતી. પંજાબ મેઇલમાં (એટલે કે આજે જે ફ્રન્ટીઅર મેઇલ કહેવાય છે તેમાં) પહેલીવારની મુસાફરીએ મન જરા મુદિત થએલું. જે ચાલે એ ચાલતો તેને 'ઘણી જ ઝડપ' ધારી ગાડીની કીર્તિ મનમાં વધાર્યા કરતો. વડોદરે ઉજાગરો વેઠીને પણ જે ધમધમાટ કરતી ગાડી જોવા બેસતો તે આ 'મેલ'.

ગંગાપુર સિટીમાં 'અરધિયાઓ'નું જ રાજ. રેલવેમાંના ગોરા-કાળાના ભેદનું મને અહીં બરાબર ભાન થયું. આ 'અરધિયા', તે નહિ પૂરા હિન્દી, નહિ પૂરા અંગ્રેજ, છતાં એમની તુમાખીનો પાર નહોતો. એમના ડૉળનો હિસાબ નહોતો. મેલા, ગંદા, ગંધાતા, અમને જોઈ સુગાતા, છાકમાં ફરતા, પોતાની જાતને ચઢિયાતી માનતા, મોટાઈમાં મરી રહેતા એ જોન્સ, ડિક, વુલ્ફ, મેલોન, ડીમેલો, ડીકુકલન, મૅગી, લૅંગ્લી, રીચાર્ડ, બધા જ સરખા. માંહોમાંહે લડે, અદેખાઈ પણ એટલી, દેવું પણ એટલું, પણ શેખીમાંથી હાથ ન કાઢે.

'કાલા આદમી'ની સામે સૌને એકસરખી સૂગ, સૌનાં નાકનાં ટીચકાં એકસરખાં ઊંચાં. એમનો રસ્તો જુદો, બંગલા અલાયદા, ટેનિસ કોર્ટ નોખાં, કૉ-ઑપરેટિવ સ્ટોર અલગ. એમનાં 'ઈન્સ્ટીટ્યૂટ'માં પગ ન મુકાય. અને એ સગવડ એમને રેલવે આપે! ત્યારે તો રેલવેમાં એમનાં કમ્પાર્ટમેન્ટ પણ જુદાં નહોતાં રહેતાં? કાઠિયાવાડની ગાડીમાં ભંગીનાં જુદાં રહેતાં હતાં તેમ!

ત્યારે મુંબાઇ આવતો મેઈલ સાંજે પાંચ વાગ્યે ગંગાપુર આવતો અને એ કહેવાતા 'સિટી'ના લોકો ત્યાં ફરવા આવતા. કોઇ બરફ લે તો કોઈ પાન લે; કોઇએ કંઈ મંગાવ્યું હોય તો તે ત્યાં લઈ, ફરી ઘેર જાય. ત્યારે આ સાહ્યબાઓ પણ પોતાની મડમડીઓને લઈને ફરવા આવતા. ઠસ્સાથી ચાલે, આગળપાછળ એમનાં કૂતરાં દોડે, અને કલાક દોઢ કલાકનો મેળો કરી પાછા જાય.

જંગલમાં સિટી, એટલે કાળા આદમીઓ પણ એમ જ કરતા. એ બાજુનાં ઘણાં સ્ટેશને જ્યાં એકબે ગાડી દોડતી હોય, ને તે જો સુભાગ્યે સાંજે પહોંચતી હોય, તો બિચારા દેશનિકાલની સજા ભોગવતા રેલવેના નોકરોનું આરામસ્થાન સ્ટેશન બનતું. બાગ કહો, સિનેમા કહો, દરિયો, ચોપાટી, બજાર, ચોક, ચબૂતરો, ચોરો જે કહેવું હોય તે કહો. એ એક સાંજનો ખેલ. છાપું ટપાલ પણ લેવાય, કોઈ ઓળખીતા મળી જાય તો ખબરઅંતર પણ પુછાય, અને નહિ તો બે નવાં મોઢાં જોવાય, એમ જીવ બહેલાવી ઘર ભેગા થતા.

બાપુજીએ દસબાર વરસ ત્યાં કાઢયાં. દરમ્યાન વરસમાં બે બે વાર તો ત્યાં જવાનું ખરું જ. ઉપરાંત લાંબી રજાઓમાં રતલામથી દિલ્હી સુધીનો આખો 'ડિસ્ટ્રિક્ટ' અમારા બાપનો. એટલે નાનપણમાં જેમ વડોદરેથી ડાકોર અને વસવામંતરીથી ડભોઈ, તેમ હવે ગંગાપુરથી દિલ્હી કે આગ્રા, ને આ બાજુ કોટા, રતલામ,

ખૂંદી વળીએ. બયાના, સિક્રી, સવાઈ માધોપુર, અને મથુરાનો ખૂણેખૂણો યાદ! ગુડ્ઝમાં જઇને મેલમાં પાછા, યા મેઈલ હાંકી જઇને પૅસેન્જરમાં પાછા, એમ ચાલ્યા જ કરે. સિટીમાં શાકભાજી-ના વાખા, એટલે ઘણીવાર તો મથુરા-આગ્રા શાક લેવા પણ ઊપડી જઇએ. માઇલે માઈલનું નદીનાળું, ગરનાળું મોટે. ને વળાંક આગળ ગાડી જરા ધીમે કરી પળ દોડાવવાની મજા પણ લીધેલી.

ખરું હતું એ ગંગાપુર સિટી. પચરંગી લોક ત્યાં એકઠું થયું હતું. કચ્છના ડૉ. વછરાજની ત્યાં હતા. કાઠિયાવાડી તો બહુ નહિ, પણ અમદાવાદ, ગોધરા, આણંદ, વડોદરાના પટેલ ભાઈઓ અને સુરત વલસાડ, તેમજ બેત્રણ ગામડેથી પણ ઘણા અહીં નોકરીએ ફેરબદલીએ ચડી આવ્યા હતા. સુરતનું પ્રમાણ વધારે હતું. બધા જ ‘લોકો’ ખાતામાં, એટલે કે ઍંજિન ખાતામાં. ટ્રાફિક ખાતામાં ફક્ત એક વાર એક માસ્તર ચડી આવેલા; બાકી એમાં બધા ભૈયાજી. આગ્રા, કાનપુર, દિલ્હી, બયાના એમ ઉત્તર હિન્દના. પણ સારા દાગીના હતા. ઇન્દોર ઉજ્જૈનનાં મહારાષ્ટ્રીય કુટુંબ પણ હતાં. અને દેશાવરમાં બધા સારી રીતે હળતા મળતા, જમણવાર કરતા, પૂજા કથા કરાવતા, અને રવિવારે, કંઇ ન હોય તો, આ બળતા પ્રદેશમાં ભાંગ ઘૂંટીઘૂંટી પીતા.

બાપુજીના પહેલા ઍસિસ્ટંટ ગણેશરાવ ભારે ભકત માણસ; પણ બીજા એક મહારાષ્ટ્રીય ભાઈ સપ્રે તો અત્યંત કુશળ મૂર્તિ; જમાનો સમજીને ચાલનાર અને અનેક ટુચકાઓનો જાણકાર. સાંજ પડયે સ્ટેશન પરથી પાછા ફરતા જિમ, જેનિંગ્સ સાથે એને કંઇ ને કંઈ ગુસપુસ કરવાની હોય જ. ઘણા વખત સુધી આ ગુસપુસ મારાથી ખાનગી રાખવામાં આવી હતી, પણ મારામાં વિશ્વાસ બેઠા પછી એણે મને કહી હતી.

એ સપ્રે દાદા ‘અરધિયાઓ’ને વ્યાજે પૈસા ધીરતો. સાંજને પહોરે અંધારું થતાં એ લેવડદેવડ ચાલતી. ધોળે દિવસે તેમ ઉઘાડી રીતે પૈસા માગતાં એમના મોભામાં ઘોબા પડે, એટલે છાનુંછપનું પતાવતા. ચોપડા કાગળ કંઈ નહિ, પણ પગારને દિવસે પગાર કર-નાર માસ્તર સાથે સારું રાખી બારોબાર મૂડી મેળવી લેતા એવા એ સાહેબો. દેવાં વધતાં ગયાં તેમ તેમના તોર પણ વધતા ગયા. ‘બ્લડી’ બોલ તો, આપણે વાતવાતમાં ‘સાળો’ શબ્દ બોલીએ છીએ એનાથી દસ ગણો, વાકયેવાકયે-કે કહી શબ્દેશબ્દે આવે! એ લોકોની ભાષા જ જુદી. હિન્દુસ્તાનીમાં તો ‘હમ જાટા હૈ. તૂ આટા હૈ? ટુમ અંઢા હૈ; બોલટા કયું નહિ; હમને ડેખા, ટુમને નહિ ડેખા; મેમ સાબકુ બોલો; બંગલે પર જાઓ; કુટ્ટેકુ લાઓ, એટલું જ. ને પછી લાંબું ન ચાલે તો ‘ટુમ બ્લડી ફૂલ હૈ’ એટલામાં બધું પતી જતું.

પણ એ તો કાલે લોકની—એમને મન ‘ફોરીન લૅંગ્વેજ;’ એટલે એ તો બરાબર. પણ એમની ‘મધર ટંગ’ પણ પૂરી પાધરી બોલે ખરા કે નહિ? આમ એમનો કોઇ પ્રાંત નહિ. મુંબાઈ, અલ્લાહાબાદ આગ્રા, ઝાંસી, ઈગતપુરી, મહુ, કાનપુર વગેરે એમનાં થાણાં. કન્યા શોધવા ત્યાં દોડે, અથવા ત્યાંથી નાનેમોટે સ્ટેશને કન્યા ફરતી ફરે. પણ ભાષા તો અંગ્રેજી બોલે ખરા કે નહિ? ના, નહિ જ.

‘હી સેઝ, બ્લડી, યૂ ગો ફોરટીન ડાઉન; આઈ સેઝ ગો ટુ હેલ, મી નૉટ ડુઈંગ નથીંગ. બ્લડીડી એલો (એટલે D.L.O. -ડિસ્ટ્રિક્ટ લોકો ઑફિસર) સૅંકશન નો બ્લડી લીવ. ઍમ ગોઇંગ બ્લડી સિક.’ એટ-લામાં વળી મડમ બહાર નીકળી યા લટકાઈ પડી તો ‘યૂ કમિંગ મેરી? ઍમ ગોઇંગ સ્ટોર; ટુ હેલ ધિસ બ્લડી સર્વીસ; ધે ગેટિંગ બડ-માસિસ; રીફ્યુઝ ટૂ નો વર્ક;’ આ એમની ભાષા.



ડયૂક ઑવ કૉનૉટ જાણે કવીન વિલ્હેમિનાને હાથ પકડી દોરવી જતો હોય તેમ, છાતી કાઢી, ઍંજિને વેરેલી કોલસીના નાના ઢગ આગળથી, મોઢેથી વ્હિસલ મારતો, મેમ સા’બને લઇ જાય. એવે ટાણે સપ્રેદાદા જે રીતે અમારી સામું જોઈ આંખ મારતો, તેમાં તો આખું એ બંનેનું જીવન-પ્રકરણ પઢાવી દેતો.

મુસાફરીમાં સપ્રેદાદા હોય ત્યારે દુહા કવિત અને કિસ્સાઓ ઉપરાંત આ અરધિયાઓના જીવનવ્યવહારના કિસ્સાઓ સંભળા-વતો. જેનિંગ્સે ઘરડી માને કાઢી મૂકી હોય, તો મૅગીએ પોતાની પરણેતર ફ્લોરાને છોડી દીધી હોય, અને બીજીને કોઇના ઘરમાંથી ભગાડી લઈ આવ્યો હોય. કોઇ વળી હિલ સ્ટેશને એમનાં બચ્ચાંઓ માટે ખાસ બંધાએલી નિશાળમાં ભણાવતી હોય ત્યાંથી કોઈની વહુના નામે પાસમાં અહીં પારકે ઘેર હવાફેર કરવા આવી હોય, તો કોઈ ઈથલ રીચલની નિરાધાર હાલતનું બયાન હોય. એકંદરે એમના જીવનમાં કારુણ્ય જ હોય.

પણ એમને કારખાનામાં જુઓ તો વાઘ; ઍંજિન પર જુઓ તો વરુ. દેશી ફાયરમૅન; કલીનર યા ઑઇલર હાથમાં આવ્યો તો પીંખી જ ખાય. ગાળો દે, ધાંટા પાડે, મારે, જીવ લે. ‘બ્લડી, સ્વાઈન, સ્ટુ-પિડ, ઇડિયટ, નીગર, ડૅમ કે બદમાશથી જ વાકય પૂરું થાય. વળી નવા શિખાઉઓ ‘સેતાનકા બચ્ચા’થી ગોળીબાર કરે.

રેલવેના પાટાની એક બાજુ એમના બધા બંગલા, બીજી બાજુ કારખાનું અને ‘બાબુજી’ઓના કવાર્ટર્સ ફકત અમારી ફુસના ઘાસની ચાલ એમની બાજુ. તે પણ એમને ખૂંચી. લખાણો કર્યાં, ઑફિસ-રોના કાન ભંભેર્યા, નાતાલમાં એમને નોતરી નશો કરાવી આવ્યા, અને કાગળિયાં ઉપર મતાં મરાવ્યાં. પણ અમે નીકળીને જઇએ કયાં? એટલે દયાળુ કંપનીએ તે બાજુ પથ્થરના કવાર્ટર્સ બંધાવી આપ્યા. અમારી નજર સામે એ ઘરો બંધાતાં હતાં, છતાં એમાં માગેલી સગવડ ન આપી તે ન જ આપી.

‘મન મેલ મિટે, તન તેજ બઢે, વો રંગભંગકા લોટા.’ એવું એક ગાયન બાલીવાલાની કંપનીમાં અસલ ગવાતું. એ ભાંગ એટલે શું એની ખરી ખૂબી, લિજ્જતને નશો અહીં ગંગાપુરમાં જાણ્યાં. એક આનામાં તો ચાનો દાબડો ભરીને સરસ નિર્ભેળ ભાંગ મળે. અને ઉનાળામાં ધોમ ધખે ત્યારે, ત્યાં ભાંગ પીવાની પ્રથા હોય એ દેખીતું છે. મથુરામાં તો પીધી હતી; ગાગર ભરીને પીનારા પણ

જોયા હતા. પણ એ તો છાસમાં પાણી નાખીને બનાવેલાં છાસડી જેવી. ભાંગની ખરી મજા અહીં પ્રમાણી.

અમારા ક્વાર્ટર્સની રખેવાળી માટે પર્વતસિંહ કરીને એક ચોકીદાર રાખ્યો હતો. સફેદ દાઢીમૂછો, અસલ રજપૂતાઇનો ખ્યાલ આપે એવાં વદન અને બદન, નશાભરી આંખો, અને અનેક તડકા-છાંયડા જોઈજોઈ કસાએલું શરીર. હાથમાં બંદૂક રાખી એ રાતે ચોકી કરતો. એનો બાપ ભરતપુરની નોકરીમાં બળવામાં લડતાં કપાએલો, અને નાના પર્વતે વીસની વયે સત્તાવનનો બળવો જોએલો, એની આછી અધૂરી વાત શગડીએ તાપતાં એ ઘણી વાર કહેતો, ત્યારે રસ પડતો. સપ્રે દાદા એને મસાલાની ગોળી આપે, અને એને ખીલવે. અને પછી એણે ફરી અનેક વિટંબણાઓ વેઠી જયપુરરાજ્યના કિલ્લે કિલ્લાના કિલ્લેદારી કરી હતી એનો પણ ઇતિહાસ એ કહેતો. મેં સ્કૉટ થોડોથોડો વાંચ્યો હતો, પણ પર્વતસિંહ તો સ્કૉટના બયાનને પણ ભુલાવે એવી જબાનથી કિલ્લાઓનાં વર્ણન કરતો. એ જયપુરી હિંદી બોલતો, મિઠાશથી મીઠું-મરચું ભભરાવતો, ને તેગ-તલવાર તથા ઢાલ-ખાંડાંના રણકાર ભાષામાં બોલાવતો. કિલ્લો, એનો દરવાજો, એનાં તાળાંકૂંચી, એની નક્કરતા, એની પાછળનાં છૂપા બારણાં, બારણાંમાં વપરાતું લાકડું, એમાં ઠોકવામાં આવતા ખીલાભાલાથી માંડી કિલ્લાની બાંધણી, એનો વહિવટ, એની રચના, એનું સમારકામ, એના કોઠાર, એમાંનો લડાયક સરંજામ વગેરે વિષે અતિ વિગતથી પણ અત્યંત રસપૂર્વક એ કહેતો. જયપુરની તસુયે તસુ જમીન એની નજરમાં. રેતાળ, પાણી વિનાના સુકા એ પ્રદેશનો પાક, અને ઘોડદોડના તેમજ સાંઢણીના રસ્તા, બધા જ મોઢે. કિલ્લે કિલ્લે એ ફરેલો. સ્ટેટની નોકરીમાંથી રીટાયર્ડ થઈ, એકના એક છોકરાને બીજે નોકરી ન મળતાં, રેલ્વેમાં દાખલ કરેલો, એટલે એની સાથે અહીં રહેતો.



સપ્રેદાદાએ ભાંગ વિષેનું ડીંડવા–છોડવા સુધીનું સાદ્યંત જ્ઞાન પર્વતસિંહ પાસેથી મેળવી લીધું હતું. પર્વતસિંહ તો ભાંગ ઘૂંટવા કેવી જાતનો પત્થર જોઇએ તે પણ કહેતો. એમાં બીજાં વસાણાં કેટલાં અને કયા નાખવાં તે પણ એણે સમજાવ્યું હતું. સપ્રેદાદા બે ત્રણ જાતની ભાંગ રાખતા, અને દર રવિવારે વારાફરતી ભાંગ પાર્ટી થતી, તેમાં કોઈને ત્યાં ન હોય તો એ પહોંચાડી પણ આવતા.

પછી તો એક ભાંગ પીસનારો પણ એણે શોધી કાઢ્યો. તે આઠ આના લે, અને ભાંગ પીસી આપે. ઑફિસમાં એક કેશવલાલ કરીને કલાક સ્વભાવે ચીઢિયો. એને ભાંગ પાવામાં આવે, એમાં ધતુરો કે પૈસો ઘસવામાં આવે, ને બિચારાને ઉલટી થાય ત્યાં સુધી હેરાન કરવામાં આવે. રવિવારના એ ભાંગના પ્રોગ્રામમાં બધા પાનાં રમવા બેસે, ભાંગ પીએ, અને પછી વાતે ચડે, ચગે; અને હસવા પર ચડયા તો પછી એ ચેપી રોગનું પૂછવું જ શું? ત્રણ ત્રણ કલાક સુધી એકસામટું હસવાનું ચાલે, યા અફલાતુની રાગરાગડામાં લલકાર ચાલે. ને ભોગજોગે જો દૂર કોઈ ડુંગરા પર યા આંબાવાડિયામાં જઇ ભાંગની બેઠક કીધી, તો પાછા ફરતાં જંગલદેશમાં ક્યાંના ક્યાં નીકળી જઈએ, અટવાયા કરીએ, ને મોડું થતાં કારખાનેથી બત્તી લઈ બેત્રણ જણા શોધવા નીકળે ત્યારે ટોળી હાથ લાગે. ત્યારે સૌ લ્હેરમાં જ હોય. તડાકા ભડાકા હાંકતા હોય! અને હાહાડીડી કરતા હોય.

ત્યાં એક બહુરૂપી આવતો. 'બહુરૂપી બજાર અને તલેસ્માતી ભેદોનો ભંડાર' નામે જાણીતા રસમય પુસ્તકના સાત ભાગ મેં હોંસે-હોંસે સુરતમાં વાંચી નાખ્યા હતા. એમાં 'અય્યાર' શબ્દ આવતો. એ અય્યાર એટલે બહુરૂપી. જયપુર તરફ એમનો મોટો વર્ગ રહેતો. જાતજાતના વેશપલટા કરવા એ જ એમનો ધંધો. વારતહેવારે બહાર ફરતા ફરે અને કમાઈ ખાય. એવો એક બહુરૂપી ત્યાં વરસમાં એકાદ આંટો મારી જતો. ગંગાપુર નામે એક ગામડું સ્ટેશનથી ત્રણચાર માઇલ દૂર હતું. થોડાં ઘર, થોડી દુકાનો અને નજીવી ખેતી. ત્યાં ધર્મશાળામાં પડી રહે અને ગામમાં જે બેપાંચ શેઠિયા જેવા કહેવાય ત્યાં આંટો મારી આવે. એકાદ વેશ લઇને બાબુજીના ક્વાર્ટર પર પણ ફરી જાય. પણ પૈસા આપે તો ન લે, ને હસીને ચાલ્યો જાય.

સપ્રેદાદા જૂનો જોગી. અસલથી ત્યાં જ નોકરી કરે. ૧૯૧૬માં હતો; અને '૪૬માં પણ હું એને ગંગાપુરમાં મળ્યો હતો. એટલે એ તો ત્યાંનો જ વતની જેવો થઈ ગએલો. ગામમાં બહુરૂપી આવે એટલે સપ્રેદાદાને પહેલો જ મળે, અને કંઈક સમજૂતી કરી લે. એક દિવસ સાધુ થઇને એ આવે, તો બીજે દિવસે ફકીર બને. મોઢા ઉપર રંગ લગાડવાની કળા તો આબાદ જાણે. દાઢી મૂછ બધું બરાબર બનાવે. આંખ તો એવી ફેરવે કે આપણે છક થઈ જઇએ.

હું અવારનવાર 'ડિસ્ટ્રિક્ટ લોકો ઑફિસ'માં જતો અને ફાઈલ ખાતામાં બેસતો. કોઈ કેસ કાઢી વાંચતો પણ ખરો. ત્યાં અચાનક કેશવલાલના હાથમાં તારવાળાએ આવી તાર આપ્યો. તેમાં સાંજના મેઈલ પર ચાપાણી લઈ કેશવલાલે જવાનું લખ્યું હતું. કેશવલાલ કલાક વહેલી રજા લઈ, ઘેર જઈ, ચા લઈ ગાડીના ટાઇમ પર સાંજે હાજર થઈ ગયા. અમે ઑફિસેથી નીકળતા હતા, ત્યારે સપ્રે કહે કે સ્ટેશન પર થઇને જઇએ. મેઈલ ગાડી આવી અને ગઇ, પણ કેશવલાલના ઓળખીતા કોઈ ન મળે. ત્યાં તો હાથમાં લાકડી લઇ સપ્રેદાદા આવ્યા જ છે. 'કુછ ગોટાલા હોગા' કહી, આશ્વાસન આપી, 'ચલો તો ફિર હમ પિયેંગે' કરીને ત્યાં જ ચાપાર્ટી નાખી.

એક વાર વળી સ્ટેશન પર એક જણને વગર ટિકિટે મુસાફરી કરતાં પકડી ટિકિટચેકર સ્ટેશન માસ્તર પાસે લઈ આવ્યો, અને પછી ટિકિટચેકર 'અભી આતા હું' કરી ગેપ થઇ ગયો.

એક રવિવારે ભાંગ પીસનારો માંદો પડ્યો છે તેથી 'હમકો ભેજા હૈ' કરીને એક માણસ આવ્યો. એણે ભાંગ પીસી, પીવડાવી, બધાને લટ્ટુ બનાવી, જેના ખિસ્સામાંથી જે કંઈ આવ્યું તે લઇ રફૂ થઈ ગયો! ઘરમાંથી બેપાંચ કપડાં પર પણ હાથ મારતો ગયો. પણ બીજે દિવસે અજબ રીતે બધી વસ્તુ બરાબર બધાને પાછી મળી ગઇ!

આ બધાં કરતુક પેલા બહુરૂપીનાં હતાં. સાધુ ફકીર બને તે તો ઠીક છે, પણ તારવાળાથી માંડી કંઇકંઇ બની બેસે. અને કોઇને જરા પણ શક પડે નહિ! મહિનો એક એવા વેશ ભજવી, મેળાઓનો લાભ લઇ, પોતે બે હાથ જોડી ટીપ ઉઘરાવે. એ લોકપ્રિય પણ થતો, એટલે ટીપ પણ સારી ભરાવી જતો. જતી વખતે બધાને મળી નમસ્કાર કરી વિદાય લેતો, તે પાછો વરસેક દિવસે દેખાતો.

ગંગાપુર 'જંગલસિટી' ખરું; પણ ત્યાં દૂરદૂરના ડુંગરા પરના મંદિરમાં વરસમાં એક વાર મેળો થતો. ડુંગરાની પેલી બાજુ કિરૌલીનું જંગલ, પણ આ બાજુનો રસ્તો સારો. ત્યાં થઇને ટોળાબંધ લોકોની અવરજવર થતી. જતાંઆવતાં ગીતો લલકારતા, અને રંગની છોળ

ઉડાવતા. પહેરવેશ મારવાડનો પણ રંગભભક કોઈ ઑર ઝબકતી. લોકો ગાંડાતૂર થઈ ગાતા, ખાતા અને માઇલોના માઇલો ચાલતા - દસદસ માઇલ સુધી ગીતોની રમઝટ બોલતી.

દિનબનનો મુજરો સુરતમાં વરાછાના બંગલામાં જોયો હતો. પણ આ બાજુ તે પછી એનાથી પણ સારા જાતજાતના મુજરા જોયા. એક વખત સપ્રેદાદા કહે 'ભૈયા! મથુરા ચલેંગે?' આપણે તો રાજમાં બધા જ રવિવાર હતા; પણ આ વખત રવિવાર સિવાય સપ્રેદાદા તૈયાર થયા એટલે કંઈ હશે ખરું, માની આપણે પણ ઊપડ્યા. મથુરા તો ઘણી વાર જોયું હતું, છતાં સપ્રેદાદા સાથે ગામમાં જઈ આવ્યા અને વૃન્દાવન પણ ગયા. કૃષ્ણે જ્યાં ગોપીઓનાં ચીર હર્યાં હતાં એ જ કદંબનું ઝાડ હજી ત્યાં ઊભું હતું! અને આટલાં હજારો વર્ષે એ ઝાડ પર એ ચીરમાંની એક ચીંદરડી ઊડતી ચોબાજી બતાવતા હતા! કેટલા મજબૂત વણાટનું એ કપડું હશે!

ધીમેધીમે મારામાં વિશ્વાસ બેઠેલો હોઈ સપ્રેએ વૃન્દાવનથી પાછા ફરતાં કહ્યું કે બડે બાબુજીને મારે ખરું કારણ કહેવું નહોતું: વાત એમ છે કે અહીં કૅરેજ એક્ઝામીનર ખુશાલદાસને ત્યાં જલસો છે. તમને ગમે તો બેસજો, નહિ તો ઊંઘી જજો. પણ આપણે સૂઇ શાના જઈએ? શિરજતથી જલસામાં બેઠા. ખુશાલભાઈ પણ સુરત બાજુના—દતારગામના. એમની બદલી થવાની હતી. એ વખતે કોઈની બદલી થવાની હોય ત્યારે ખાણીપીણી અને જલસો એ તો



સપ્રેદાદા

સહજ વાત. નાચનારી ગમે ત્યાંથી બોલાવી લાવે. ટિકિટ તો પડે જ નહિ. અને જઇને 'સેકન્ડ ક્લાસ'માં મરતબાભેર લઇ આવવા માટે જેને એ કામ સોંપાય એની તો એમાં મોટાઈ. અને સાધારણ માણસનું એ કામ પણ નહિ. તાયફાને, એના સાગરીતોને, મલાજાથી લઈ આવવા, એમની ખાતરબરદાસ્ત કરવી, એ પણ એક કલા છે.

ત્યાં મથુરામાં રેલવે યાર્ડમાં કઈ 'જાન' નાચી હતી એ તો યાદ નથી, પણ ત્યાંની રંગત જ જુદા પ્રકારની હતી એના સારંગીવાળા ખરેખર ઉસ્તાદ હતા. શું હાથ ચાલે! દાઢીના વાળ તો એવા ઓળે કે ન પૂછો વાત. અને જાન જે અદાથી શેર-કવાલી ગાય, એથી તો આપણું દિલ ડોલાવી દે. પણ એ ખરી તો ખીલે મધરાત થયા પછી. મજલિસમાંથી ગમે તેની ટેકડી ગીતોમાં ઉડાવે, શેર જોડી જોડી ગાય, અને અમરથી રૂપિયો પડાવે. તમે ખભે કે જાંગ પર, ગમે ત્યાં રૂપિયો મૂકો, અને તમે જાણો કે એ લેવા આવે ત્યારે તરત એનો હાથ પકડી લો; પણ એવી તો સિફતથી એ ગાતીગાતી આવે, અને તમને તીરછી નજરમાં છક્કડ ખવડાવી રૂપિયો એવો તો ઉઠાવી જાય, કે તમે હાથ ઘસતા રહી જાઓ! એનું નામ અદા, એનું નામ મુજરો! આવા કંઈક મુજરા મેં જોયા. પરંતુ એક દિવસ સપ્રેદાદા અને હું કોટા ઊપડ્યા હતા ત્યાં તો શેરબાજીની જાણે આતશબાજી જ હતી.

બપોરે (ત્યારે બપોરે ફ્રન્ટીઅર મેઈલ ગંગાપુરથી ઊપડતો) અમે ઊપડ્યા. કોટામાં કોઈની એન્જીનીઅરિંગ ખાતામાં બદલી થઈ હતી. એક ચોગાનમાં બેઠક જામી હતી. ચાંદની રાત હતી. એમાં અમારી સવારી પહોંચી ગઇ. 'બડે બાબુજી કે લડકે'—અને ત્યાં તો વળી 'કુંવર સાહેબ' કહે—એટલે આગળ જ ખુરશી.

એક હતી 'અંબાલેવાલી', લાહોરમાં રહેતી; અને બીજી 'લખનૌવાલી': બંને તવાયફો પોતપોતાનો રસાલો લાવી હતી. અને બંનેની છાવણીઓ પણ જુદી નાખી હતી. જે લોકો અમરથો ડોળ કરવા આવેલા અને હિન્દી સંગીતમાં કક્કો પણ નહિ સમજનારા, તે બધા ફુલ ગુલાબ લઇને બાર વાગ્યા સુધીમાં ચાલ્યા ગયા. અને પછી બરાબર જામી. બંને 'જાનો' ખીલી; સામસામો મોરચો માંડીને આથડી; એક બીજીને ગઝલની બેતબાજીમાં કાપવા માંડી; અને પછી તો ત્યાં ને ત્યાં જોડીને શેર-કવાલી લલકારવા માંડી. પૂરી અદબ સાચવીને, પોતપોતાની તહજીબ સાચવીને, બંનેએ પોતાનું ખમીર દેખાડવા માંડ્યું. અંબાલાવાળી ઠાઠ ઠઠેરાથી આંજી નાખે એવી પહેલવાન જાન; મુજરો કરતી, પગના ઘુઘરા ઝમઝમાવતી, હાથના અદા કરતી, ઊભી થઈને આગળ આવતી તો જાણે આખા વિશ્વને ડારતી, સબ કુછ 'કુચ બિસાતમેં નહિ' એવો દમામ કરતી, ભ્રુકુટિ ચડાવતી, મદમાતું જોબન દાખવતી, સહુ કોઇને અહીં હું પાણી ભરાવી શકું એમ છું એમ બતાવતી તે આવતી. તબલાના ઠેકા સાથે એકાદ તોડા પર છનનન છુમ નાચ કરી બતાવી તે પાછી જતી. એ ગઈ ન ગઇ એટલામાં તો લખનૌવાળી, આસમાનમાં સૂર પાથરતી, મુલાયમ અને નાજુક પગલે આગળ આવી, મેહફિલને દર્દભરી નિગાહે મુજરો કરી, સકળ વિશ્વમાં જાણે પોતે તન્મય બની જતી હોય તેમ એકાએક ક્ષણભર હાલ્યાચાલ્યા વિણ થંભી જઈ, કોઈ અપૂર્વ દેહલાલિત્યથી ચોગમ રસનું સામ્રાજ્ય પાથરતી. લખનૌ તે લખનૌ! એ નજાકત, એ લાલિત્ય, એ માર્દવ, એ મિઠાશ, નાની કાકડીને જે 'લયલાની હડી' કહે એ શહેરની એ જાન, લખનૌની મુલાયમ ખૂબસૂરતીનું ભાન કરાવતી, સંગીત-બાદશાહ નવાબ વાજિદઅલીખાંની યાદ તાજી કરાવતી.

ચાર વાગ્યા પછી તો તકરાર છોડી બંનેએ સાથે બેસી, હળીમળી સાહેલીઓ બન.ને આવતા પરોઢના આવકારમાં ભૈરવી ગાઈ.

બીજે દિવસે અગિયાર-બાર વાગ્યે ફ્રન્ટીઅરમાં અમે પાછા ફર્યા ત્યારે પગમાં ઊભા રહેવાનું જોર નહોતું. એકાદ બર્થ શોધી એમાં ઘસઘસાટ ઊંઘી ગયા.

અમારે ત્યાં મહેમાન આવે, અને તેઓ આગ્રા-મથુરા જોવાને જાત્રાએ જવાના હોય તો સંગાથમાં મારે તો જવાનું હોય જ. એ રીતે એક વાર મુંબાઈથી એક વેપારી ભાટિયા શેઠ આવ્યા, અને અમે મથુરા જવા નીકળ્યા. મથુરાજીમાં ચોબાને ત્યાં રહ્યા. દાઉદજી વૃન્દાવન બધે ફરી આવ્યા. જમનાજલમાં ન્હાઇ, રોજ દૂધ ચઢાવી, વાંદરાને ચણા નાખી, તુલસીકંઠી, ગોપીચંદન, રમણરેતી, વગેરેના થોક બાંધી, મથુરાજીના એક્કાની મજા ચાખી, મલ્લ ભંગેરી અને ગળેપડુ ચોબાજીનાં કરતુકો નિહાળી, પ્રભુઘેલા ભક્તોની ભાવિક વૃત્તિઓની પ્રશંસા કરી, અમે ફતેહપુર સિક્રી થઇ આગ્રા પહોંચ્યા. તો ત્યાં સ્ટેશન ઉપર જ સોમેશ્વર અને નાગજી મળ્યા!

'અલ્યા તમે અહીં ક્યાંથી?'

'વડોદરેથી ગોધરે બદલી પડી. ને પછી ચિમનલાલ શેઠ ગંગાપુર આવ્યા છે એટલે અમે અહીં બદલી માંગી, તે હમણાં આગ્રામાં છીએ.'

'કંઈક કહેતાકને પછી ગંગાપુરના કારખાનામાં પેશી જઇશું!'

આમ બંનેએ વારાફરતી ખુલાસા કર્યા. પછી નાગજીએ ફ્રમેયુઃ 'બ.બ.ભાઈ! હવે તો બહુ મોટા થઈ ગયા! સાળું ચન્દ્રવદન તો મોઢે ચડે જ નહિ! તમે જરા બાપુજીને કહી અમને તાં કને બોલાવી લ્યોને.'

સોમેશ્વર તો કહે કે અમારે ઘર જ અસ્રો. રહ્યા ધર્મશાળામાં, પણ મને ત્યાં અમે જમ્યા, ને પછી તાજ જોવા ગયા.

શેઠ મારા જેવા શોખીન હતા વેપારી છતાં તાજની ખૂબી

સમજી શકતા. એ ત્રણ દિવસ રહેવું હતું. દરમ્યાન બીજું બધું જોઈ રાતે ગાણું સાંભળવા ઊપડ્યા. બેએક ઠેકાણે ગયા, પણ કંઈ રંગત જામી નહિ. ત્યાં બેઠીબેઠી ગાય. મોટે ભાગે તો ગઝલ, કવાલી, પણ અવાજ સૂરીલો નહિ. એટલે કંટાળીને ઉતારે ગયા. બીજા દિવસે પૂનમ હતી. આ તાગડો સાધીને તો તાજ જોવા ઊપડ્યા હતા. પૈસાનો સવાલ નહોતો, અને સોમેશ્વર તે દિવસે 'ઑફ' હતો, તે સવારે જ ચડી આવ્યો, એટલે અમે એને વાત કરી. આગ્રામાં છએક મહિનાથી એ રહેતો હતો એટલામાં એણે સારી માહિતી મેળવી લીધી હતી. એને રાતને માટે બધું નક્કી કરવા કહ્યું, ને અમને નિરાંત થઈ. બપોરે જમીપરવારી, થોડો આરામ લઇ, સાંજે બજારમાં આમતેમ લટાર મારી, થોડો પથ્થરનો સામાન લઈ, જમીપરવારી અમે તાજ તરફ ઊપડ્યા. અમે પહોંચ્યા એટલામાં તો સોમેશ્વર રસાલો લઇ આવી પહોંચ્યો. એણે બેઠક બરાબર જમાવી દીધી હતી. સારંગીવાળાએ જ્યાં સૂર મેળવવા માંડ્યા એ ઉપરથી જ અમારા શેઠિયા ખુશ થઇ ગયા! જાન ખૂણામાં પાનનો બખારો લઇ પાન બનાવતી હતી, અને બીજો એક હુક્કાની તજવીજમાં હતો. દરમ્યાન અમે તાજની એક પ્રદક્ષિણા ફરી આવ્યા, નદી જોઇ ને ખાસ્સા બગીચાના એ લીલાછમ ખૂણામાં આવીને બેઠા. થોડા જતાઆવતા પણ એકઠા થઈ ગયા હતા, અને બાગબાનને પણ સોમેશ્વરે 'ચાંપી મૂક્યો' હશે, તે એ પણ આવીને અમને સલામ કરી ગયો.

લગભગ કલાકેક પછી મામલો થાળે પડ્યો. ખૂણામાં બેઠેલી અનવરી જાન ઊભી થઈ. જાણે ભોંય પડેલી જૂઈની વેલ, એકાએક, તાજ મહાલની બહારની ફૂવારાની પાળ પર ઊભેલા સરૂના તરુ જેમ ટટાર ખડી થઈ ગઇ! થોડો સિંગાર તો પહેરીને જ આવી હતી, બાકીનો અહીં દાબડામાંથી કાઢી પહેર્યો. એના સફેદ પોષાક પર ખુલતું લીલું ઊપરણું, ત્યાંના ચાંદની નીતરતા લીલાકુંજાર રમ્ય વાતાવરણમાં આબાદ ભળી જતું હતું. તે અદાથી ડીકઠાક કરી, દસેક ડગલાં ચાલવાનું હશે તે ચપળતાથી સીધી ચાલી આવી, જરા નમી, અમને પાન આપી, હાથથી મુજરો કરી. જરાક ખમચી ઊભી રહી. તરત જ એના હાથમાં ખુશીનો રૂપિયો મૂકી દીધો, એટલે ફરીથી મુજરો કર્યો, જરા નમી. અને બરાબર સામે એને માટે પાથરેલા બિછાના પર અદબથી જઈ બેઠી.

અનવરી ખરેખર ખૂબસૂરત હતી, નાજુક હતી, ઉમરે નાની હતી. મોઢા ઉપર રંગરોગાનના કશા કૃત્રિમ લપેડા વિના પણ આકર્ષક લાગતી હતી. શરીર ઘાટીલું હતું. આંખ નિર્મળ હતી, હોઠ મદીલા હતા, કંઠ માદક હતો. બે ત્રણ કલાકની જ બેઠકની બોલી હતી, કારણ મોડી રાત સુધી તાજના બાગમાં બેસવા ન દેવાનો કાયદો હતો; એટલે તરત જ એણે હલકથી ગળું ઉઘાડ્યું, અને એક સાદું ગીત ગાયું. તબલચી પણ જરાયે ધાંધલિયો નહોતો. ફૂલની માફક હાથ ચલાવતો, અને અરધા પોણા કલાકમાં તો આસપાસ જામેલી મંડળીને એવી સ્તબ્ધ કરી નાખી કે અનાયાસ વાહવા પોકરાવી. ત્યાં એમ ભેગા થએલાઓમાંથી બે ત્રણ તો સંગીતનો મર્મ સમજનાર નીકળી આવ્યા. તેમણે પણ બેઠક જમાવી, ને અમારી સાથે દોસ્તી બાંધી. પછી તો અનવરીએ પાંખ ફફડાવી, અને કંઠ ખોલી દીધો. જૂની કસાએલી સારંગીએ મધુર ઘોર રણકાર્યો, અને ઉસ્તાદી ઢબે અનવરીએ કેદારના સૂર છેડ્યા ત્યારે તો એના ગળામાંથી છુપાએલા દર્દની મિઠાશ બહાર આવી અને મેહફિલનું જિગર ઘવાવા લાગ્યું. ઉપર ચાંદ અઢળક ચાંદની ઢોળતો હતો; નજર સામે આરસમાં અપ્રતિમ કૌશલ્યથી ઘડાયેલી પ્રેમની સજીવન પ્રતિમા રૂપે તાજ ખડો હતો; ચારે બાજુ શાંતિ હતી; પાસે મુમતાઝ અખંડ નિદ્રામાં સૂતી હતી; ત્યાં એણે કેદાર રાગ છેડ્યો! ગીતમાં મોરની કેકા હતી, ટહુકાર હતો, થનગનાટ હતો, કળા હતી. પણ વિરહની વેદના પ્રધાન હતી. વિરહશૃંગારની એ ચીજ એણે હૃદયને હચમચાવે એ રીતે ગાઈ. અનવરીના ગોરા મોં ઉપર લોહી તરી આવ્યું; એ હતી એનાથી વધારે સુંદર દેખાવા માંડી; એનું મૌગ્ધ્ય દયામણું લાગવા માંડ્યું. બાર થવા આવ્યા હતા, એટલે બેઠક આટોપવી જ પડે એમ હતું. પણ ઘેર જવા કોઈનું મન નહોતું માનતું.

ગીત તો એણે બેઠાંબેઠાં જ ગાયું, પણ રસપૂર્વક, ભાવભર્યું ગાયું. ઘણા જલસા જોયાઃ મથુરાનો સારો, કોટાનો એથી સારો, પણ આ તાજમહાલના બાગમાં યોજેલો જલસો તો અદ્ભુત જ હતો.

બીજે દિવસે સવારની આગ્રાથી બિયાના જતી ગાડી સોમેશ્વરે હાંકી, ને બિયાનાથી અમે મેઇલ પકડ્યો ત્યાં સુધી નાગજી અમારી સાથે રહ્યો. ગંગાપુર આવીને સપ્રેદાદાને તાજમહાલની વાત કરી ત્યારે એ ઘણા ગુસ્સે થઈ ગયા! 'હમકો છોડ કર ચલે ગયે!' એ મેણું લગભગ આઠ દિવસ એમણે સંભળાવ્યું.

એ શિયાળાની રજાઓ હતી. ત્યારે એ બાજુ ઠંડી ભારેની પડી હતી. દીવાળી ઊજવી રહ્યા પછી એક દિવસ સવારે પર્વતસિંહ ચોકીદાર બંદૂક વગર અમારા ઘર આગળ બાળકની પેઠે રડતો ઊભો હતો.

રાતે ટાઢ સખત પડી હતી. તે દિવસે એનો એકનો એક દીકરો નહારસિંહ રાતપાળી પર હતો. 'ઈન્સ્ટીટ્યૂટ'ની સામેની જગ્યા પરનો સાંધો ફેરવે તો દિલ્હી એક્સપ્રેસનું એન્જિન કારખાનામાંથી સ્ટેશન પર જઈ શકે. તે એ ફેરવવા ગયો, અને સાંધો ફેરવ્યો પણ ખરો. સાંધો એટલે હાથથી ઉઠાવીને બીજી બાજુ નાખવાનો લોખંડનો ગોળ મચિયો. તે ફેરવ્યો અને એંજિન ગયું પણ એ કડકડતી ઠંડીમાં એ પોતે ત્યાં ને ત્યાં ઠરી ગયો તે ઠરી જ ગયો! એની મુસાફરી પૂરી થઈ ગઈ એની ખબર વહેલી સવારે પડી, કારણ, સાંધો પાછો સીધો નહોતો થયો, અને લીલી બત્તી જ દેખાતી રહી! નહારસિંહને તો લીલી બત્તી મળી ગઈ હતી એટલે એણે તો જીવ છોડી દીધો હતો!

બીચારો પર્વતસિંહ! ઘરડી ઉમરે આ ઘા! વૃદ્ધ પિતાને પેન્શન આપવાનું રેલવેના વહીવટમાં ક્યાંયે લખ્યું નહોતું, એટલે નહારસિંહ જતાં પર્વતસિંહને રેલવેની કોટડી ખાલી કરવી પડી!

છતાં રેલવેમાં એક સારી સગવડ છે. કોઇ ગુજરી જાય તો એન્જિનમાં નાખવા માટે વપરાતાં લાકડાં એના દેહને બાળવા માટે ધરાધર આપવામાં આવે છે. એમાં સલેપાટોનો પણ ઉપયોગ થાય. એમ કારખાનામાંથી તરત જ લાકડું કાઢી આપવામાં આવ્યું.

પર્વતસિંહને હવે જીવવું અકારું હતું. બધા જ કિલ્લા એના ભસ્મીભૂત થઇ ગયા હતા. કારખાનામાંથી સલેપાટો લાવી, અમારા ક્વાર્ટર્સની સામે એક રહેવા જેવું બંધિયારું બનાવી થોડો વખત તો એ ત્યાં રહ્યો. પણ એક દિવસ એની બધી ઘરવખરી છોડી, ફક્ત એની જૂની બંદૂક હાથમાં લઈ એ ગયો તે ગયો; કોણ જાણે ક્યાંયે ચાલ્યો ગયો!

(ચાલુ)

[સંખ્યાબંધ વાચકોએ અભિનંદેલી આ આપકથાના આવતા હપતામાં સુરતનું જીવન પૂરું થયા પછી મુંબાઈની કારકિર્દી શરુ થાય છે, જેમાં અવેતન રંગભૂમિની એમની જાણીતી નટપ્રવૃત્તિ, ૧૯૩૦-૩૨ની લડત વખતે ભૂગર્ભમાં રહી ચલાવેલી 'કૉંગ્રેસ પત્રિકા'ની અને બીજી પ્રવૃત્તિઓ, અને તરુણ હૃદયનાં અનેક મંથનોનું આલેખન આવે છે]

સંસારનાં શહેરો

૬૭

બીજાપુર અને ત્યાંનો ગોળગુંબજ


મુંબાઈને અગ્નિ ખૂણે, પૂનાને માર્ગે ૩૫૦ માઇલ દૂર, સધર્ન મરાઠા રેલ્વે પર આવેલું ત્રીસેક હજારની વસતિનું આ નાનું સરખું ગામ આજે તો મુખ્યત્વે તેના વિરાટ ઘુમટવાળા ભવ્ય રોજા 'ગોળ ગુંબજ'ને લીધે જ જાણીતું છે. પણ એક કાળે તે, દક્ષિણ હિંદમાં લગભગ ૨૦૦ વર્ષ સુધી તેજસ્વી કારકીર્દી ઝળહળાવી ગએલા આદિલશાહી સુલતાનોની રાજધાનીનું નગર હતું.

દક્ષિણમાં એ સમયે જે પાંચ સુલતાનોનાં નાનાં રાજ્યો સ્થપાયાં (વરાડની ઇમાદશાહી, બીદરની બરીદશાહી, ગોવળકોંડાની કુતુબશાહી, અહમદનગરની નિઝામશાહી અને બીજાપુરની આદિલશાહી), તે પાંચેમાં સૌથી બળવાન અને સમૃદ્ધ એવી આદિલશાહીનો સ્થાપક યુસુફ આદિલખાન (ઇતિહાસકાર ફિરિસ્તાના અહેવાલ પ્રમાણે) તુર્કસ્તાનના ઓસ્માનલી સુલતાન મુરાદ બીજાનો નાનો પુત્ર હતો. એ સુલતાનના મરણ પછી તેના પાટવી મુહમ્મદે બીજા બધા વારસદાર શાહજાદાઓનાં જે ખૂન કરવા માંડ્યાં તેમાંથી યુસુફને તેની માએ યુક્તિથી છટકાવીને ઇરાન મોકલી દીધો. ત્યાં એ ૧૭ વર્ષનો થતાં, ફરી તેના છતા થઈ જવાની દહેશત લાગી, એટલે હિંદના બીદરના બ્રાહ્મણી સુલતાનના એક વજીર માટે તે ઈરાદાપૂર્વક ગુલામ તરીકે વેચાયો. હિંદ આવ્યા બાદ પોતાનાં પરાક્રમ ને પ્રતિભાથી ધીમેધીમે ઊંચી પાયરીએ ચડતાં ચડતાં અંતે તે બીજાપુરનો સૂબો નીમાયો, અને સુલતાનના મરણ બાદ બ્રાહ્મણી રાજ્ય નબળું પડતાં, ઇ. ૧૪૮૯માં પોતાની જાતને સ્વતંત્ર જાહેર કરી તેણે બીજાપુરમાં આદિલશાહી રાજ્યની સ્થાપના કરી.

ઈ. ૧૫૧૧માં તેના મરણ પછી તેના પુત્ર ઇસ્માઈલે પણ તેના જેવી જ જાહોજલાલી જમાવી રાજ્ય કર્યું. તે પછી ત્રીજી પેઢીએ અલી આદિલશાહ પ્રતાપી થયો. તેણે બીજાપુરનો કિલ્લો બંધાવ્યો અને અહમદનગર તથા ગોવળકોંડાના સુલતાનો સાથે મળીને વિજયનગરના હિંદુ રાજ્યને ૧૫૬૫ના તાલીકોટના નામચીન યુદ્ધમાં નામશેષ કર્યું. તેના મરણ બાદ તેનો પુત્ર ઈબ્રાહીમ નાનો હોવાથી તેની બુદ્ધિમતી બેગમ ચાંદબીબીએ પણ યશસ્વી વહીવટ ચલાવ્યો. એ ઇબ્રાહીમના ઊજળા રાજકારભાર પછી, તેનો પુત્ર મહમ્મદશાહ પણ જોકે પરાક્રમી થયો, એણે જ અહીંનો વિખ્યાત ગોળ ગુંબજ બંધાવ્યો. પણ તેના જ અમલમાં બે મોટા દુશ્મન ઊભા થયા: એક, તેના જ અફસર શાહજીનો પુત્ર શિવાજી, જેણે એક પછી એક કિલ્લાઓ જીતવા માંડી મરાઠા સામ્રાજ્યનો પાયો નાખ્યો;ને બીજો, ખુદ મુઘલ શાહાનશાહ શાહજહાં, જેના મોકલ્યા ઔરંગઝેબે બીજાપુરને ઘેર્યું; પરંતુ તે જીતવાની અણી ઉપર હતો ત્યાં અચાનક તેને દિલ્હી જવું પડવાથી રહી ગયું.

તે પછી તેના પૌત્ર સિકંદર આદિલશાહના અમલમાં ઔરંગઝેબે બીજાપુર જીતી આદિલશાહીનો અંત આણ્યો. ત્યાર બાદ મુઘલાઈના પડતીના સમયમાં તે મરાઠાઓને હાથ ગયું. ને તેમની પાસેથી, પેશ્વાઇના અંતસમયે ૧૮૧૮માં તે અંગ્રેજોને કબજે ગયું.

આટલા ટૂંકા ઇતિહાસ સિવાય બીજાપુરની ખાસ વિશેષતા તેનાં સ્થાપત્યોની છે. શહેરમાં જે સંખ્યાબંધ મહેલો, મસ્જિદો ને રોજાઓનાં ખંડિયેરો નજરે પડે છે તેમાં જામીમસ્જિદ, ગગન મહાલ, મહેતર મહાલ, અસર મહાલ, આનંદ મહાલ, સાત મઝલી અને ઈબ્રાહીમશાહનો રોજો મુખ્ય છે; પણ તે સૌમાં વિખ્યાત તો ત્યાંનો ઉન્નતશિર ગોળગુંબજ જ છે. આદિલશાહી રાજાઓ શિયા મુસલમાનો હોવાથી તેમની નોકરીમાં ઘણા ઇરાની અમલદારો હતા. આથી બીજાપુરના બધા સ્થાપત્ય પર એ તરફની સાદગીભરી ત્રિશળતાની એક વિશિષ્ટ છાપ લાગે છે.




ગઢીમાં કેટલાંક હિંદુ મંદિરોનાં ખંડિયેરો છે. વળી, અહીંના લશ્કરે જીતી આણેલી મુઘલોની વિખ્યાત જંગી તોપ, મલિકેમેદાન (જે એવડી મોટી હતી કે તેના મોંમાં એક માણસ બેસી શકતો તે)નો ભંગાર પણ અહીં પડેલો છે.

જૂના વખતમાં અહીંનો સાડીનો વણાટ, ત્રાંબા-પિત્તળનાં વાસણ તથા રૂપાકામ પ્રખ્યાત હતાં. આજે મુખ્ય વેપાર અનાજ, રૂ અને ઢોરનો છે.

બીજાપુર જેને લીધે કદાચ દેશપરદેશમાં પણ જાણીતું છે તે ત્યાંનો ગોળ ગુંબજ ભારતની ઐતિહાસિક ઇમારતોમાં અનન્ય છે. એના સ્થાપત્યમાં ખાસ નવીનતા નથી, એ સુંદર પણ બહુ નથી; છતાં એના અતિ વિશાળ કદ અને પડઘો પાડવાની વિશિષ્ટ રચનાની બાબતમાં તો તે આખી દુનિયામાં બીજા નંબરની—એ કરીતે અવ્વલ નંબરની ઈમારત ગણાય છે. ઇ. ૧૬૨૬માં તખ્તનશીન થએલા સાતમા આદિલશાહી સુલતાન મુહમ્મદ આદિલશાહે બંધાવેલો આ રોજો, એની આસપાસ અનેક માઇલો સુધી ફેલાએલાં કુદરતી દશ્યોમાં આધિપત્ય ભોગવે છે અને પોતાના વિરાટ કદને લીધે બીજાપુરની આસપાસની સર્વ ઐતિહાસિક ઈમારતોને વામણી બનાવી દે છે. કદની બાબતમાં તો હિંદભરમાંની બહુ ઓછી ઇમારતો તેની હરોળમાં આવી શકે.

શહેરની પૂર્વ દિશાએ, એક નક્કર ખડક ઉપર રચેલા મજબૂત પડથાળ ઉપર બાંધેલી આ જાજરમાન ઈમારતનું વિશાળ કદ અને ભવ્ય દેખાવ જોનારને દિગ્મૂઢ બનાવી દે છે. એની વિરાટ કાયા ને તે પર વિરાજતા ભીમકાય છતાં સુંદર ગોળ ગુંબજનો પૂરો ખ્યાલ તો તેની બાજુએ આવેલા અસર મહાલના પહેલા મજલા પરથી, આથમતા સૂર્યના ઝાંખા પ્રકાશમાં જ તેને જોવાથી આવી શકે.



એક ગણત્રીએ દુનિયાનો મોટામાં મોટો ઘુમ્મટ ધારણ કરતા બીજાપુરની
જગપ્રસિદ્ધ ઈમારત ગોળગુંબજ-જેમાં સાતમા આદિલશાહી સુલતાન મહમ્મદની કબર છે.

ગોળગુંબજ—અથવા તો તેની પડઘો પાડવાની રચનાથી બિજાપુરમાં 'બોલી ગુંબજ'ને નામે ઓળખાતી આ ભવ્ય ઇમારત રચવાની મહેચ્છા સુલતાન મહમ્મદને પોતાના પિતા સુલતાન ઈબ્રાહીમે બંધાવેલા રૂપસુંદર 'ઇબ્રાહીમ રોજા' કરતાં કાંઈક ચડિયાતું કરી બતાવવાની વૃત્તિમાંથી થએલી. ઈબ્રાહીમ રોજાની સમૃદ્ધશોભન કારીગરી એટલી ઊંચી હતી કે, એ દિશામાં તો એથી વધુ ચડિયાતું કાંઇ થવું શકય જ ન હતું; તેથી સુલતાન મહમ્મદે એથી નવતર દિશામાં-કદની વિશાળતા ને ભવ્યતાની દિશામાં શ્રેષ્ઠતા સાધવા વિચાર્યું. અને, વિખ્યાત સ્થપતિઓ કહે છે કે, ઈબ્રાહીમ રોજાની નજાકત ને સૌંદર્યની સ્ત્રૈણ મનોહારિતાને પડછે ગોળ ગુંબજનું સ્થાપત્ય વીર્યવાન પૌરુષભર્યું લાગે છે. મહમ્મદના રાજ્ય કાળનાં ત્રીસ વરસ (૧૬૨૬-૧૬૫૬) જેટલો ગાળો પણ આ વિશાળકાય ઈમારતને પૂર્ણ કરવામાં ઓછો પડયો. કેમકે એની ભીંતો હજી છોવાતી હતી (પ્લાસ્ટર થતું હતું) ત્યાં મહમ્મદનું અવસાન થયું; અને તે પછી તો એ મહાદેહી રોજાનું અધૂરું કામ પૂરું કરવાની કોઇને પડી ન હતી.

વિરાટ કાયા અને જાજરમાન દેખાવની આ ઇમારતની સ્થાપત્યરચના સાવ સાદી છે: ચાર ઊંચી દીવાલોથી રચાએલો વચ્ચે એક વિશાળ ચોરસ ખંડ: એ દીવાલોની બહારની બાજુએ ચાર ખૂણામાં, આઠઆઠ મજલાવાળા, ચાર અષ્ટકોણ મિનારાઓનો ટેકો; અને ખંડની ઉપર અર્ધગોળાકાર ભવ્ય ઘુમ્મટ. આ ઘુમ્મટનું વિશાળ કદ, અને ખંડ ઉપર ઘુમ્મટ ને ટેકવવા માટે કાટખૂણે રચેલી ઝૂલતી કમાનોની રચના, એ બે વસ્તુઓ આ ઈમારતનાં વિલક્ષણ અંગ છે. બીજા કોઇ પણ ટેકા વગર, આવડો વિશાળ એ ગુંબજ પોતાની હેઠળ ૧૮,૧૧૦ ચોરસ ફૂટના ભોંયતળિયાને છાઇને ઊભો છે. દુનિયામાં કોઈ પણ ઘુમ્મટ આટલું વિશાળ ક્ષેત્રફળ આવરીને ઊભો નથી. માત્ર એનાથી જ ઊતરતી વિશાળ જગ્યા રોમમાં પૅન્થીઅનના ઘુમ્મટ નીચે સમાવેશ પામી છે: ૧૫,૮૮૩ ચોરસ ફૂટની. એ ઘુમ્મટ આ ગોળ ગુંબજનું સૌથી વિશિષ્ટ અને આકર્ષક અંગ છે. બંને બાજુ ૧૩૫-૧૩૫ ફૂટના માપની આ ચોરસ ઈમારતનો નીચેનો આખો યે ભાગ સાદો, સપાટ, ધીંગો અને માત્ર હવા-પ્રકાશને આવવા પૂરતાં જ બાકોરાંવાળો નક્કર છે, જેથી તે જંગી ઘુમ્મટનું વજન ઝીલી શકે. અને તેમાં, ઊંચે જતાં અધવચ્ચે ચારે તરફની ભીંતો પર, બાર ફૂટની પહોળાઇની પેઢલી છે. પશ્ચિમના કોઇ પણ સ્થપતિએ એથી અર્ધી પહોળાઈની પેઢલી કાઢવાની પણ હિંમત નથી કરી. એ પેઢલી પર ૧૧ ફૂટ પહોળાઇનો ચોમેર ફરતો ઝરૂખો છે, જે અહીંની વિખ્યાત 'વ્હિસ્પરિંગ ગૅલેરી'ના નામથી જાણીતો છે. એ આ ગોળ ગુંબજનું સૌથી વિશિષ્ટ ને આકર્ષક અંગ છે. એ ઝરૂખાથી જ ઘુમ્મટનો ગોળાવ શરૂ થાય છે. ભોંયતળિયાથી ૧૦૯ ફૂટ ને ૬ ઇંચ ઊંચે આવેલા આ ઝરૂખામાં જવા માટે ઇમારતની અગાશી ઉપર ઘુમ્મટની ચોમેર આઠ નાનાં પ્રવેશદ્વાર પાડેલાં છે. ઇમારતની બહાર દેખાતા ચાર ખૂણામાંના ચાર મિનારામાં જવા માટે પણ ગોળ આકારની સાંકડી સીડીઓ છે, અને એ સીડીઓમાંથી મિનારાના કબૂતરખાના જેવા જણાતા દરેક મજલે મજલે પહોંચવા માટે દ્વાર છે.

ઘુમ્મટની નીચે, વિશાળ ચોરસ ખંડની મધ્યમાં એક ઊંચો તખ્તો છે અને તેના ઉપર સુલતાન મહમ્મદની, તેની મોટી પત્નીની, નાની પત્ની અરૂસ બીબીની, તેની પ્રેયસી રંભાની, તેની પુત્રીની, ને તેના પૌત્રની, એટલી કબરો છે, જે, અલબત્ત, બનાવટી--પ્રતીક કબરો છે.


ખરી કબરો તો, આવાં બધાં સ્થળો જેમ, ખંડની નીચેના ભોંયરામાં છે.

ઈમારતને ભોંયતળિયેથી ઘુમ્મટના શિખર સુધીની અંદરની ઊંચાઇ ૧૭૫ ફીટ છે, અને બહારની ઊંચાઈ ૧૯૮ ફૂટ ૬ ઇંચ છે. ઘુમ્મટની બહારની બાજુનો વ્યાસ ૧૪૪ ફૂટ ૫ ઇંચ અને અંદરનો ૧૨૪ ફૂટ ૫ ઇંચ છે. દુનિયામાં મોટામાં મોટા ઘુમ્મટ તરીકે ઓળખાતા રોમના પૅન્થીઅનનો અંદરનો વ્યાસ ૧૪૨ ફૂટ છે અને એ હિસાબે ગોળ ગુંબજનો નંબર બીજો આવે છે. પણ જો ગોળ ગુંબજના પેન્ડેન્ટિવનો પણ સાથે સમાવેશ કરવામાં આવે તો એ દુનિયામાં પહેલો આવે. આ ઘુમ્મટની જાડાઈમાં પણ વૈવિધ્ય છે. નીચે તેની જાડાઈ ૧૦'ની છે, ને તે પાતળી થતી જતી શિખર આગળ ૯'ની થાય છે.

આવડા રાક્ષસી આ ઘુમ્મટના ટેકા તરીકે યોજેલી જંગી કદની ઝૂલતી કમાનો ઉપર જે ખૂબીથી તેનું બધું વજન અંદરની બાજુએ ઝીલી લેવામાં આવ્યું છે, તે કરામતની યુરોપિયન સ્થપતિઓએ આભા બનીને તારીફ કરી છે, અને ફરગસ્સન જેવા તજ્જ્ઞ કલાકોવિદે તે 'ઈમારતી બાંધકામની અદ્ભુત કરામત' કહીને બિરદાવી છે. નવાઇની વાત તો એ છે કે એવા સમર્થ પ્રતિભાવાન સ્થપતિનું નામ સુદ્ધાં આજે કોઈ જાણતું નથી.

અવાજનો પડઘો પાડનારી જે અદ્ભુત કરામતને માટે આ ઘુમ્મટ વખણાય છે તે કોઈ ખાસ યોજાએલી રચના નથી, પણ ઘુમ્મટની વિશાળતાને લીધે કુદરતીરીતે ઉપજેલી બીના છે. દરરોજ સેંકડો માણસો આ રોજો જોવા આવે છે ને ઘુમ્મટની દીવાલોમાંથી ઊપડતા જંગી પડઘા અને મજાક કરતી હોય તેવી ગુસપુસ (વ્હિસ્પર્સ)થી આશ્ચર્યચકિત બને છે. એક લેખકે તેનું વર્ણન કરતાં લખ્યું છે કે 'ઇમારતમાં પેસતાં જ પોતાનાં પગલાંના અવાજના જે પડઘા ઊઠે છે તેથી પ્રેક્ષક અજાયબ થઈ જાય છે. અને ઝરૂખામાં પ્રવેશતાં તો એ અનેકગણા જણાય છે. એક જ પગલું પડતાં, તેના પડઘામાં જાણે આખી પલટન ચાલતી હોય તેવા ઘોષ ઊઠે છે; હળવી વાતચિતના પરિણામે કોઈ ભેદી ગુસપુસટ ભીંતોમાંથી આવતાં લાગે છે; ખડખડાટ હસો તો તો ભીંતોની પછવાડેથી મોટી ભૂતાવળો ભયંકર હાસ્યો સંભળાવતી રોમાંચ પમાડી દે છે. એક કાગળનો ટુકડો ફાડો તો મેઘગર્જના જેવો અવાજ સંભળાય છે! પણ ભીંત સરસા રહીને, અત્યંત ધીમેથી, જાણે આપણી જાતને સંબોધતા હોઇએ તેમ બોલીએ, તો તરત પ્રત્યુત્તરમાં એ જ બોલ સાંભળવા મળે છે. ભીંત લગોલગ તમારી કાંડા ઘડિયાળ ધરો તો ઝરૂખાને સામે છેડે ભીંતે કાન ધરીને ઊભેલો તમારો સાથીદાર તે સ્પષ્ટ સાંભળી શકે છે. ભીંત પર એક ટકોરો મારો તો તેના ઉપરાઉપરી દસ પડઘા સંભળાય છે.'

આનું રહસ્ય બીજું કશું જ નહિ, પણ અવાજનાં મોજાંને મળતો વહનનો ટેકો છે. એક છેડે અવાજ કરવામાં આવતાંવેંત જ અવાજનાં મોજાં ભીંતના સપાટીએ સપાટીએ બે સામસામી દિશામાં આગળ વધે છે: એક મોજું ઘડિયાળના કાંટાની દિશામાં, અને બીજું તેથી વિરુદ્ધ દિશામાં. આ મોજાં ઘુમ્મટના વ્યાસના બીજા છેડા પર, — એટલે કે જ્યાંથી અવાજ કરવામાં આવ્યો હોય તેની બરોબર સામે, એકબીજાને મળે છે. અને એ બન્ને મોજાં એકસરખા જ માપનાં હોવાથી, ત્યાં એકબીજાને મળીને પરસ્પરને વધુ પ્રબળ બનાવે છે. પરિણામે, મૂળનો ધીમો અવાજ, ત્યાં બીજે છેડે પણ સ્પષ્ટ સાંભળી શકાય છે. એ મોજાં આટલાં જોરદાર હોવાને લીધે ફરીથી અહીંથી પણ આગળ (એટલેકે પાછાં) વળે છે, અને અવાજના મૂળ સ્થાને એકઠાં થઇને પહેલો પડઘો સર્જે છે. આમ ભીંતના ઓથને લીધે મોજાંની બહુ જ ઓછી શક્તિનો વ્યય થતો હોવાથી, મોજાં એમ



ગોળગુંબજના વિશાળકાય રાક્ષસી ઘુમ્મટના જંગી વજનને અંદરની બાજુએ ઝીલી લઈ અદ્ધર તોળી રાખનારી કમાનો નાખવાની હિંદી સ્થાપતિઓની જે અદ્ભુત કરામત ભલભલા પરદેશી ઈજનેરોને મુગ્ધ કરે છે તે દર્શાવતી ઘુમ્મટની આંતર-આકૃતિ.

ઉપરાઉપર આગળ ને પાછળ ફરતાં જ રહે છે, અને બીજો, ત્રીજો, ચોથો, એમ ઉપરાઉપર પડઘા પાડતાં જાય છે. અને પછી દર વખતે થોડુંથોડું બળ ગુમાવતાં ગુમાવતાં છેવટે ધીમા પડી શમી જાય છે. આમ, અનેક પ્રતિશબ્દની આ ક્રિયાને લીધે જ પગલું પડવાના એક જ અવાજમાંથી અનેક અવાજ બનતાં, જાણે કે ઘણા માણસોની કૂચ ચાલતી હોય તેવો અનુભવ થાય છે; અને અટ્ટહાસ્યના ઉત્તરમાં જાણેકે દીવાલના પ્લાસ્ટરની પાછળથી અનેક ભૂતો એ હાસ્યનો જવાબ વાળતાં હોય તેવું લાગે છે.

ગોળ ગુંબજ ઊભો છે એ જ પડથારની છેક પશ્ચિમ કિનાર ઉપર, એક સપ્રમાણ મસ્જિદ આવેલી છે, જે આ રોજાને જ અંગે પ્રાર્થના કરવા માટે યોજાએલી હતી. પાછળથી તે મુસાફરી બંગલા તરીકે વપરાતી, પણ લૉર્ડ કર્ઝને ફરી તેને ઉપાસનામંદિર તરીકે ઉપયોગમાં લેવડાવી. સમૃદ્ધ કોતરણીવાળી પેઢલીઓથી સુશોભિત એ રળિયામણી મસ્જિદને બે પડખે બે નાજુક કમનીય મિનારીઓ છે, અને તેની અને ગોળ ગુંબજના રોજાની વચ્ચે બે હોજ છે.

વર્ષોનાં વર્ષો સુધી હવા અને પાણીની અસર સામે ટકી રહ્યા પછી હવે ગોળ ગુંબજના ઘુમ્મટમાં અનેક ફાટ પડી છે અને પ્લાસ્ટર ખરવા માંડ્યું છે. ધ્વનિપ્રતિક્ષેપની સ્પષ્ટતા અને તીવ્રતા પણ શુદ્ધ ગોળાકાર તથા લીસી સપાટી ઉપર અવલંબિત હોવાથી, તેની પડઘાશક્તિ પણ ઘટવા લાગી હતી. ઇ. ૧૯૩૭માં એ ફાટો પૂરી દઇને ગુનાઈટનું એક કોટલું ચઢાવીને આ ઘુમ્મટને ખૂબ ખર્ચે જલાભેદ્ય બનાવવામાં આવ્યો હતો.

ફરી ઘુમ્મટના ચણતરને નુકસાન થયું છે; તે ઉપરાંત દીવાલોમાં પણ કેટલીક ફાટ પડી છે. તેથી તાજેતરમાં ભારત સરકારના પુરાતત્ત્વ ખાતાના વડા નિયામકના સૂચનને પરિણામે રૂ. ૨,૧૮,૦૦૦ના ખર્ચે તેનું સમારકામ આ વર્ષની શરૂમાં હાથ ધરવામાં આવ્યું હતું. તે લગભગ પૂરું થવા આવ્યું છે, અને આવતા વર્ષની શરૂઆતમાં તે જાહેરને માટે ફરી ખુલ્લો મુકાશે.

વાચકો લખે છે—



વાચકો તરફથી અમારા પર આવતા પત્રોમાં ઘણીવાર એવા મુદ્દા હોય છે કે જેમાં અન્ય વાચકોને પણ ભાગીદાર કરવાની અમને ઇચ્છા થાય છે; એટલે ઘણા સમયથી ધારેલો વિભાગ આ અંકથી શરૂ કરીએ છીએ. એમાં ટીકાઓ, ચર્ચાચર્ચી અને વિતંડા અમે દૂર રાખીશું. કહેવાની જરૂર નથી કે પ્રકટ થતા વિચારો સાથે અમે સદા સહમત હોઇએ જ એવું નથી.

ઝીણાં બીબાં [૧]

આજ સુધી 'કુમાર'ના આ માસના અંકની રાહ જોઈ, પણ કોઈ પરિણામ નથી... રાયપુરથી નવરંગપુરા આવતાં 'કુમાર' ગુમ થાય એ તો આપણા ટપાલવ્યવહારનું પોગળ જ છે. ખરેખર, નીતિનું નામ ભૂંસાતું જ જાય છે. અમારા નાનકડા પુસ્તકાલયને વરસમાં બાર-પંદર વાર જુદાંજુદાં સામયિકોની કચેરીઓ પર આવી ફરિયાદો કરવી પડે છે...

હવે એક અગત્યની વાત. અમારું લવાજમ થોડાક જ સમયમાં ખલાસ થતું હશે. અમે બરાબર બે વર્ષથી 'કુમાર'ના ગ્રાહક છીએ. અમારી બાજુના વાચકો પરથી માલૂમ પડ્યું છે કે તેઓ નાના ટાઇપોને લઈ, તેમજ સારી પેઠે કેળવાએલા વર્ગને અનુરૂપ સાહિત્ય આવતું હોઇ, 'કુમાર'નાં ચિત્રો સિવાય ખાસ વાંચતા નથી. આથી અમારું લવાજમ પૂરું થતાં ફરી વી.પી. ન કરવા વિનતિ છે.

ઉપરોક્ત કારણથી એમ માનવાને કોઇ કારણ નથી કે 'કુમાર'નું વ્યક્તિત્વ નથી. પણ અમારા વાચકો એને અનુરૂપ નથી.

નવરંગપુરા • અમદાવાદ —બબાભાઇ સો. પટેલ

[૨]

આપનું પત્ર ખરેખર કુમારો માટે અજોડ છે. કેવળ તેના ઝીણા ટાઇપો ઘણાને ખટકે છે. થોડી જગ્યામાં ઘણું લખાણ આપવાનો બીજો એકે માર્ગ નથી. કેટલાક આંખ નબળી પડી જશે એમ સમજીને વાંચતા નથી. આના ઉપર આપ જરૂર વિચાર કરી જોશો.

પંડિત ફળી • જામનગર —અચ્છાબાબાના જયહિંદ

[* * * 'કુમાર'નાં બીબાં ઝીણાં હોવા વિષે આ અગાઉ પણ અમારા પર પત્રો આવ્યા કર્યા છે. ઝીણા અક્ષરોથી આંખો બગડે છે એવી માન્યતા સર્વસામાન્ય છે. પણ તે હમેશાં જ સાચી નથી. કદાચ શાસ્ત્રીય અભિપ્રાય તેથી ઉલટો જ છે. 'પર્ફેક્ટ આઇસાઇટ વિધાઉટ ગ્લાસિઝ' નામના પોતાના વિખ્યાત પુસ્તકમાં દર્શાવેલી આંખોની કસરત વડે અનેક લોકોનાં ચશ્માં કઢાવી નાખનાર અને અનેકની આંખોનું નૂર પાછું આણનાર, વિખ્યાત નેત્રનિષ્ણાત ડૉક્ટર ડબ્લ્યુ. એચ. બેઈટ્સ(એમ.ડી.)એ, પોતાના ૩૮ વરસના અનુભવ ને સંશોધનને અંતે આંખોના આરોગ્ય સંબંધમાં જે વિશિષ્ટ શોધો કરી છે તે પૈકી એક અતિ મહત્ત્વની શોધ એ છે કે "ઝીણા અક્ષર આંખને લાભ કરે છે; અને મોટા અક્ષર નુકસાન કરે છે!" વાંચતાંવેંત જ આ તદ્દન વિચિત્ર અને અવળી વાણી લાગશે; પણ આ સત્ય તેમણે ફરીફરીને સાબિત કર્યું છે. એમના સિદ્ધાંતોની વિગતવાર ચર્ચામાં ઊતરવાનું આ સ્થળ નથી. (એમની એ પદ્ધતિ અનુસાર આંખની તંદુરસ્તી સાચવવા અંગેની એક લેખશ્રેણી 'બૃહદ્ ગુજરાત માધ્યમિક વ્યાયામશિક્ષક સંઘ'ના મુખપત્ર 'શરીર અને શિક્ષણ'માં ડૉ. ગોવિંદલાલ પટેલ લખે છે, તેમાંથી આ અંકની 'માધુકરી'માં શરૂનો ભાગ લીધો છે,—અને હવે પછી લેવા ચાહીએ છીએ—તે કદાચ ઈચ્છુકોને રસ આપશે.) પણ અમે એટલું તો કહીએ કે યુરોપ-અમેરિકાનાં ઘણાંખરાં સામયિકો પણ 'કુમાર'નાં બીબાંના કદનાં જ બીબાંમાં છપાય છે. મુદ્રણશાસ્ત્રીય પરિભાષામાં 'કુમાર'નાં બીબાંનું કદ લગભગ 'દસ પૉઈન્ટ'નું છે. બીજાં પુખ્ત વયનાં માણસો માટેનાં સામયિકો ઉપરાંત કિશોરો-કુમારો માટેનાં વિલાયતનાં પત્રો પણ મોટે ભાગે ૧૦ પોઈન્ટ બીબાંમાં આવે છે: 'અમેરિકન બૉય', 'બૉય્ઝ લાઈફ', 'બૉય્ઝ ઓન પેપર', અને હિંદમાંથી નીકળતું 'ટ્રેઝર ચેસ્ટ' એટલાં તો તરત ગણાવી શકાય.]

રંગકળા

આપનું 'કુમાર' માસિક ચિત્રકળાના ઉત્તમ નમૂનાઓ માટે લાંબા સમયથી જાણીતું છે. પરંતુ હજી સુધી તેમાં રંગકળાના વિષય પર ખાસ લખાણ કે કોઈ સુંદર લેખ મનન કરવા જેવો વાંચવામાં આવ્યો હોય એમ લાગતું નથી. રંગો, તેની જુદીજુદી જાતો અને તેનાં યોગ્ય મિશ્રણ પ્રમાણો જણાવતો તેમજ એક મનનીય લેખ માનનીય શ્રી રવિશંકરભાઈ તૈયાર કરી અંગના આ પત્રમાં છાપે તો ગુજરાતમાં ચિત્રકળાની માફક રંગકળા પણ ખીલી ઊઠે.

મહીધરપુરા • સુરત —ઈશ્વરલાલ ચંદુલાલ ખ્યાલી

પુસ્તક-પરિચય

'કુમાર'માં એક પાનું પુસ્તકપરિચય માટે કાયમી રાખો તો સારું. આજે સાહિત્ય એટલું બધું પ્રકટ થાય છે કે ઘણી વખત માણસ પોતાની રુચિ પ્રમાણે શું વાંચવું, શું નહિ તેનો નિર્ણય કરી શકતો નથી; કારણકે ઘણાં બધાં પુસ્તકોમાંથી કયું પુસ્તક કયા વિષય ઉપર લખાયું છે તે જાણવા આપણી પાસે તેના નામ (શિર્ષક) સિવાય બીજો માર્ગ નથી હોતો. અને આજે તો શિર્ષક પણ મોહામણાં અપાય છે. કદાચ છેતરપિંડી હોય! માટે, પુસ્તકપરિચય એક બે સામયિકોમાં વાંચીને, છેલ્લાં પ્રકાશનોમાંથી પોતાની રુચિ, સ્વભાવ, અભ્યાસને અનુકૂળ શું છે તે માણસ ગોતી શકે...

વડગાદી • મુંબાઈ —જમનાદાસ ખેરાજ

શું સમજવું? [૧]

ઘણાં વર્ષોથી હું આપના 'કુમાર'નો નિયમિત વાચક છું. કહેવાનું એટલું જ કે, ગુજરાતના શ્રેષ્ઠ માસિકનાં અમૂલ્ય પાન, દર મહીને ચાર-પાંચ, 'બાંધગઠરિયાં'માં રોકીને બગાડો છો એની મને દિલગીરી થાય છે. મારી દૃષ્ટિએ તે ઠીક નથી. બાકી આપને યોગ્ય લાગે તે. અવિનય માફ કરશો.

રનોલી (વડોદરા) —આર. એ. પટેલ

[* * * ગયા જાન્યુઆરીથી 'બાંધ ગઠરિયાં'ની માળા શરૂ થઈ ત્યારથી તેને અંગે અમને જે અનેક અભિપ્રાયો મળ્યા છે તેમાં, આ ઉપરનો એક જ અભિપ્રાય તેની વિરુદ્ધનો છે; બીજા બધા જ અભિપ્રાયો, જે તેની તરફેણમાં આવ્યા કર્યા છે, તેમાં દર્શાવેલા મુદ્દાઓને આવરી લેતો અભિપ્રાય આ નીચેના પત્રમાં છે:]

[૨]

'... ચન્દ્રવદન મહેતાની આત્મકથા તો 'કુમાર'નું એક મોટું આકર્ષણ થઈ પડ્યું છે. જે જે લોકો એ વાંચે છે તેઓ એના મુગ્ધ પ્રશંસક બને છે. રમતિયાળ શૈલી, તળપદી ભાષા, હાસ્યની

છાળો, રસ જમાવવાના પ્રસંગો અને આનંદી વાતાવરણવાળી આ આત્મકથા અજબ રસ જમાવે છે.'

નિસર્ગોપચાર આશ્રમ • પો. ઉરૂલી (પૂના) —માધવ

સરખામણી

ભાઈ પ્રજારામનું 'તામિલ દેશમાં ડોકિયું' (અંક ૩૨૨) વાંચીને ખુશ થયો હતો. તાંબુલ, રંગોળી ને વેણીના ત્યાંની સ્ત્રીઓના શૉખ માટે મેં પણ થોડુંક મેળવ્યું હતું, અને ગુજરાત સાથે સરખાવ્યું હતું.

તાંબુલ ખાવાની દક્ષિણ હિંદની રીતમાં, મદ્રાસમાં તો, વ્યક્તિના હાથમાં પચીસત્રીસ પાન હોય ને થોડોક ચૂનો હોય. એક પાનને જરા ચૂનો ચોપડી કે ચાટીને તાંબુલભક્ષણ પૂરું કરે. બાકી કોઈ પટ્ટણી, સૌરાષ્ટ્રી કે સુરતી સ્ત્રીને પાનનો સુંદર ડબ્બો લઈને હીંચકા પર બેઠેલી જોઈ છે? પાનમાં મસાલો અને સુગંધ ગુજરાતે મૂક્યાં છે.

અને રંગોળી? ગુજરાતી વાણિયા-બ્રાહ્મણની વાત મૂકી દો; દરજી, લુહાર, કુંભાર વગેરે કામમાં પણ હમેશાં ઉંબરપૂજન કરે છે ત્યારે નાનાં ફૂલ અને તરેહતરેહના સ્વસ્તિક ચીતરે છે, તે જોયું છે? તે પ્રાથમિક કક્ષાની વાત બાજુએ મૂકીએ, પણ મુંબઈમાં ઘણીવાર 'અખિલ હિંદ મહિલા પરિષદ' તરફથી કે કોઈ બીજી સંસ્થા તરફથી રંગોળી-હરીફાઈ થાય છે ત્યારે ય પહેલાં ઇનામ તો ગુજરાતી સ્ત્રીઓને જ મળે છે. રંગોળીમાં ય રંગ તો ગુજરાતે જ પૂર્યા છે ને?

અને વેણી? ગુજરાતમાં જૈનોની વસતિ ઘણી, એટલે ઝાડ-પાન બિનજરૂરી તોડવાં તેને પાપમાં ગણ્યું. છતાં ય મુંબઈ આવે ત્યારે એક જ જાતની વેણી ગુજરાતણ અને બીજા કોઈ પ્રાંતની સ્ત્રી પહેરે, અને પછી કોઈ 'છટા' શબ્દનું મૂળ સ્થાન શોધે તો સમજાય.

Apart from that, ગુજરાતણોએ બીજાની કોઈ પણ વસ્તુનું સુંદર અનુકરણ કરી બતાવ્યું છે; પણ ગુજરાતી ભરત, ગુજરાતી રસોઈ, ગુજરાતી રાસ, કે આના પાવલોવા જેવી નૃત્યકાર પણ ખુશ થઈ જાય તેવી રીતે સાડી પહેરી બતાવે તો હું માનું કે પોતાને સૌથી વધુ સંસ્કારી માનતા પ્રાંતોમાં યે સંસ્કાર છે...'ઉર્વીસાર ગુજરાત' લખનારે વગરવિચારે નથી લખ્યું.

નવી વાડી • મુંબાઈ —જસુ શાહ

કોઈને જોઈએ તો!

મારી પાસે 'કુમાર' માસિકના નીચે જણાવ્યા મુજબના અંકો પડેલા છે: ૬ અંકો જુલાઈ ૧૯૪૨થી ડિસેમ્બર ૧૯૪૨ સુધીના; ૧૨ અંકો જાન્યુઆરી ૧૯૪૩થી ડિસેમ્બર ૧૯૪૩ સુધીના કમ્પલીટ. મજકુર અંકો ૦ાા લેખે મારે વેચવાના છે, જેની કુલ કીંમત રૂ. ૧૩ાા થાય છે, અને એ જ કીંમતે હું આપી દેવા ખુશી છું.

—[અમીનાબાઈ મુસાભાઈ ભાવનગરવાલા, વાણિયાવાલા બિલ્ડિંગ ૪થે માળે, નિશાનપાડા રોડ, પાલખી મહોલ્લા, ડોંગરી મુંબઈ-૯]

તા. ક. બધા જ અંકો સાથે આપવાના છે છુટક આપવા નથી, કારણ કે આખી ફાઈલ બાંધેલી છે.

બે નવાં ખનિજો

સિલિમેનાઈટ અને વર્મિક્યુલાઈટ

રોજિંદા જીવનમાં વિજ્ઞાન ૪૪ લેખક • ડૉ. નરસિંહ મૂ. શાહ

આજથી ૨૦-૨૫ વર્ષો પહેલાં તો આ બે ખનિજો તદ્દન અપરિચિત હતાં; પરંતુ આજે તો ઉદ્યોગોમાં તેમનો ઉપયોગ સામાન્ય થઈ પડ્યો છે.

સિલિમેનાઈટના સમૂહમાં ત્રણ ખનીજોનો સમાવેશ થાય છે: (૧) એન્ડાલ્યુસાઈટ, (૨) ક્રીએનાઈટ અને (૩) સિલિમેનાઇટ. આ ત્રણે એલ્યુમિનીયમનાં સિલિકેટો છે. આ ખનિજોની વિશિષ્ટતા એ છે કે અતિ સખત ઉષ્ણતાએ પણ તેમાં ફેરફાર થતો નથી. ભઠ્ઠીમાં તેમને ઓગાળવાથી તેમનું, મુલાઈટ નામના એલ્યુમીનિયમ સિલિકેટમાં વધતા ઓછા અંશે રૂપાંતર થાય છે. આ ખનિજો ઊંચી જાતના દુર્દ્રાવ્ય પદાર્થો (refractories) ની બનાવટમાં પુષ્કળ વપરાય છે. તેમાંથી બનાવેલી પોર્સિલેઈન (ચીની માટી) અદ્ભુત ગુણો ધરાવતી માલૂમ પડી છે. તેનું ગલનબિંદુ ખૂબ ઊંચું છે, જ્યારે પ્રસરણાંક તથા વિદ્યુત્વાહકતા સાવ ઓછાં છે. એટલે વીજળીના કામના સ્પાર્ક-પ્લગ, પ્રયોગશાળામાં વપરાતા સામાન, થર્મોકપલની નળીઓ, વીજળી ભઠ્ઠીઓમાં વપરાતી ખાસ ઈંટો, સીમેન્ટની ભઠ્ઠીઓ વગેરેની બનાવટમાં તે અતિ ઉપયોગી નીવડ્યું છે. ક્રીએનાઇટનો ખાસ ઉપયોગ હવે દુર્દ્રાવ્ય સીમેન્ટની બનાવટમાં અને કાચને વિશેષ મજબૂત કરવા માટે થવા લાગ્યો છે.

આખી દુનિયામાં માત્ર બે દેશોમાં આ ખનિજો આવેલા છે: એક હિંદ અને બીજો અમેરિકા. આપણા દેશમાં કીએનાઈટ ખૂબ નીકળે છે. તેનાં મહત્ત્વનાં ભરાણો સીંગભોમમાં છે. રેવા રાજ્યમાં પીપરા પાસે અને આસામમાં ખાસી ટેકરીઓમાં સિલિમેનાઇટનો મોટામાં મોટો જથ્થો આવેલો છે. પરંતુ તેનો ઉપયોગ હજી થઈ શક્યો નથી. ક્રીએનાઈટ તો ભારત દર વર્ષે વીસ હજાર ટન જેટલું કાઢે છે અને તેમાંનો મોટો ભાગ અમેરિકા ખાતે ચડે છે.

વર્મીક્યુલાઇટ અબરખની એક જાત છે. (તેને વિષે વિગતવાર માહિતી ૩૦૨ અંકના 'માધુકરી' વિભાગમાં આવી ગઈ છે.) તેને ગરમ કરવાથી તે દસ ગણું ફૂલે છે ને આ ક્રિયા દરમ્યાન અળસિયા ચાલતા હોય એવી હીલચાલ નજરે પડે છે. એ ઉપરથી અંગ્રેજી શબ્દ વર્મ (એટલે અળસિયું) વાપરીને આ ખનીજનું નામ વર્મીક્યુલાઇટ પાડવામાં આવ્યું છે. આ ખનીજનો કુદરતી રંગ પીળાશપડતો ભૂખરો હોય છે, પરંતુ ગરમીમાં ફુલાવ્યા પછી તે આછો પીળો થઈ જાય છે. તેના એક ઘન ફૂટનું વજન માંડ દસેક પૌંડ થાય છે.

મકાનની અંદરની દીવાલોને વીજરખુ બનાવવા (insulate કરવા) માટે આ ખનીજનો ઉપયોગ મુખ્યત્વે થાય છે ને સીમેન્ટની સાથે મેળવીને તેને વાપરવામાં આવે છે. સાઉન્ડ-પ્રુફ (નાદાભેદ્ય) મકાનોની બનાવટમાં પણ તે વપરાય છે. ઉપરાંત રેફ્રીજરેટરો, બૉઇલરોનાં ઢાંકણાં અને પાઇપોમાં પણ તેનો ઉપયોગ અસરકારક માલૂમ પડ્યો છે. તેનો બારીક દળેલો ભૂકો ગ્રેફાઇટને બદલે ઊંજણાં તરીકે પણ વપરાવા માંડ્યો છે. મોટરનાં જૂનાં આંતરદાહક (ઇન્ટર્નલ કમ્બશ્ચન) એન્જિનોમાં તે ફાયદાકારક માલૂમ પડ્યું છે.

વર્મીક્યુલાઇટનાં મોટામાં મોટાં ભરાણો અમેરિકાના મૉન્ટાના પરગણામાં આવેલાં છે. આ ઉપરાંત, ટ્રાન્સવાલ, ટાંગાનૈકા અને રશિયામાં યુરલ પ્રદેશમાંથી પણ મળે છે.

રુધિરાભિસરણ (અનુ.પૃ. ૪૩૩થી ચાલુ) નાનીમોટી કરે છે, અને શરીરના ભાગો કે અવયવોની ક્રિયાશક્તિના પરિણામે ઊભી થએલી જરૂર અનુસાર વધારે કે ઓછા લોહીનો પ્રવાહ વહેવડાવે છે.

ખાધા બાદ લોહીનો જથ્થો પેટમાંનાં પાચનતંત્રો ભાગી લે છે. આથી મગજમાં એ વખતે લોહી ઓછું વહે છે. પરિણામે ભારે ખોરાક ખાધા પછી માનવી ઊંઘથી ઘેરાય છે. પેટ ભરીને ખાધા પછી વિદ્યાર્થી અભ્યાસમાં બેસે ત્યારે તેને ઊંઘ ચડે છે તેનું કારણ આ છે. ખાધા બાદ તરવાનું કે ઊના પાણીથી નહાવું દોષિત ઠર્યું છે તેનું કારણ સમજાય તેવું છે. તરવામાં ચામડીને અને માંસપેશીઓને જેટલું મળે તેટલું લોહી જોઈએ છે; અને હોજરીમાં ખોરાક હોવાથી પાચનતંત્રોને પણ એટલી જ જરૂર રહે છે. અને લોહીની ખેંચ તો મગજ અને ફેફસાંઓમાંથી જ હૃદય પૂરી પાડે છે. આથી ઉપરના અવયવોને લોહી અપૂરતું મળવાથી તરનાર બેભાન બને છે.

જયારે કોઇ અવયવ કે અવયવોના જૂથ કાર્યશીલ હોય છે ત્યારે રુધિર-નળીઓની સુદૃઢતા (Tonus) કમી થાય છે; આથી તે વધુ પહોળી થાય છે અને પરિણામે તેમાં લોહી વધુ પ્રમાણમાં વહે છે. જ્યારે આમ થાય છે ત્યારે અન્યોન્ય સંબંધ રાખનાર બીજી રુધિર-નળીઓ સંકોચાય છે. આ વ્યવસ્થાથી શરીરના જુદાજુદા ભાગોમાં લોહીની વહેંચણીનું નિયમન થાય છે. આ નિયમન વાઝોમોટર (જ્ઞાન-તંતુના કાર્ય)ના આધારે છે. વાંચતી, લખતી કે ગણિત ગણતી વખતે મગજને વધારે લોહીની જરૂર હોય છે. આ વખતે પેટના ક્ષેત્રમાંથી લોહીનો પુરવઠો મગજમાં જાય છે. મિષ્ટાન્નનો વિચાર કરતાં કે તે નજરે પડતાં વેંત જ લાળની ગ્રંથીઓ, જઠર, કલેજું, પૅન્ક્રિયાસ વગેરેની ધમનીઓ પહોળી થાય છે અને લોહીથી ઉભરાઈ જાય છે; જો શરીર પુષ્કળ તપી ઊઠયું હોય તો વાઝોમોટર જ્ઞાનતંતુઓ ચામડીની રક્ત-વાહિનીઓને પહોળી બનાવે છે; એથી ચામડી રાતો રંગ ધારણ કરે છે અને ગરમી નિવારવા માટે પરસેવો છૂટવા માંડે છે

જ્ઞાનતંતુઓની નબળાઇ (Neurosis)વાળા માણસોની કેશ-વાહિનીઓ ઉત્તેજના પામતાં જોસભર્યો પ્રત્યાઘાત અનુભવે છે. આના પ્રતાપે ચામડીનો રંગ ઝટ બદલાય છે. ટીકા કે વખાણ સાંભળતાં મોં પર ગુલાબી તરી આવે છે. આવા માણસોને સાધારણ ગાવઠું થતાં વારંવાર છીંકો ઊપડે છે. હવામાન બદલાતાં તે આધાશીશીથી પીડાય છે, તેમને વારંવાર શરદી થઈ આવે છે, અવારનવાર ઝાડા અને પેટમાં ચૂંકના દરદથી તે પીડાય છે.

શરીર ઉપર ઘા પડતાં માણસ બેભાન થાય છે, એનું કારણ એ છે કે ઘવાએલી માંસપેશીઓમાંથી હીસ્ટેમાઇન (Histamine) નામનું દ્રવ્ય પેદા થાય છે. આની અસર તળે કેશવાહિનીઓ પહોળી થાય છે ને તેની દીવાલો ભેદ્ય (Permeable) બને છે, જેથી તેમાંથી 'ચૂવેલું' લોહી તંતુઓમાં જમા થાય છે. આથી રુધિરાભિસરણમાં લોહીનું પ્રમાણ ઘટે છે, એટલે હૃદય, મગજ અને ફેફસાંને પૂરતુ લોહી નથી મળતું, અને આના પરિણામે માનવી બેભાન થાય છે.

મોં કે નાક ઉપર જોસથી મુક્કો વાગતાં માણસ તમ્મર ખાઈ ભોંયે પડે છે. આ વખતે મુક્કાથી માથું પાછું પડે છે, આથી બોચીના ઉપલા ભાગની અંદર આવેલો મગજનો ભાગ Medulla Oblongata (મેડુલા ઑબલૉન્ગેટા) દબાય છે ને રુધિરજ્ઞાનતંતુઓ ઇજા પામે છે. આથી વાઝોમોટર કેન્દ્ર પ્રતિરોધ (Inhibit) પામે છે. આના પ્રતાપે પેટની ધમનીઓ પહોળી થાય છે. હૃદય, ફેફસાં અને મગજનું લોહી પેટના ક્ષેત્રમાં જમા થાય છે, અને લોહીની તાણ પડવાથી માનવીને તમ્મર ચડે છે. આવી જ રીતે પેટમાં મુક્કો લાગતાં કે બોચીમાં મૂઢ માર પડતાં પણ માનવી તમ્મર ચડી બેભાન બને છે.

ઉંમર વધતાં શરીરના અન્ય તંતુઓની જેમ ધમનીઓ પણ સખત બને છે. તેમાં કૅલશ્યમ જમા થાય છે અને પરિણામે ધમનીઓ સાંકડી બને છે. આવો સૌથી પ્રથમ સડો (Degeneration) મગજ, હૃદય અને ગુરદાની ધમનીઓમાં શરૂ થાય છે. ધમનીની દીવાલો સાંકડી અને સખત થવાથી લોહીના પ્રવાહમાં અવરોધ ઉત્પન્ન થાય છે. આથી લોહીને ફરતું રાખવા હૃદયને ખૂબ જોરથી કાર્ય ઉપાડવું પડે છે. આવું લાંબો વખત ચાલતાં હૃદયનું કદ મોટું થાય છે, ધમનીઓની દીવાલ ઉપર લોહીનું દબાણ વધે છે, અને આ રીતે માનવી લોહીના દબાણના રોગનો ભોગ બને છે.

એટલે, માણસની તંદુરસ્તી ધમનીઓની તંદુરસ્તી ઉપર અવલંબે છે. ધમનીઓ જેટલી વૃદ્ધ (બગડેલી) એટલો માણસ વૃદ્ધ. મોટી ઉંમરે મશાલેદાર ખોરાક અને માંસાહાર પણ ધમનીઓને અ-સ્થિતિસ્થાપક અને કઠણ બનાવનાર નીવડે છે. ચાલુ દારૂ પીનાર-ની ધમનીઓ તો આખા શરીરમાં પહોળી થએલી હોય છે. આથી એવા માણસને વૃદ્ધત્વ જલદી આવે છે. ધમનીઓ બગડે છે અને હૃદય બંધ પડવાથી અકાળ મૃત્યુ થાય છે.

ઊંડો શ્વાસ લેવાથી અશુદ્ધ લોહીને પાછા ફરવામાં તથા જમણા હૃદયમાં ઝપાટાબંધ આવવામાં મદદ થાય છે. પેટની શિરાઓ સંકોચાતાં અશુદ્ધ લોહી વધુ પ્રમાણમાં ઊંચુ જાય છે વ્યાયામ કર-વાથી છાતી ફૂલે છે, ફેફસાંઓની ધમનીઓ વધારે લોહીથી ભરાય છે અને લોહીમાંનો પ્રાણવાયુ અશુદ્ધ લોહીને વધુ પ્રમાણમાં શુદ્ધ કરે છે તથા અશુદ્ધ લોહીની જમાવટ ઓછી થાય છે. કસરત વખતે, ઉતાવળે ચાલતા, ટેકરી-પર્વત ઉપર ચડતાં કે હૃદય ઉપર ભાર જેવું લાગતાં ઊંડો શ્વાસ લેવાથી ઘણી રાહત શાથી મળે છે તે હવે સમજાશે.

શરીરરચનામાં કુદરતની કરામત અજબ છે. વૈજ્ઞાનિકોનું અનુ-માન છે કે ધમનીઓ, શિરાઓ ને કેશવાહિનીઓની બધી નળીઓને છેડેછેડા જોડીને જો લાંબી ગોઠવીએ તો તેની લંબાઇ ૧૨ ૦૦૦ માઇલ થાય! આ બધી આપણા શરીરના નાના ક્ષેત્રમાં કેટલી અજબરીતે ગોઠવાઇને રહી હશે! એ આખા વિસ્તારમાં હૃદયના ફક્ત એક જ ધબકારાથી લોહી બધે ફરી વળે છે.

પણ માનવીની ખાનપાનની મૂર્ખાઈ અને અવળચંડાઈ આગળ કુદરતની ગમે તેવી કરામત પણ કેટલો સમય ટકી શકે? ધમની-ઓને નુકસાન કરે એવી મોજભરેલી, બેવકૂફાઈ ભરેલી જિંદગીને લીધે લોહીના વધુ દબાણથી કે મગજમાં નસ તૂટવાથી ઘણાં મરણ થાય છે.

પચીસ વર્ષ પહેલાં (અનુ.પૃ ૪૫૩થી) બહાર નીકળતાં શુકન જુએ. દિવસના હમેશાં દોઢ કલાક (રાહુ કાળ) એવો આવે કે જે કોઇ પણ વ્યાપારનું કે વ્યવહારનું સારું કામ કરવા માટે અયોગ્ય ગણાય!

અહીં સવાર કરતાં સાંજે વધારે આનંદકલ્લોલ હોય છે; બીજા વાર કરતાં શુક્રવારે માણસોની વધારે ભરતી હોય છે; બીજા મહિના કરતાં ચૈત્ર માસમાં વધારે ઉત્સવ અને ઠાઠ જાગે છે. સાયંકાળે સૂર્ય પોતાનાં કિરણો સંકેલે, આકાશમાં અંધકાર જામે, રાત્રિના તારા ચમકવા માંડે ને મીનાક્ષિના મંદિરમાં જ્યાંત્યાં દીપમાળા પ્રગટી ઊઠે. ત્યારે તેલના નાનાનાના એ અસંખ્ય અસ્થિર દીવાઓની હારની હાર આપણી આંખોને ઠંડક તેમજ આનંદ આપે છે. તે પ્રત્યેક દીપશિખા પવનલહરિ આવતાં નાચવા માંડે છે અને મીનાક્ષિને પ્રસન્ન કરવા નૃત્ય કરી રહેલ નટરાજનાં નૃત્યઆંદોલનો જાણે કે ચારે તરફ ફરકી રહ્યાં હોય એવો આનંદ, આવનાર પ્રેક્ષકગણ અનુભવે છે.

મુક્તિ પ્રસૂન (નાટિકા) પાછળને અનુસંધાને ચાલુ

કલ્યાણી : કાયદો અને વ્યવસ્થા ! હા . . . હા . . . (હસે છે) કયો કાયદો? ક્યાં છે વ્યવસ્થા ?

જ૦ ઘોષાલ : તમે કહેવા શું માંગો છો ?

કલ્યાણી : એ જ કે તમારા વર્તમાન કાયદા અને વ્યવસ્થાના ધોરણ સાથે મારે કાંઈ જ નિસ્બત નથી. એની સામે મને સૂગ છે.

જ. ઘોષાલ : તમારી સામેનું તહોમતનામું વંચાઈ જવા દો. પછી તે માટે જે કાંઈ કહેવું હશે તે કહી શકશો.

મિ. સેન : હું પણ ટૂંકામાં જ પતાવું છું. મિસ કલ્યાણી મજુમદારે જુલાઈની ૨૨મી તારીખે રાત્રે, નં. ૧૨ નિર્મલ લોહિયા લેન વાળા મકાનમાં એક અજાણ્યા પોલીસ અફસરનું ખૂન કર્યું . . .

જ૦ ઘોષાલ : અજાણ્યા અફસરનું ? કેમ, હજુ સુધી પોલીસ એમનું નામઠામ મેળવી શકી નથી ?!

મિ. સેન : મી લૉર્ડ ! આસામીનો ચહેરો તદ્દન છુંદાઈ ગયો છે અને કોઈ રીતે ઓળખાણ પડી શકે તેમ નથી.

જ૦ ઘોષાલ : પણ કપડાં, રીવૉલ્વર વગેરે ઉપરથી, તમારા પોલીસ-ખાતાના અફસરોની હાજરી-ગેરહાજરી ઉપરથી તો—

મિ. સેન : એ બાબતમાં પોલીસની તપાસ ચાલુ જ છે; પણ આ કેસમાં આ મિસ મજુમદારે એક શખ્સનું ખૂન કર્યું છે એ જ મહત્ત્વની વાત છે. . . .

જ૦ ઘોષાલ : Please go on with your case.

મિ. સેન : યસ મી લૉર્ડ. (વાંચે છે) અને ફોનથી પોલીસને ખબર આપીને પોતાની જાતે જ ગુનેગાર તરીકે જાતને સોંપી દીધી છે. પોલીસ તપાસમાં જણાયું છે કે મિસ કલ્યાણી પૂર્વ બંગાળની એક નિરાશ્રિત બાઇ છે; ને પોલીસનું માનવું છે કે તેમણે પોતાના સૌંદર્ય અને બુદ્ધિની જાળમાં અનેક આસામીઓને ફસાવીને . . . .

કલ્યાણી : (ગર્જી ઊઠતાં) એ નરાતાળ જૂઠ છે, બનાવટ છે . . .

જ૦ ઘોષાલ : ઑર્ડર, ઑર્ડર.

મિ. સેન : (આગળ વાંચતાં) ને કંઈકને પાયમાલ કર્યાં હોવા જોઇએ. છેલ્લા ત્રણ માસ દરમ્યાન ઓછામાં ઓછા . . . .

કલ્યાણી : (વધુ ગુસ્સાથી ગર્જી ઊઠતાં) કાયદા ને વ્યવસ્થાના રખેવાળો, હવે સાંભળી લો. અત્યાર સુધી હું ધીરજ રાખીને અને કોર્ટની અદબ સાચવીને ચૂપ રહી હતી, પણ હવે મને બોલતી કોઇ અટકાવી શકે તેમ નથી.

મિ. સેન : કોર્ટનું અપમાન થાય છે, નામદાર.

કલ્યાણી : તે માટે જે કાંઇ શિક્ષા તમારી ન્યાયપોથીમાં હોય તે મારા ઉપર અજમાવી શકો છો, મિ. સેન ! હવે હું બેતમા છું. મારો ઈરાદો તો મેં ખૂન કર્યાનો સાફ અને ટૂંકો એકરાર કરીને મૂગે મોઢે તમારી આપેલી સજા ભોગવી લેવાનો જ હતો. પણ આજે કાયદા અને વ્યવસ્થાને નામે જે હડહડતું જૂઠાણું તમે અહીં રજૂ કરવા માંડયું છે તેની સામે તો હું જરા યે મૂગી રહી શકું તેમ નથી. મારા જેવી અન્યાય પામેલી, ત્રાસ પામેલી ગરીબ કંગાલ સ્ત્રીઓને ખાતર આજે તમારા કાયદાને, તમારી વ્યવસ્થાને હું પડકાર ફેંકું છું.

જ૦ ઘોષાલ : તમારે જે કહેવું હોય તે સ્થિરતાથી, શાંતિથી કહો.

કલ્યાણી : સ્થિરતા ? શાંતિ ?! આજે મારે હૈયે અગન બળે છે, મારા શરીરને સહસ્ર સહસ્ર વીંછીની વેદના આજે બાળી રહી છે, ત્યાં મને શાંત થવા કહો છો ? મારી પાસેથી સ્વસ્થતાની આશા રાખો છો ? જજ સાહેબ, તમારે દીકરી છે ? મિ. સેન, તમારે કોઈ જુવાન બેન છે ?

મિ. સેન : આ હદ થાય છે. મી લૉર્ડ, કેદીને . . .

જ૦ ઘોષાલ : (ઠંડા સ્થિર અવાજે) એમને બોલવા દો મિ. સેન. (અને કંઈક સહાનુભૂતિથી બે લાઇ જતું હોય તેમ કલ્યાણીને) બોલો, મા !

કલ્યાણી : (ગદ્ગદ્ કંઠે) મા ?! મને તમે મા કહ્યું ? એ રીતે મને મારા બાપુ લાડથી બોલાવતા. '૪૬ના ઢાકાના તોફાન વખતે, યુનિવર્સિટીમાંથી પાછા ફરતાં તોફાની ટોળાને વારવા જતાં કોમવાદની છરીના ભોગ એ બની ગયા, અને અમને નિરધાર કરતાં ગયા. (ડૂસકો મૂકી રોઇ પડે છે.)

મિ. સેન : કોણ પ્રો. મજુમદાર ? પ્રો. વિમળ મજુમદાર, જે હિંદુ-મુસ્લિમ હુલ્લડખોરોને શાંત કરવા જતાં હુમલાનો ભોગ થયા, તે તમારા પિતાજી ?

કલ્યાણી : હા, એ જ મારા પિતા ! હું એમની જ પુત્રી, આજે ખૂનના આરોપસર તમારી સમક્ષ ઊભી છું.

મિ. સેન : તમારા જેવી સંસ્કારી યુવતીને આ શું સૂઝ્યું ?

જ૦ ઘોષાલ : અધીરા ન થાઓ મિ. સેન. આગળ બોલો, કલ્યાણી.

કલ્યાણી : બંગદેશના પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગ પડચા પછી પણ મેં મારી મા અને નાના ભાઈ સાથે ઢાકામાં જ રહેવાનું પસંદ કર્યું. પણ ધીરેધીરે પરિસ્થિતિ વણસતી ચાલી. જેમતેમ કરીને હું એમ.એ.ના છેલ્લા વર્ષ સુધી પહોંચી. પણ પરીક્ષા આપવાનું બને તે પહેલાં તો મારે અભ્યાસ છોડવો પડચો. મારા નાના ભાઈને ભણાવવા માટે અને ઘર ચલાવવા માટે મારે નોકરી કર્યા સિવાય છુટકો જ નહોતો. પણ ધીરેધીરે અમારા માટે ઢાકામાં રહેવું દુઃસહ્ય બન્યું. અને છેવટે, છેલ્લે, ફેબ્રુઆરી-માર્ચનાં તોફાનોમાં ગુંડાઓના ત્રાસથી બચવા, એક દિવસ હું, મારી અપંગ મા અને નાનો ભાઇ સલામતીની શોધમાં—હા સલામતી ! તમે જણાવો છો એ કાયદા ને વ્યવસ્થાથી રક્ષાએલી સરકારના આશ્રય નીચે સલામતી શોધવા, એક કાળે દિવસે સિયાલ્દા સ્ટેશને ઊતર્યાં. આશ્રયની શોધમાં અમે હતાં ત્યાં એક દિવસ. . .

[આગલ: તખ્તા ઉપર એકદમ અંધારું થઈ જાય છે અને ખૂબ આછા પ્રકાશમાં પાછળનો પડદો ખુલે છે તથા ઉપરના તખ્તા ઉપર કોઈ પણ સ્ટેશન ઉપરના વેઇટિંગ રૂમમાં હોય છે તેવા ફર્નિચરની સજાવટવાળો ઓરડો જણાય છે. ઓરડાનું બારણું પાછળ પ્લૅટફૉર્મ ઉપર ખુલે છે. પ્લૅટફૉર્મ ઉપર નિર્વાસિત સ્ત્રી-પુરુષોની અવરજવર અને ખડકેલો સામાન જણાય છે. ઓરડાની અંદર, અસ્તવ્યસ્ત પડેલા સામાનની વચમાં, લગભગ ૫૦ વર્ષની વયની એક વૃદ્ધ સફેદ સાડી અને સફેદ ગુંથાએલી ચાદરમાં ટૂંટિયું વાળીને બેઠી છે. એના ખોળામાં ૧૫ વર્ષનો ઠીકઠીક દેખાવડો એક છોકરો માથું મૂકીને સૂતો છે. એના વાળ અસ્તવ્યસ્ત છે. બન્ને પ્રવાસથી થાકેલાં જણાય છે.]

ધીરાજ : (ખોળામાં પડચોપડચો) મા, દિદિ હજી કેમ ન આવી ? મને તો ખૂબ ભૂખ લાગી છે.

મા : થોડું ખમ, બેટા; આવતી જ હશે. આ અજાણ્યા શહેરમાં એ ક્યાંક રસ્તો ન ભૂલી હોય તો સારું. અરે પ્રભુ ! તેં આ વખત આપ્યો ? રાજાની કુંવરી જેવી મારી લાડકવાયી દીકરીને અત્યારે

આમ અજાણ્યા ગામમાં ખોરાકની શોધમાં ભટકવું પડે છે? ઓ પ્રભુ, આનો કોઇ દિવસ અંત આવશે કે?

ધીરાજ : કેમ મા? શું થયું પાછું? મેં તને નથી કહ્યું કે મને જરા મોટો થવા દે, બાપુની જેમ હું પણ ભણીગણીને મોટો પ્રોફેસર થઈશ અને ત્યાર પછી તારે કાંઈ ચિંતા નહિ કરવી પડે. દિદિ પણ જતે દિવસે ખૂબ નામ કાઢશે. અમે બે બેઠાં છીએ ને તું આમ ચિંતા શીદને કરે છે?

મા : તો પછી ભૂખ લાગી છે કહીને મને પજવે છે કેમ?

[આગળના તખ્તા ઉપરના અંધારાનો લાભ લઇને કલ્યાણી ત્યાંથી નીકળીને, પહેરવેશમાં સામાન્ય ફેરફાર કરીને (આ વસ્તુ સુગમ બનાવવા માટે જ કોર્ટના પ્રવેશમાં કલ્યાણી શરીરે એક શાલ ઓઢી રાખે અને માથે અંબોડો રાખે; જ્યારે ઉપરના તખ્તામાં પ્રવેશતી વખતે એ શાલ કાઢી નાંખી હોય અને વાળ છુટા કર્યા હોય) હાથમાં કાંઈક ખાવાનું બાંધેલા પડીકા સાથે પ્રવેશ કરે છે. એ પ્રવેશતી હોય છે ત્યારે પાછળના પ્લૅટફૉર્મ ઉપર બે ત્રણ યુવાનો તથા એકાદ આધેડ વયનો પુરુષ એની પાછળ આવતા હોય છે અને સૂચક રીતે એકબીજાને ઈશારા કરતા હોય તેમ જણાય છે. પણ કલ્યાણીને એનો ખ્યાલ નથી.]

કલ્યાણી : બહુ ભૂખ લાગી છે ધીરાજ? હું તારા માટે થોડા સંદેશ, નીમકી અને આલુદમ લાવી છું. ચાલ બેઠો થઇ જા તો.

ધીરાજ : (હર્ષમાં આવી જઇ મા અને કલ્યાણીને બાઝી પડે છે.) કેમ મા, હું શું કહેતો હતો? દિદિને તું હજી પૂરું ઓળખતી નથી.

[એ વખતે પેલા ગૃહસ્થો એક પછી એક પ્રવેશ કરે છે અને સહેજ ખોંખારો ખાઇને આ લોકોનું ધ્યાન ખેંચે છે.]

સચ્ચિત : માફ કરજો મા, હું, હું...સચ્ચિતરાય 'બંગ નારી રક્ષા સમિતિ'નો હું મંત્રી છું. પૂર્વ બંગાળથી આવતાં સહસ્ર સહસ્ર અનાથ સ્ત્રીઓ તથા બાળકોને રક્ષણ આપવાનું તથા અન્નવસ્ત્ર પૂરાં પાડવાનું કાર્ય અમારી સમિતિ કરી રહી છે. અને આ છે શ્રીયુત ગાંગુલી—સત્યેન ગાંગુલી. મારા મદદનીશ સહમંત્રી. અને આ છે સુવ્રત દસ્તીદાર, અમારા મંડળના કોષાધ્યક્ષ...

સુવ્રત : નમસ્તે માજી, નમસ્તે મિત્ર...

મા : એનું નામ કલ્યાણી અને ખોકાનું નામ ધીરાજ...

સત્યેન : એમ? એમ? સરસ! આપ તો ખૂબ કેળવાયેલાં જણાઓ છો, અને આટઆટલું વીત્યા છતાં તમારા મુખ પરની મોહકતા...

સચ્ચિત : (તેને બોલતો અટકાવીને) સત્ય...હં, સત્યનું કહેવું એમ છે કે જો તમે પણ આ જાતના કલ્યાણકારી નારીરક્ષાના કામમાં અમારા મંડળને સહયોગ આપો તો પૂર્વ બંગની આપદ્ગ્રસ્ત, પીડિત મહિલાઓને મદદરૂપ થવામાં તમે પણ ઉપયોગી નીવડી શકો. તમારા જ તરફની સ્ત્રીઓને સારી રીતે સમજવામાં...

મા : એમ કે? તો તો બેટા શું ખોટું? તારા બાપુનો પણ એવો જ આદર્શ હતો ને કે એમની કલ્યાણી દેશના કલ્યાણ અર્થે જીવન વ્યતીત કરે?

સચ્ચિત : અમારું પણ એ જ કહેવું છે, મા. મિસ કલ્યાણી! આપ જો અમારી સાથે હો તો આવા સત્કાર્ય માટે ફંડ ઉઘરાવવામાં પણ ખૂબ મદદરૂપ થઈ શકો.

સુવ્રત : આપની જેમ બીજી પણ કેળવાએલી બહેનો ઢાકા, બારીસાલ ને ચટગાંવથી આવેલી છે અને અમને આ શુભ કાર્યમાં ખૂબ મદદરૂપ થાય છે.

કલ્યાણી : પણ મારા મા અપંગ છે ને ભાઈ હજી બાળક છે. એટલે એમના પ્રત્યેની ફરજ મને બીજું કાંઈ જ કરવા દે તેમ નથી.

સચ્ચિત : ઓહો! તે માટે આપ બેફિકર રહો. મા માટે અમે ખાસ વ્યવસ્થા કરીએ છીએ અને ધીરાજ માટે પણ બાલીગંજ સરકારી હાઇસ્કૂલમાં દાખલ કરવાની અમે વ્યવસ્થા કરીશું.

મા : તો શું ખોટું છે, બેટા?

સત્યેન : અને મિસ કલ્યાણી! તમારે માટે પણ સેક્રેટેરિયેટમાં ખાસ કરીને પૂર્વબંગાળના શરણાર્થીઓ માટે જે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તેમાં નોકરીની વ્યવસ્થા અમે કરી શકીશું. સુવ્રતની જાનપિછાન ત્યાં ઘણી છે.

સુવ્રત : એ તો હું રીહૅબિલીએશન સેકશનમાં શ્રી બેની બિશ્વાસને કહું એટલી જ વાર.

મા : કેવા દયાળુ માણસો છે, કલ્યાણી!

કલ્યાણી : મા, અજાણ્યા માણસો સાથે...

મા : આખો યે દેશ આપણે માટે તો અજાણ્યો છે, બેટા. આ તો કેવા સજ્જનો સાથે ભેટો થઈ ગયો!

[ઊંચા તખ્તાનો પડદો પડે છે ને ધીરેધીરે આગળના તખ્તા પર પ્રકાશ પથરાય છે. તે અરસામાં કલ્યાણી પાછી કોર્ટમાં પાંજરામાં આવીને ઊભી રહે છે. શાલ ઓઢી લીધી છે, વિખરેલા વાળ સમા કર્યા છે.]

કલ્યાણી : અને એ ગોઝારે દિવસે હું તેમની સાથે બહાર નીકળી. ફંડ ઉઘરાવવાને બહાને મને એમણે સારીસારી મોટરોમાં ફેરવી, ફૅશનેબલ હોટેલોમાં ચાનાસ્તો કરાવ્યાં અને સાંજ પડતાં જ્યારે મેં મુકામે પાછા ફરવાનો આગ્રહ કર્યો ત્યારે સુવ્રતે જણાવ્યું કે કોઈ બનારસીદાસ કરીને મોટા દાનવીર શેઠ સાથેની છેલ્લી મુલાકાત પતાવીને પાછા ફરીશું.

[ઊંડો શ્વાસ લે છે; મોં ઉપરનો પરસેવો લૂછે છે.]

જ૦ ઘોષાલ : તમે થાકયાં જણાઓ છો. બેસીને બોલો તો વાંધો નથી.

કલ્યાણી : ના, ના, હું થાકી નથી. હં... ત્યાર પછી મને શહેરથી દૂર એક આલીશાન મકાનમાં એ લોકો લઇ ગયા. સાજસજની ત્યાંની આકર્ષક હતી. ચમકતા દીવાનખાનામાં મને બેસાડીને એ લોકો થોડી વારમાં પાછા ફરવાનું કહીને ગયા. અરધો કલાક મેં રાહ જોઈ, પણ કોઇ પાછું ફર્યું નહિ. મધરાત થવા આવી. મારું મન કુશંકાઓથી ઘેરાવા માંડયું અને ત્યાં...

[ફરી આગળના તખ્તા પર ધીરેધીરે પ્રકાશ ઓછો થઇ તદ્દન અંધારું થઈ જાય છે. પાછળનો તખ્તો ઊપડે છે ને એક આધુનિક તથા ઊંચામાં ઊંચી વસ્તુઓથી શણગારેલું કોઇ ધનિકનું દીવાનખાનું નજરે પડે છે. ચિત્રો, દર્પણો, ખુરસીઓ, સોફસેટ વગેરે રાચરચીલું પૈસાનું પ્રદર્શન કરવા એકઠું કર્યું હોય તેવી જાતનું ને કનિષ્ઠ પ્રકારની રસવૃત્તિ બતાવતું ગોઠવેલું છે. એક ખુરસી પર અદ્ધર મને કલ્યાણી બેઠેલી નજરે પડે છે. એના મુખ પર અસ્વસ્થતા ને ભયની લાગણી સ્પષ્ટ જણાય છે. ત્યાં ડાબી તરફના કલ્યાણીની બરાબર સામેના દ્વારમાંથી સચ્ચિત, સુવ્રત અને સત્યેન તથા બીજા બેત્રણ હિંદુસ્તાનની પચરંગી પ્રજાના પ્રતિનિધિ સમા તવંગર પુરુષો પ્રવેશ કરે છે. શરીરમાં ઠીક ઠીક સ્થૂળ છે, ગાલમાં પાનના ડૂચા, મોંમાં સળગતી

સિગારેટ, હાથમાં પાતળી લાકડી, કોઈ ખુશઓદાર, ઝીણા મલમલના પહેરણમાં, અગર તો ચૂડીદાર અચકનમાં પણ કોઈ ચોક્કસ પ્રાન્તના વતની ન લાગે તેવો પહેરવેશ.]

સુવ્રત : (હસતાં હસતાં પ્રવેશે છે) દેખિયે સેઠજી! સિર્ફ બીસ બરસકી લડકી હય!

સત્યન : જૈસે કે ગુલાબ કી કલી.

સચ્ચિત : હાં શેઠજી, અબ એક બાત હમેરી રખની હોગી. નારી રાહત ફંડમે કમ સે કમ ...

શેઠજી : અરે ચાહો ઈતના રૂપયા લે લીજીએ ના! ઇસમેં કયા બડી બાત હય? કયોં લહેરીમલજી, કયોં, કયા રાય હય?

લહેરીમલ : આજ મૈં તો સારી જાન લડાને કો તૈયાર હું જી. ઐસી હુસ્નકી પરી જબ ખોજ લાયે હોં તો...

કલ્યાણી : (અકળાએલા અવાજે) સચ્ચિત બાબુ? કેટલી વાર થઈ તેનો તો ખ્યાલ કરો. મા અને ધીરાજ કેટલી ફિકર કરતાં હશે?

સચ્ચિત : હાં, હાં, મિસ મજુમદાર! અહીંનું કામ પત્યેથી આપણે તુરત રવાના થઇએ છીએ.

કલ્યાણી : અત્યારે હવે શું કામ બાકી છે?

શેઠજી : યહ તો તુમારા હિ મહલ સમઝો, ઔર મૈં, લહેરીમલજી, ઔર યે સબ બાબુ લોગ તો તુમ્હારે ચરણોં કે દાસ હૈં...

સચ્ચિત : બસ, માઈ ડીઅર કલ્યાણી...

કલ્યાણી : આ શું સચ્ચિત બાબુ! આ જાતનું અસભ્ય વર્તન તમને શોભતું નથી.

સત્યેન : સભ્ય સમાજ તો અહીંથી માઇલો દૂર છે...(કલ્યાણી તરફ ધસી આવે છે.)

કલ્યાણી : દૂર રહો મારાથી, નહિતર હું બૂમ પાડીશ.

સુવ્રત : આ તો જંગલ છે જંગલ. અત્યારે મધરાતે ચકલું યે ફરકે તેમ નથી. Don't make a scene. Be businesslike તમારી મુશ્કેલીમાંથી અમે તો આ માર્ગ કાઢયો છે. શેઠિયાઓ બહુ ઉદાર છે...

લહેરી : અરે હાં બાઈજી...

કલ્યાણી : બાઈજી! મોં સંભાળીને બોલો શેઠ...

શેઠજી : અરે તુમ તો બડી તેઝ માલૂમ હોતી હો. મિ. ગાંગુલી ઉસકો હમારી તરફસે ઔર એક હજાર...ગુલાબકી કલી હય!

કલ્યાણી : ગુલાબને કાંટા હોય છે તે ન ભૂલશો. શરમ નથી આવતી તમને સૌને, એક ભદ્રમહિલાના એકલવાયાપણામાં એની બેઇજ્જતી કરવામાં? સચ્ચિતબાબુ, તમારે ન આવવું હોય તો ન આવશો, હું આ ચાલી. મારો રસ્તો હું શોધી લઈશ.

સચ્ચિત : કયાં જઈશ અત્યારે?

સત્યેન : ખબરદાર, અહીંથી ખસી છે તો!

કલ્યાણી : દૂર રહો; દૂર.—કહું છું. અરે, મને કોઇ બચાવો...

[નાસવાનો પ્રયત્ન કરે છે, ને બારણા તરફ ધસી જાય છે, પણ બારણાની વચમાં બન્ને શેઠિયા આવી ઊભા રહે છે અને ખડખડાટ હસેછે. એકદમ અંધારું થાય છે. એક મર્મભેદી ચીસ પાડીને કલ્યાણી ભોંય પર પડે છે. ખૂબ જોશીલું સંગીત, અને ધારેધીરે અજવાળું આગલા તખ્તા પર પથરાય છે. અદાલતમાં બધાનાં મુખ પર ઉશ્કેરાટ અને અનુકંપાનો ભાવ હોય છે. કલ્યાણી જાણે એક દુઃસ્વપ્નમાંથી જાગી હોય તે રીતે જાતને સંકોરીને વધુ દૃઢ ને સ્થિર અવાજે પોતાની વાત ચાલુ કરે છે.]

કલ્યાણી : અને જ્યારે હું ભાનમાં આવી ત્યારે અસ્તવ્યસ્ત વસ્ત્રોની અંદરથી મારી ચુંથાયેલી કાયા સહસ્ર સહસ્ર વીંછીઓના ડંખની વેદનાથી પીડાઇ રહી હતી. મારું મગજ બેબાકળું બની ગયું હતું. શરીર, મન અને એથી યે વધુ મારા આત્માને ઘેરી ચોટ લાગી હતી. ચારે બાજુ જોયું તો કોઈ અજાણ્યા સ્થળે રાતોરાત મારી બેભાન અવસ્થામાં મને ખસેડવામાં આવી હતી...મને થોડું પાણી આપશો? (થાકીને બેસી જાય છે.)

જ૦ ઘોષાલ : ગભરાઓ નહિ! ચપરાસી, પાણી લાવ......

કલ્યાણી : (કાંઈક સ્થિરતાથી ફરી ઊભી થઇને) ના ના, હવે તો મારી વાત પૂરી જ કરું. (ઊંડો શ્વાસ લઈને) અજાણ્યા મકાનમાંથી મુશ્કેલીથી ઊઠીને હું નીચે રસ્તા ઉપર આવી. પણ ત્યાં તો હું ફરીથી ચકરી ખાઈને ભોંય પડી. જ્યારે જાગી ત્યારે મેડિકલ કૉલેજના જનરલ વૉર્ડમાં અજાણ્યા માણસોની વચ્ચે હું હતી. બે અઢી મહિને હું કાંઇક સ્વસ્થ થઈ. આ દરમ્યાન પોલીસ તરફથી મારું નિવેદન લેવા માટે અને થએલા ગુનાની તપાસ માટે પૂછપરછ કરવા જુદા જુદા ઑફિસરો આવતા. મારી તબિયત સુધરતાં સરકાર તરફથી બાઉબજારમાં નિર્મલ લોહિયા લેનમાં મને આશ્રય મળ્યો.

જ૦ ઘોષાલ : એટલે કે પેલો બનાવ બન્યા પછી લગભગ બે મહિના પછી તમે હૉસ્પિટલ છોડી, ખરું?

કલ્યાણી : જી. અને...અને હવે પેલા શનિવારની વાત.(સન્નાટો)

[આગળના તખ્તા ઉપર ફરી પાછું અંધારું છવાય છે અને ધીરેધીરે પાછળનો તખ્તો ખુલે છે અને નાટકની શરૂઆતમાં હતો તે જ કલ્યાણીનો ખંડ પ્રત્યક્ષ થાય છે. એ જ પ્રમાણે સોફા, ખુરશીઓ, ટેલીફોન વગેરે ગોઠવેલાં છે. કલ્યાણી સૂવાની તૈયારી કરતી હોય છે, ત્યાં જોરથી બારણાને ધક્કો મારીને પોલીસ અફસરના પૂરા યુનિફૉર્મમાં, કાંઇક વાંકી હૅટ અને આંખ ઉપર ગૉગલ્સ તથા વાંકડી મૂછોવાળો યુવાન પુરુષ પ્રવેશ કરે છે; અને ખોંખારો ખાઈને કલ્યાણીનું ધ્યાન ખેંચે છે.]

કલ્યાણી : (ચમકીને) કોણ છો તમે? અત્યારે અહીં શું કામ છે?

યુવાન : (સ્હેજ હૅટ ઊંચી કરીને) હો હો! કેમ, મને ન ઓળખ્યો? હું તમારી ખબરઅંતર લેવા આવ્યો છું.

કલ્યાણી : (ખુરશી સાથે જડાઇ ગઇ હોય તેમ) ના, ના, હું તમને નથી ઓળખતી, અને અત્યારે મારે કોઇનું કાંઈ જ કામ નથી.

યુવાન : (નિરાંત જીવે આંખ ઉપરનાં ગૉગલ્સ ખસેડે છે.) જરા, વધુ ચોકકસાઈથી જુઓ, મિસ મજુમદાર! ત્રણ મહિના પહેલાં આપણે સિયાલ્દા સ્ટેશને મળ્યા હતા તે ભૂલી ગયાં?

કલ્યાણી : કોણ? કોણ, તમે? ઓહ, તમે? ..તમે સચ્ચિત? સચ્ચિતરાય? આવા વેશમાં? આ મૂછો?

યુવાન : એ તો બધું બનાવટી. તમારી પાસે આવવા સારુ એથી વધુ સરળ રસ્તો બીજો કોઇ નહોતો. એથી બીક લાગતી હોય તો લ્યો આ બધું કાઢીને બાજુએ મૂકું. (પટ્ટો, રીવૉલ્વર, હાથની નાની લાકડી, હૅટ વગેરે સોફા ઉપર મૂકે છે.)

કલ્યાણી : પણ તમે ફરીથી અહીં શા માટે આવ્યા? તમે અહીંથી ચાલ્યા જાવ. નાપાક! નીચ!

સચ્ચિત : અરે હું તો તમને તમારાં મા પાસે લઈ જવા આવ્યો છું.

કલ્યાણી : મા પાસે મારે નથી જવું. માને મારે મળવું નથી.

સચ્ચિત : એ શું કહેવાય?

કલ્યાણી : હું બરાબર કહું છું. આ જીવનમાં હવે હું મારી માને મળી શકું તેમ નથી.

સચ્ચિત : અને પણ ધીરાજ, તારો ભાઈ, તને કેટલું યાદ કરે છે!

કલ્યાણી : એને પણ મારે નથી મળવું. તમે અહીંથી ચાલ્યા જાઓ.

સચ્ચિત: ચાલો, એ વાત પડતી મૂકીએ. એ બધું તો થઈ રહેશે.

કલ્યાણી: હવે તમે અહીંથી જશો? હટો અહીંથી, કહું છું!

સચ્ચિત: આજે મારું દિલ તરસ્યું છે, કલ્યાણી. આમ આવ, મારી પાસે. પેલા શેઠિયાઓ કરતાં શું હું બદસૂરત છું?

કલ્યાણી: હટો કહું છું! (સચ્ચિત્ ધીરેધીરે એની સામે આવે છે.)

કલ્યાણી: હટો, હટો કહું છું. નહિતર—નહિતર (સોફા પર પડેલા પટ્ટામાંથી રીવૉલ્વર ખેંચી કાઢે છે) આ જોઈ છે!—

સચ્ચિત: અરે, અરે આ શું કરે છે? એ તો ભરેલી રીવૉલ્વર છે! (સમજાવટના સૂરે) એની સાથે રમત ન કર, કલ્યાણી. અને જો મારી પાસે આવ...નહિ આવે? તો લે હું તારી પાસે આવું છું.

કલ્યાણી: દૂર રહો! દૂર, કહું છું! (ઓરડામાં ચક્કર ફરે છે અને શરૂઆતના પ્રવેશની જગ્યાએ ખુરશી પાસે આવીને ઊભી રહે છે. સચ્ચિત્ ધસતો ધસતો ટેબલ અને સોફાની વચમાં આવી રહ્યો છે.

સચ્ચિત: કલ્યાણી હું તને...

કલ્યાણી: એક ડગ પણ આગળ ભર્યું છે તો ગોળી તારી છાતી સોંસરી નીકળી જશે, સચ્ચિત—(સ્થિરતાથી રીવૉલ્વર તાકી રાખે છે.)

સચ્ચિત: અને, મને તું બીક બતાવે છે? બાઇજી....હો...હો. આવ....આવ....

[આગળ ધસવા જાય છે. સ્ટેજ ઉપરનો પ્રકાશ ઝાંખો થઈ જાય છે. રીવૉલ્વરના ત્રણ બાર સંભળાય છે. 'ઓ બાપ રે, મરી ગયો' કહીને તે ઢળી પડે છે. એકદમ અંધારું, થઇ પડદો પડે છે. કોર્ટનો પ્રવેશ હવે પાછો આછા અજવાળાને બદલે એકદમ પૂરા પ્રકાશમાં ખુલે છે. આખી અદાલત સ્થિર બની ગઈ છે અને લોકોને કાંઈક સુઝે તે પહેલાં આવેશમાં વિખરાએલા વાળ સાથે ખૂબ જ ઉશ્કેરાટથી કલ્યાણી બોલવા માંડે છે.]

કલ્યાણી: હા, હું ખૂની છું, મિ. સેન. મને શિક્ષા કરો. મને ફાંસીએ લટકાવો, મારે...

જ૦ ઘોષાલ: શાંત થાઓ કલ્યાણી. ઑનʼબલ જેન્ટલમેન ઑવ ધ જ્યૂરી, આપને આ બાબતમાં શું કહેવું છે?

(જ્યૂરીના સભ્યોની અંદરઅંદર થોડી વાર ગુસપુસ ચાલે છે અને પછી તેમના તરફથી)

જ્યૂરીના પ્રમુખ : અમને લાગે છે કે આ બાઈને મુક્ત કરવી જોઇએ. એ સંયોગોનો ભોગ બની છે.

કલ્યાણી: ના, ના; મહેરબાની કરીને મને મુક્ત ન કરશો. હું વિનંતી કરું છું કે મારે મરવું છે, ફાંસીએ લટકવું છે. મેં ખૂન કર્યું છે; સાચું કહું છું મેં ખૂન કર્યું જ છે.

જ્યૂરીના પ્રમુખ: પણ બહેન, સંજોગો જોતાં અમે તમને બેગુનાહ માનીએ છીએ તમે જે કર્યું તે આત્મરક્ષણ માટે કર્યું છે અને તેથી તમને મુક્તિ મળે તે જ ઇષ્ટ છે.

કલ્યાણી: (ખૂબ જ આવેશમાં) મુક્તિ? શામાંથી મુક્તિ? મૃત્યુમાંથી મુક્તિ એ મારે માટે મુક્તિ નથી. સાંભળો સાહેબો, મારે મરવું છે; મરવું એ જ મારે માટે ઈષ્ટ છે, એ જ મારે માટે મુક્તિ છે. આ મારા શિથિલ શરીરમાં છેલ્લા બે અઢી મહિનાથી જીવન-સંચાર થઈ રહ્યો છે!....

એકી સાથે બધા: હેં! હેં!! શું કહો છો?!

કલ્યાણી: કેમ? કેમ? ભડકો છો શા માટે? હું કહું છું કે એ પાપ મારું નથી, એ કલંક મારું નથી, તમારા સમાજના છદ્મવેશી, કહેવાતા સદ્‌ગૃહસ્થોનું એ પાપ છે. તમારું કહેવું શું એમ છે કે એવા લોકોના પાપે આવું કાળું કલંક લઈને હું આ જગતમાં જીવતી રહું? તમે ન્યાય કરવા બેઠા છો, તો પૂછું છું કે ન્યાય કર્યો છે? કાયદાની રક્ષા કરનારાઓને હું પૂછું છું કે કાયદો કોને માટે છે? આ છૂપા ઊજળા ગુનેગારોને શું એ આંબી શકવાનો છે? આવા અંધેર સમાજમાં, અર્ધ પશુ જેવી આ પ્રજામાં મેલું કલંકિત જીવન જીવવા હું જીવતી રહું? મૃત્યુમાંથી મુક્તિ મેળવું? ના, ના; જજ સાહેબ, મને અને મારા આ શરીરમાં સળવળતા જીવને મૃત્યુદંડ આપી અમારી યાતનામાંથી અમને મુક્ત કરો. હું યાચના કરું છું, તમારી પાસે ભીખ માંગું છું,—મેં ખૂન કર્યું છે, મને ફાંસી આપો!

જ૦ ઘોષાલ: આકળાં ન થાઓ, કલ્યાણી! તમે લીધેલું પગલું તે સ્વરક્ષણાર્થે અને સ્વમાનને જાળવવા માટે હતું. તમે જે સંયોગોમાં મુકાયાં હતાં તેવા સંયોગોમાં કાયદાની દૃષ્ટિએ જેને ખૂન કહેવાય તે રીતનું તે પગલું નહોતું એમ અમે દૃઢપણે માનીએ છીએ. અને તેથી જ્યૂરી સાથે સંમત થઇને હું તમને ખૂનના આરોપમાંથી મુક્ત કરું છું. તમે નિર્દોષ છો.....ઈન્સ્પેક્ટર એમને મુક્ત કરો.

કલ્યાણી: પણ મુક્ત થઈને હું ક્યાં જાઉં? માનવપશુઓથી ભર્યા ભર્યા આ સમાજમાં હવે હું કઇ રીતે રહી શકું? (એને છોડી મૂકતાં, પાંજરામાંથી કાંઇક અસ્થિર અવસ્થામાં ઊતરતાં ઊતરતાં) હું તો...હું તો આ ચાલી દૂર....દૂર, અફાટ કુદરતને ખોળે.....મા ધરતી! સીતાની જેમ મને તારા ખોળે સમાવી દે. જ્યાં આ શાપિત પાપાસક્ત માનવ સમાજનો ઓછાયો યે મને ના સ્પર્શે.

[ધીરે ધીરે તખ્તાની ડાબી બાજુ તરફ લથડતી ચાલે ચાલવા માંડે છે. મુખ ઉપર વિષાદની ઘેરી છાયા પથરાએલી હોય છે, અને તે વખતે પ્રકાશ ફક્ત કલ્યાણીના મુખ ઉપર પડે છે. આખી અદાલત અંધારા સમા આછા પ્રકાશમાં વીંટળાઈ વળી છે અને જસ્ટીસ ઘોષાલ સિવાય બધા જ નતમસ્તક ઊભા હોય છે....ધીરે ધીરે કલ્યાણીના મુખ ઉપરની રેખાઓ પલટાય છે, તે કાંઈક વિચારમગ્ન બને છે, અને ત્યાર પછી કોઈ ગહન અવાજ અંતરના ભીતરમાંથી સંભળાતો હોય તેમ, બધી ઇન્દ્રિયોને કેન્દ્રિત કરીને, એ અવાજ સાંભળવા સ્થિરતાથી તે ઊભી રહે છે...અંતરમાંથી, ન જન્મેલા બાળકનો આર્જવભર્યો અવાજ વ્યક્ત થાય છે....]

અવાજ: મા! મા! તું ક્યાં ચાલી? આત્મવિલોપનનો માર્ગ તું લઈશ તો મારું શું થશે? હું નિર્દોષ છું. મા! હું તો દેશના સંક્રાન્તિકાળનું ફરજંદ છું. મારે જીવવું છે; અને તો જ દેશ જીવશે. તું જાણે છે ને મા, કે તારા જેવી તું એક નથી; અને મારા જેવાં પણ સહસ્ર સહસ્ર બાળકો છે. તે બધાંને આ ધરતી ઉપર સ્વમાનભેર વિહરવાની તું તક નહિ આપે? ઉન્નત મસ્તકે અમે કઇ રીતે વિહરીશું, જો તું આ સંક્રાંતિકાળની પશુતાથી અકળાઈને કાયર બની આત્મવિસર્જન કરીશ? ઊઠ મા, સ્થિર થા! તારા હૈયાના વિષાદને ખંખેરી નાખ! ઊઠ મા, સ્થિર થા! તારા હૈયાના વિષાદને ખંખેરી નાખ! ઊઠ મા, ઊઠ ...ઊઠ ...

[કલ્યાણી સ્થિરતાથી સાંભળી રહે છે, એની આંખોમાં નવું તેજ ચમકે છે, મુખ પર આછી સ્મિતરેખા પથરાય છે]

કલ્યાણી: આવ, નાના બાળ, સ્વાગતમ્!

[પડદો પડે છે.]

Our Friends Abroad

હસ્તાક્ષરવિદ્યા વિષે

જર્મન મિત્રનો આ પત્ર મેળવનાર: ગિરધારીલાલ શ્રૉફ, ૭૧૧/૩, સાકરબજાર, અમદાવાદ.

વ્હાલા મિત્ર શ્રૉફ,

હવે હું તમને હસ્તાક્ષરવિદ્યા (Graphology) વિષે લખું. એનો શરૂઆતનો ભાગ થોડાં અઠવાડિયાં પૂર્વે Itzchoeમાં સૅટ કીલ (Stadt Kiel) હૉટેલમાં આપેલા મારા ભાષણમાંનો છે; અને એમાં ઉદાહરણના નમૂના તરીકે (અ) અમેરિકામાં રહેતી મારી એક સ્ત્રી-મિત્રના અને (બ) તમારા પોતાના હસ્તાક્ષરો પસંદ કર્યા છે.

દરેક માનવીમાં કાંઇ ને કાંઈ ખાસિયતો, ગુણો કે વિચિત્રતાઓ હોય જ છે. ને એક માણસનાં લક્ષણો તથા ખાસિયતો કોઇ બીજાનાં લક્ષણો સાથે હૂબહૂ મળતાં આવતાં જ નથી. આથી માણસમાં રહેલી આ ખાસિયતો જ તેનું વ્યક્તિત્વ ઘડે છે.

કોઈ માણસને મળતાં સ્વાભાવિક રીતે જ આપણે તેનું નિરીક્ષણ કરીએ છીએ અને તેના દેખાવ તથા આચરણ પરથી તેનું ચારિત્ર્ય સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. આ બધું આપણે, જાણ્યે-અજાણ્યે, તેની બોલવાની, ચાલવાની અને હાવભાવ કરવાની રીતો ઉપરથી તારવીએ છીએ. પરંતુ આ રીતે, બહુબહુ તો, તેના વિષે આપણે એક સામાન્ય ધારણા જ બાંધી શકીએ; કારણકે મોટેભાગે બધાં માણસો પોતાનું સારું પાસું જ બતાવવાનો સ્વાભાવિકરીતે પ્રયત્ન કરે. એટલે એવાં અનુમાન બાંધવામાં આપણે છેતરાવાનો ભય ખરો. ચહેરા પરથી પણ આપણે સામા માણસને ઘણી વાર પારખીએ છીએ, પરંતુ કેટલીક વાર મુખમુદ્રા યે માણસના બધા જ અંતરંગ કે ગુણો વલણો બતાવી આપતી નથી હોતી; કેમકે તેમાં પણ માણસ ધારે તો પોતાનું સાચું અંતરંગ છુપાવી દઇ શકે છે. જોકે તે અમુક હદ સુધી જ. એટલે કોઇ પણ માણસના ચારિત્ર્યની સાચી પરખ કરવા માટે ફક્ત એક જ ઉપાય છે: તેના હસ્તાક્ષરો. એ હસ્તાક્ષરો પરથી માણસની ખાસિયતો જાણવાની વિદ્યા તે હસ્તાક્ષરવિદ્યા. એનું સારું જ્ઞાન જો હોય તો માણસના ચારિત્ર્યના બારીકમાં બારીક ફેરફારોના પૃથક્કરણ વડે તેના અંતરંગ ગુણદોષ પામી જઈ શકીએ.

હાથ એ માનવશરીરનો વધારેમાં વધારે ગ્રહણપટુ (Sensitive) અવયવ છે, કેમકે એમાં કેટલાક મજબૂત જ્ઞાનતંતુઓનો સમૂહ આવેલો છે. હાથથી માણસ ફટકા લગાવે છે, તાળી પાડે છે, નિર્દેશન કરે છે, ચીતરે છે, લખે છે, પકડે છે વગેરે અનેક ક્રિયાઓ કરે છે; પરંતુ હાથનું સૌથી વધારે મુશ્કેલ અને પટુકરણ કામ તો લખવાનું છે. એમાં, એક નાનીસરખી મર્યાદિત જગ્યામાં, કાગળ પર અનેક વળાંકો, લીટીઓ, વર્તુળો, બિંદુઓ અને કાટખૂણા એને આલેખવા પડે છે. એટલે સ્વાભાવિકરીતે જ એ ક્રિયામાં, માણસથી અજાણ-પણે જ, તેના અંતરંગ સ્વભાવનાં ગુણલક્ષણો, આવેગો, ઊર્મિઓ અનુસાર એનો હાથ કામ કરતો હોય છે. આથી, હસ્તાક્ષરની પરખ કરતી વખતે, એ લખાણ કરવામાં તેના હાથનાં જે હલનચલન અને વળાંકો થયા હોય તેનો જ ખાસ અભ્યાસ કરવાનો હોય છે.

આમાં અગત્યનો હેતુ તો લેખકના સંપૂર્ણ ચારિત્ર્યને દૃષ્ટિગત કરવાનો છે; એટલે અક્ષરવિદ્યા જાણવા ઇચ્છનારને માનસશાસ્ત્રનું પણ જ્ઞાન હોવું જરૂરી છે. કારણકે એ હસ્તાક્ષરોના જુદાજુદા વળાંકો તથા રચનાઓની પાછળ, તેનું મન કઇ રીતે કામ કરી રહ્યું હોવું જોઈએ તેનો નિર્દેશ રહેલો હોય છે. એ બધાં તપાસી, તેના પૃથક્કરણથી તારવેલી સામગ્રીનું સંયોગીકરણ કરીને તે વ્યક્તિનું ચારિત્ર્ય એ ઉકેલે છે.

હસ્તાક્ષરોની પરીક્ષા કરવામાં સૌ પ્રથમ આટલી વસ્તુઓ તપાસવાની: લખાણની નિયમિતતા, તેની લય, સપ્રમાણતા અને ઘાટીલાપણું. આ મુદ્દા સૌથી અગત્યના છે. એના ઉપરથી વ્યક્તિની બુદ્ધિ, પ્રકૃતિ તેમજ ઈચ્છાશક્તિનો નિર્દેશ મળી શકે છે.

હવે એ પરીક્ષા કેમ કરવી તે આપણે જોઇએ:

(૧) લેખનગતિ કેવી છે?

ઉતાવળી છે કે ધીમી
લાંબી છે કે ટૂંકી
મજબૂત છે કે કમજોર

(૨) ચેતના જોવા માટે

ઝડપી છે કે ધીમા
પ્રવાહી છે કે તૂટક
ત્રાંસા છે કે સીધા

(૩) તીવ્રતા તપાસવા માટે

મજબૂત છે કે નબળા
ખુણિયાવાળા છે કે ગોળાકાર
સાંકડા છે કે પહોળા

(૪) ભરેલા કે આછા

ભરાવદાર છે કે પાતળા
ગાંઠો વાળેલા કે ગાંઠ વિનાના
જોડેલા છે કે છુટા
ઘાટીલા છે કે બેડોળ
થાગડથીગડ છે કે તીક્ષ્ણ

(૫) ગતિની દિશા જોવા માટે

કૅપિટલ અક્ષરો અને ચાલુ અક્ષરો વચ્ચેનો તફાવત તથા ઊંચા અક્ષરો અને નાના અક્ષરો વચ્ચેનો ફરક સૂચવવા માટેની સંજ્ઞા: L=મોટા; U=નાના.

અક્ષરોની લંબાઈ લીટીની ઉપર વધારે છે કે લીટીની નીચે વધારે છે તે દર્શાવવાની સંજ્ઞા: O >U=લીટીની ઉપર વધુ લંબાણ, U>O=લીટીની નીચે વધુ લંબાણ.

(૬) લંબાવેલા કે નમેલા

કેપિટલ અક્ષરો લાંબા છે કે ટૂંકા
i (આઈ)નાં બિંદુ ઊંચાં છે કે નીચાં
લીટી ઊંચે ચડતી જાય છે કે નીચે
અક્ષરો જમણી તરફ નમેલા કે ડાબી

(૭) જોડાણ તપાસવા માટે

ઘુમ્મટાકાર વળાંકવાળા ⌒ કે પ્યાલી આકારના ⌣
ઘુમ્મટ-પ્યાલી આકારનું મિશ્રણ કે ખૂણિયાવાળા
ખૂણાદાર ઘુમ્મટાકાર કે ખૂણાદાર પ્યાલી આકાર
જોડાએલા કે છુટાછુટા

(૮) ખાસિયતો

કૅપિટલ અક્ષરો વધુ મોટા થાય છે?
શબ્દો ક્રમશ: મોટા થતા જાય છે?
શબ્દો ક્રમશ: નાના થતા જાય છે?
લખાણ ઉપર લીટી દોરવાની ટેવ છે?
લખાણ નીચે (અંડર્લાઈન) ,,
ખાસ અંગત રીતની સહી કરે છે?

(૯) વહેંચણી

ચઢતી જતી લીટી	ઊતરતી જતી લીટી
શબ્દો અને લીટીઓ વચ્ચે વધુ જગ્યા	શબ્દો અને લીટીઓમાં ગોટાળો.
ઘુમ્મટાકાર લીટી ⌒	પોલી લીટી ⌣
ડાબો હાંસિયો પહોળો	ડાબો હાંસિયો સાંકડો


(૧૦) સાધનો

શાહીનો રંગ
પેન્સિલની જાત
ટાંકની જાડાઈ પાતળાઈ.


અક્ષરોના ચાલુ આકાર ઉપરાંતના ખાસ વધારાનાં ચિહ્નો કરાય છે?

ઉપર દર્શાવેલી કસોટીઓ વડે હસ્તાક્ષરોનું પૃથક્કરણ કર્યા બાદ તેમાંથી તારવેલા નિર્ણયો એકઠા કરીને આખા લખાણ વિષે અભિપ્રાય યોજવો. ઉદાહરણ તરીકે હું બે નમૂનાનું પૃથક્કરણ કરી બતાવું:

નમૂનો અ (નીચે) લખનાર સ્ત્રી, ઉંમર: ૫૫ વર્ષ



આ લખાણનું નિરીક્ષણ કરી આપણે કહી શકીએ કે તે અનિયમિત પણ સપ્રમાણ છે. તેને કોઈ લય નથી, પરંતુ અક્ષરો જોરદાર, પાતળા ને ખુણિયાવાળા છે, તેથી આપણે અનુમાન કરીએ કે આ સ્ત્રી ચાલાક, ઉત્સાહી અને સ્પષ્ટ સમજશક્તિવાળી છે. g વગેરે અક્ષરો નીચેનાં પહોળાં વર્તુળો તેનું મોકળું મન દર્શાવે છે. વ્યવહારુ દૃષ્ટિએ નિપુણ હોવા છતાં તે લાગણીવશ હૃદયવાળી અને ખરેખર કોમળ દિલની માતા છે. ઘુમ્મટાકાર અર્ધ વર્તુળો અને બીજાં નિશાનો બતાવે છે કે તેને પોતાની ઊંડી લાગણીઓને છુપાવી રાખવાની ટેવ છે અને રોજિંદા જીવનમાં અમુક અલગપણું અને સાવચેતી રાખે છે. છતાં તે કેટલીક વખત ધૂની બની જાય છે. અક્ષરોનાં ઘાટ-પ્રમાણ મધ્યમ છે. વ્યવહારુ દૃષ્ટિવાળી હોવા છતાં કલ્પનાવિહીન નથી.



← નમૂનો બ
પુરુષ, ઉંમર: ૨૦ વર્ષ

આ કોઈ વૈજ્ઞાનિકના જેવા લાક્ષણિક અક્ષરો છે. ઘાટ-પ્રમાણ ઘણું ઊંચું છે, આખું લખાણ નાના અને સ્વચ્છ અક્ષરોમાં છે, અને અક્ષરોનો ઘાટ એટલી ચપળતાથી થતો આવે છે કે તેનો ફક્ત નિર્દેશ જ હોય છે. શબ્દોનો અંત તીક્ષ્ણ છે તે વિવેચનશક્તિ બતાવે છે. કૅપિટલ અને નાના અક્ષરો વચ્ચેનો તફાવત (LU) ઘણો મોટો છે, જે દર્શાવે છે કે એનો લખનાર પોતાની જાતથી સંતુષ્ટ નથી, તેમ સહેલાઈથી સંતોષાય એવો પણ નથી. પરંતુ તે સંપૂર્ણતા માટે પરિશ્રમ કર્યા જ કરે છે અને સદા પોતાના વિકાસનાં આગળનાં બીજાં પગથિયાં તે મેળવી લેવા પ્રયત્ન કરે છે. એટલે આ એક એવો માણસ છે કે જે યુવાન હોવા છતાં વાસ્તવવાદી અને વિવેચનબુદ્ધિવાળો વિચારક છે. તેની બુદ્ધિ ઊંચી કક્ષાની છે. તે કોઈ પણ વસ્તુની જડ સહેલાઈથી પકડી લે છે અને તેનામાં પૃથક્કરણ કરવાની શીઘ્ર બુદ્ધિ સાથે તર્કથી એકીકરણ કરવાની શક્તિ પણ છે. લખનાર કલ્પનાશીલ છે તેમ સારો વ્યવસ્થાપક પણ છે. સત્ય જાણવાને હમેશાં ઈંતેજાર એ માણસ, બધી વસ્તુઓને તેમનાં વાસ્તવિક રૂપમાં જોવા ચાહે છે. અસમતોલ મનનો હોવા છતાં પોતાની લાગણીઓને કાબૂમાં રાખી શકે છે, કારણકે તેનામાં જાત-શિસ્ત સારા પ્રમાણમાં છે.

તેનામાં ખૂબ આત્મશ્રદ્ધા અને સ્વેચ્છા છે. તેનામાં છટાદાર વાક્શકિત છે. મહત્ત્વાકાંક્ષી હોવાથી પોતાની નિશ્ચિત યોજનાને પહોંચ્યા સિવાય તેને ચેન નથી પડતું. રીતભાતમાં તે ઘણો ચોક્કસ છે. આ બધી બાબતોનો સમારોહ કરીને આપણે એવા નિર્ણય પર આવી શકીએ કે આ યુવાન લેખક એક વિશિષ્ટ વ્યક્તિત્વવાળો છે અને તે ખચૂસ પોતાના દેશમાં એક ઊજળી કારકિર્દી ભોગવશે.

મારાં જ્ઞાન ને જાણકારી અનુસાર મેં આ બે વ્યક્તિઓનો ટૂંકો અભ્યાસ આપ્યો. બાકી તો આ વિષય એટલો વિશાળ છે કે અક્ષર-વિદ્યાને એક જ પત્ર દ્વારા સમજાવવી અશક્ય છે. વળી આવા શાસ્ત્રીય વિષયને પરદેશી (અંગ્રેજી) ભાષામાં રજૂ કરવો પણ સહેલ નથી.

હવે હું જર્મન ભાષામાં શુભેચ્છાઓ સહ વિરમીશ: Viele herzliche grcipse und warme wunsche von Deinem Freund (ઘણાં હાર્દિક અભિનંદન ને હૂંફાળી શુભેચ્છાઓ—તમારા મિત્ર તરફથી) ઇ. એ. મીશક (E. A. Mischak)

તા. ક. મારું નામ Mischak જર્મન ભાષામાં આમ બોલાય: i=ea, mean માંના 'ઈ' જેમ, a=u, luck માંના 'અ' જેમ; એટલે Meashuck અથવા Mecshuk—'મીશક' એવો ઉચ્ચાર થાય.

હિંદી પત્રમિત્રો

(582)Mr. Mohendra J. Saurashtri, Hira House, 1st & 11th Raod, Khar, Bombay, 21; (583) Mr. Krishna B. Shah, 1st yr. M. B. B. S. Medical College, Baroda (Boy-21, Exchange of views & ideas, Violin, Sports, Cinema, Stamps);(584) Mr. Hasmukh Chhotalal Gandhi, C/o C. K. G. Ramnagar, Sabarmati, Ahmeabad (Boy-14, Stamps); (585) Mr. Pravinkumar D. Shah, C/o D.V. Shah, Bhagwan Nivas, Ramnagar, Sabarmati, Ahmedabad(Boy-14, Stamps);(586) Mr. Ramesh T. Vora, Sharadashram, Bordi, Via Gholvad, Dt. Thana (Boy-16, Photography, Science, Coins, Stamps). (ઉલ્લેખ: શ્રી ગિરધારીલાલ શૉફ, ૭૧૧/૩, સાકરબજાર, અમદાવાદ-૨). (587) Harilal V. Waghela, 2 Khadkhad Lines, Veraval (Saur.)-23, Literature, Reading;(588) Narayan Bhaskar Lade, Tagore lane, Dahanu (Dist. Thana)-20, Literature, Films;(589) Saifee A. Surka, 118-20 Abdul Rehman St., Bombay-3-21, Stamps, Science, Mathamatics. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૨૪ માગશર ૧૯૮૨ (ડિસેમ્બર ૧૯૨૫)

ભારતીય મૂર્તિકલાના શિખર રૂપ 'નટરાજ'ની કાંસ્ય મૂર્તિના મુખચિત્રથી ઊઘડતા આ અંકમાં શ્રી ઝવેરચંદ મેઘાણીએ આલેખેલી, પંખીઓમાં પણ રહેલા નરમાદાના ઉત્કટ પ્રેમની બે નાની કથાઓ 'બેલડી'; ધર્મને કાજે દૂર દેશની વિકટ-યાત્રા કરનારા ચીની મુસાફરો પૈકી ફાહિયાનનું ચરિત્ર; વગેરે મુખ્ય હતા. ગુજરાતમાં દર કાર્તિકી પૂનમે ત્રણ ગંજાવર મેળા ભરાય છે: કુમારિકા સરસ્વતીને તીરે સિદ્ધપુરમાં, ગુજરાતની ગંગામૈયા સમી નર્મદાને કિનારે શુક્લતીર્થમાં, અને યમુના સરીખી સાબરમતીને આરે વૌઠા ગામમાં. એ પૈકી વૌઠાના મેળાનું વર્ણન આ અંકમાં શ્રી ઝવેરચંદ મેઘાણીએ આલેખ્યું હતું.

પણ ઉતારવા જેવો ભાગ તો શ્રી પરમાનંદ કાપડિયાએ, દક્ષિણ હિંદના મદુરા શહેરના મીનાક્ષિ-મંદિરના આપેલા પરિચયમાંથી છે:

'દક્ષિણમાં શ્વેતબિંદુ રામેશ્વર જતાં રસ્તે મદુરા નામે મોટું શહેર આવે છે. ઉત્તર હિંદમાં હરિદ્વાર જતાં મથુરા આવે છે તેને જ મળતું આ શહેરનું નામ છે. મથુરાની આસપાસનો પ્રદેશ શ્રીકૃષ્ણની લીલાથી અંકિત છે; આ બાજુનો પ્રદેશ શંકરના નૃત્યથી પુલકિત છે. શંકરનું બીજું નામ નટરાજ છે. નટરાજે અહીંથી ઉત્તરે આવેલા ચિદંબરમમાં કાલ-કરાલ તાંડવ નૃત્ય કરેલું ને તે રીતે અનેક ભક્તજનોને દર્શન આપેલાં, એની વાર્તાઓ અહીં પ્રચલિત છે.


ઉત્તર હિંદુસ્તાનમાં કાશીવિશ્વનાથનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ દક્ષિણ હિંદુસ્તાનમાં મીનાક્ષિનું છે. જેમ ઉપર હરિદ્વાર છે તેમ નીચે રામેશ્વર છે. કાશી-વિશ્વનાથની બાજુએ ત્રિવેણી વહે છે; મીનાક્ષિની બાજુએ વાઇગાઈ નદી વહે છે. હરિદ્વાર પાસે ગંગા ગાજે છે; રામેશ્વરની આસપાસ સમુદ્ર ગર્જ્યા કરે છે. આવી રીતે હિંદુસ્તાનની પૂર્વે જગન્નાથપુરી ને પશ્ચિમે દ્વારિકા ભિન્નભિન્ન સાગરના તીરે શોભી રહેલ છે. ચાર દિક્પાલ માફક આ ચાર તીર્થો હિંદના ધર્મશરીરનું રક્ષણ કરે છે.

આ મદુરા શહેરના મધ્ય ભાગમાં, જગવિખ્યાત મીનાક્ષિદેવીનું મંદિર છે. મીનાક્ષિ અહીં હજારો વર્ષ પહેલાં રાજ્ય કરતા કોઈ પાંડ્ય રાજાની પુત્રી હતી. તેને પાર્વતીનો અવતાર ગણવામાં આવે છે. જેવી રીતે સીતા હળ ખેડતાં જમીનમાંથી મળી આવેલાં, તેવી જ રીતે મીનાક્ષિ અહીંના કોઇ જળાશયમાંથી મળી આવી હતી.

તેની પણ ચિત્રાંગદા જેવી જ અનેક કથાઓ પ્રચલિત છે. એ સામાન્ય સ્ત્રી ન હતી. યુદ્ધ તો તેનો જીવન-વ્યવસાય હતો, અને દિગ્વિજય તેનો અભિલાષ હતો. પોતાને હરાવે તેને વરવું એવું મીનાક્ષિનું પણ હતું. પરંતુ તે મહાશક્તિના અવતારને આ જગતમાં કોણ હરાવે? આલોક, પરલોક, સુરલોક, અસુરલોક સર્વ મીનાક્ષિએ જીત્યા, અને દેવાધિદેવ મહાદેવને પણ વશ કરવાનો મીનાક્ષિને મનોરથ થયો. પણ ત્યાં એણે ભૂલ કરી. પ્રકૃતિના બળનું મૂળ ઇશ્વર છે. મીનાક્ષિમાં બળનું પ્રેરણાકારણ મહાદેવ હતા. મહાદેવે મીનાક્ષિને વશ કરી અને મીનાક્ષિ મહાદેવને વરી. મીનાક્ષિના મંદિરમાં પ્રવેશ કરતાં, દરવાજા ઉપર જ આ પ્રસંગનું સુંદર શિલ્પ છે. મીનાક્ષિ અને મહાદેવ પાસેપાસે ઊભાં છે ને ભગવાન વિષ્ણુ ઉભયનું લગ્ન કરાવે છે. મીનાક્ષિની મુદ્રામાં અપાર મૃદુતા ભરેલી છે, અને શંકરે પણ બે ઘડી વૈરાગ્યયોગનો ત્યાગ કર્યો દેખાય છે. (જુઓ નીચેનું ચિત્ર)

હિંદુસ્તાનમાં તીર્થો અનેક છે ને તીર્થોમાં દેવમંદિરો પણ અનેક છે પરંતુ મીનાક્ષિ-મંદિરની મનોહરતા સૌથી અનેરી છે. એ મંદિરનું ક્ષેત્રફળ લગભગ એક માઈલ છે. આપણી બાજુએ મંદિરમાં જ્યાં મુખ્ય મૂર્તિનું અધિષ્ઠાન હોય છે તેની ઉપરના ભાગમાં મોટું શિખર ચણવામાં આવે છે; પણ દક્ષિણમાં મંદિરના શિખરને બદલે પ્રવેશદ્વાર





ઉપર મોટું બાંધકામ કરે છે. તેને ગોપુરમ્ કહે છે. (ઉપરનું ચિત્ર) એ ગોપુરમ્ દ્રાવીડ દેશના સ્થાપત્યની વિશિષ્ટતા છે. એ આકાશતલને સ્પર્શતાં હોય એટલાં ઊંચાં હોય છે ને તેમાં દેવદેવીઓની અનેક મૂર્તિઓ હોય છે. ગોપુરમ્ એટલે આખા પુરાણનું ચિત્રપટ. કોઇ ઠેકાણે શિવપાર્વતીનાં લગ્ન હોય; કોઈ ઠેકાણે રામ લક્ષ્મણ ને સીતા ઊભાં હોય; ક્યાંક રાવણ લડી રહ્યો હોય; તો ક્યાંક સુર અસુરોએ મળીને કરેલું સમુદ્ર મંથન આલેખેલું હોય. અહીં પાર્વતી તપ કરતાં દેખાય, તો ત્યાં વિષ્ણુ નૃસિંહાવતાર લઇ હિરણ્યકશિપુનું શાસન કરી રહ્યા હોય. વળી કોઈ ઠેકાણે હનુમાન ઔષધિપર્વત ઉપાડી ઊડી રહેલા હોય, તો અન્યત્ર વિષ્ણુના વિવિધ અવતારો ક્રમસર શોભી રહેલા હોય. આમ આ ગોપુરમ્ એટલે પુરાણવાર્તા શીખવાની શાળા!

મીનાક્ષિ-મંદિરમાં ચાર દિશાએ એકએક પ્રવેશદ્વાર છે અને તે દરેક ઉપર એકએક ગગનચુંબી ગોપુરમ્ છે. હિંદુસ્તાનમાં મીનાક્ષિ જેવડું વિશાળ મંદિર નથી ને મીનાક્ષિના ગોપુરમ્ જેવડાં ગોપુરમ્ પણ નથી. મદુરાથી વીસ પચીસ માઈલ દૂરથી એ દેખાય છે.

આ બાજુનાં મંદિર એટલે જાણે કે નાનું સરખું ગામડું. ગર્ભદ્વાર અને રંગમંડપ તો હોય જ; પણ તે ઉપરાંત દેવ કે દેવીને પધરાવવાને શોભામંડપ હોય; તેમને વરઘોડામાં ફેરવવા માટે આસપાસ વિશાળ જગ્યા હોય. દરેક દેવાલય સાથે એક મોટું જળાશય હોય. ત્યાં અમુકઅમુક ઉત્સવદિનોએ દેવમૂર્તિને પધરાવે ને આસપાસ દીપાવલિ પ્રગટાવે. એ ઉપરાંત મંદિરમાં દાખલ થવાના ભાગોમાં નાની સરખી બજાર ગોઠવાએલી હોય. ત્યાં પૂજાનાં સાહિત્યો, રમકડાં ને તે સ્થળની વિશિષ્ટ વસ્તુઓ વગેરે વેચાતાં હોય.

મંદિરમાં થાંભલે થાંભલે ભવ્ય ને કળાપૂર્ણ મૂર્તિઓ કોરી કાઢેલી છે. આ મૂર્તિ એક જોઈએ ને એક ભૂલીએ. મૂર્તિ દેવની હોય કે દેવીની, પણ દરેક આકૃતિના સંપૂર્ણ. આલેખનમાં જરા પણ સ્ખલન ન દેખાય. જેમ પુરુષની આકૃતિમાં અપાર પ્રાણબળ તરવરી રહેલું દેખાય તેમ સ્ત્રીઓની આકૃતિમાં બળ સાથે મૃદુતાનું સુંદર મિશ્રણ નજરે પડે. નટરાજ, મહાકાળી, રામ-લક્ષ્મણ-સીતા, પાર્વતી, કાર્તિકેય, ગણપતિ, હનુમાન વગેરે અનેક દેવદેવીઓની સુંદર મૂર્તિઓ કળારસિકોને મુગ્ધ બનાવી રહી છે. પણ એ સર્વમાં વિશેષ ધ્યાન નટરાજની મૂર્તિ ખેંચે છે. આ બાજુ મહાદેવના નટરાજ સ્વરૂપની પૂજા ખૂબ પ્રચલિત છે. નટરાજ એટલે તાંડવનૃત્ય કરતા શંકર. આપણે ત્યાં કૃષ્ણને જેમ બંસી વગાડતા જ્યાંત્યાં આલેખેલા હોય છે, તેમ અહીં જ્યાંત્યાં નટરાજનું કરાલનૃત્ય ભક્તજનોને મત્ત બનાવી રહ્યું છે. આપણા જીવનમાંથી નૃત્ય તદ્દન ઊડી ગયું છે. તેથી નટરાજની મૂર્તિના સર્વ ભાવો આપણાથી ગ્રહણ થઈ શકે તેમ નથી. પણ જેમજેમ આપણું તે મૂર્તિના ભાવો સાથે તાદાત્મ્ય વધતું જાય છે તેમતેમ આપણી આંખો તેમાં રહેલી અદ્ભુત મનોહરતાને ગ્રહણ કરતી જાય છે. નટરાજ એટલે સંગીતનું પરમ સ્વરૂપ; યોગની પરાકાષ્ઠા; સચ્ચિદાનંદનો સંપૂર્ણ આવિર્ભાવ.

આ બાજુનાં મંદિરો વિશાળ, પણ મુખ્ય ભાગ સાંકડો ને હવાપ્રકાશ વિનાનો! દિવસે પણ દીવા વિના દર્શન ન થાય! પારેવાં, વાગોળ અને ખિસકોલીનું તો જાણે નિવાસસ્થાન. તેલ કે ઘીના દીવાની હારની હાર ઝગમગ થતી હોય અને ટીપાં ટપકતાં હોય! જ્યાંત્યાં તેલની કે પારેવાંની ચરકની ગંધ આવ્યા જ કરે! જમીન કાળી ને ચીકણી. લોકોની ભીડ હમેશાં ભરેલી હોય. ભક્તિભાવનો ઉન્માદ અને આવેશ સાક્ષાત્ જોવાં હોય તેણે અહીં આવવું. આપણે ત્યાં ભક્તિનો આવેશ આવે ત્યારે લોકો ઘણી વખત બે હાથે તાળીઓ પાડવા માંડે છે. અહીં લોકો બે હાથે પોતપોતાના ગાલ ઉપર (અલબત્ત ધીમેધીમે) લપાટ મારવા મંડી પડે છે! આપણે ત્યાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ દેવમૂર્તિની સામે પડીને કરીએ છીએ; અહીં દેવમૂર્તિની બાજુએ પડીને કરવામાં આવે છે.


અહીં ગણપતિની પણ પૂજા પ્રચલિત છે, પરંતુ વધારે મહિમા શંકરના બીજા પુત્ર કાર્તિકેયનો છે. તેને અહીં સુબ્રહ્મણ્યના નામથી ઓળખે છે. તેના છ મોઢાની મયૂરવાહિની મૂર્તિ જ્યાંત્યાં દેખાય છે. ઘણે ઠેકાણે તો કાર્તિકેયનું સાથેસાથે જુદું મંદિર જ બાંધેલું હોય છે.

આ બાજુ જેમ અનેક મંદિરો છે, ભક્તિ છે તેમ અનેક વહેમો પણ જડ ઘાલીને બેઠા છે. ધાર્મિક ઉત્સવો મહિનામાં દસેક વાર આવે. હાલતાંચાલતાં ધાર્મિક વરઘોડાઓ અથડાય! વહેમ તો જીવનની સર્વ ક્રિયામાં ભરેલા. કાંઇ પણ કારણે ઘર (અનુસંધાન પૃ ૪૪૫ મે)

માધુકરી



સ્પર્શો ભારતના ભાલે
પ્રભુનો બાહુ દક્ષિણ,
નિત્ય એની કરો રક્ષા
એનું ચક્ર સુદર્શન.
અન્ને સભર હો ક્ષેત્રો,
સરિતા સલિલે ભરી,
પ્રસન્ન લોકનાં ચિત્ત, દૈન્ય લો સર્વ સંહરી.
નેત્રે મુખે વસો હાસ્ય, શમો તાપ શમો ક્ષુધા,
વાણી હો શાંત તેજસ્વી, સત્યપૂત, ઋતંભરા.
નાના વિક્ષેપ ના લોપો દૃષ્ટિ માંગલ્યની કદા.
સત્યનિષ્ઠ હજો રાષ્ટ્ર, ધ્યેયનિષ્ઠ હજો પ્રજા.–નાથાલાલ દવે



આફતાબે મૌસીકી મર્હૂમ ઉસ્તાદ ફૈયાઝહુસેનખાં

વીણાઝંકારમાંથી એકાએક ઊઠેલા બસૂરા સૂર જેવા, ઉસ્તાદ ફૈયાઝખાંના ઓચિંતા થએલા અવસાનના ખબર ગઈ તા. ૫મી નવેમ્બરે ભારે હૈયે સાંભળવા પડ્યા. જીવનભર આરાધના કરી ધીરેધીરે રફતાર લેતા આપણા સંગીતના તેઓ એક આધારસ્તંભ થયા હતા.

સદીઓથી પેઢી દર પેઢી હિંદી સંગીતની માવજત કરતા આગ્રાના એક સંગીતકાર સફદરહુસેનખાંને ઘેર, ઈ ૧૮૮૦ની શરૂમાં એમનો જન્મ થએલો. દીવાને અકબરીના ખ્યાતનામા ગવૈયા રમઝાનખાં રંગીલેના વખતથી સંગીત એ કુટુંબમાં ઊતરતું આવેલું, 'રંગીલે'ના નામ ઉપરથી આજે યે એમની વિશિષ્ટ ગાયકીને 'રંગીલા ઘરાણા'થી ઓળખવામાં આવે છે. ફૈયાઝખાંએ પણ એ ગાયકીને જાળવી રાખી સારી પેઠે પ્રસારી. આજના આપણા સંગીતમાં એ ઘરાણાની ઘણી ઊંડી અસર દેખાઈ આવે છે. એમનાં માતા પણ, અકબરના વખતમાં ધ્રુપદ ગાવામાં પ્રખ્યાત થએલા હાજી સૂજાખાંની પેઢીના હોઈ, ઉસ્તાદને તો બંને પક્ષેથી સંગીત વારસામાં જ મળ્યું કહી શકાય. પરંતુ સંગીતનું પદ્ધતિસરનું જ્ઞાન તો એમને માતામહ ગુલામ અબ્બાસખાંએ જ આપ્યું. પોતાની ૩-૪ વર્ષની વયે પિતા અવસાન પામ્યા બાદ તેઓ મોસાળમાં જ ઊછરેલા. એટલે માતામહ(નાના)ની ચીવટ અને કડકાઈથી. શરૂઆતનાં દસ વર્ષમાં જ એમણે મોટામોટા સંગીતકારોને આંજી નાખે એવી પ્રગતિ સાધી. ગુલામ અબ્બાસખાંએ નાનપણથી જ એમને સાથે ફેરવવા માંડેલા, એટલે ભાવિના એ આશાસ્પદ સંગીતકારની કીર્તિ પણ સારીપેઠે પ્રસરી.



૧૯૦૬માં મ્હૈસુરમાં ત્યાંના શાહી ગવૈયા નથ્થનખાંએ ગુલામ અબ્બાસખાંનો જલસો ગોઠવ્યો, જેમાં યુવાન ફૈયાઝખાંએ પણ ગાયું. એ સાંભળી મ્હૈસૂરનરેશે એમને સુવર્ણચંદ્રકથી નવાજ્યા. એવામાં ઈ. ૧૯૧૨માં એમના સંગીતથી પ્રભાવિત થઈ, તેમને પોતાના દરબારના મુખ્ય સંગીતકાર તથા રાજ્યની સંગીત વિદ્યાપીઠના પ્રાધ્યાપક તરીકે નીમવા વડોદરાનરેશ સયાજીરાવે ઈચ્છા પ્રદર્શિત કરી. પગાર વિષે પૂછતાં માસિક ૧૦૦ રૂપિયાથી એક પાઈ પણ ઓછી નહિ લેવા ફૈયાઝખાંએ જણાવેલું, જ્યારે એ કાળે ભલભલા ઉસ્તાદોને માટે પણ ૪૦-૫૦ રૂપિયા બસ થઇ રહેતા. પણ ગાયકવાડે એમને રાખી લીધા, એટલું જ નહિ પણ એમને બહાર પણ સંગીતના કાર્યક્રમો કરવાની સંપૂર્ણ

માસમાસનાં પંખી-૫૯

લગલગ

જળાશયો પાસે ફરતાં બગલાંના જેવું, ઘોંકડાના વર્ગનું જ, ત્રણેક ફૂટના કદનું આ વિચિત્ર દેખાવનું પંખી તુરત જુદું તરી આવે છે. લાલ આંખો ને પગ, સહેજ વધુ જોડાએલો પગનો અંગૂઠો; લાંબી સીધી ચાંચ, માથા પર ટાલ; ને ચળકતી લીલી ઝાંયવાળા કાળા શરીરમાં માત્ર ગરદન અને પૂછડી હેઠળનો ભાગ જ સફેદ. અને તેમાં યે ગરદન તો જાણે તેના પર સફેદ ઊનનો ગલપટો વીંટ્યો હોય એવી જ લાગે.

આપણે ત્યાં બારેમાસ રહેનારું હોઇ બગલાં વગેરેના સંગમાં પાણીકાંઠે ફરતું ને ક્વચિત બગભગતની પેઠે એક ટાંગે ઊભેલું તે ઘણીવાર જોવા મળે છે. અને છે યે ભગત જેવું જ; જવલ્લે જ બોલતાં સાંભળીએ. ઊંડા પાણી કરતાં તેને સુકાઈ જતાં તળાવ કે છીછરાં પાણી પાસે રહેવું વધુ ગમે છે. એવાં ગંધાતાં કહોવાતાં પાણી ડખોળી તેમાંથી પોતાનો આહાર—મેઢક-માછલાં, કરચલાં અને એવાં મોટાં જીવડાં શોધતું જોઈ સહેજે તેને પાણીનું ગીધ કહેવા લલચાઇએ. અને એ તો ગીધ સાથે હવામાં ઊંચે ઊડતું પણ ક્યારેક જોવા મળે છે.

સિંધ સિવાય લગભગ ભારતભરમાં એ વ્યાપક છે. અને હિમાલયમાં ૩,૦૦૦ ફૂટની ઊંચાઇએ પણ મળી આવે છે. સ્થળાનુકૂળ જુદેજુદે સ્થળે જુદેજુદે વખતે તે પ્રજનન કરે છે. એ સમયે પાણીથી દૂર ને ક્વચિત ગામના પાદરમાં કોઇ ઊંચા વૃક્ષ પર વીસેક ફૂટની ઊંચાઇએ સૂકી ડાંખળીઓનો કઢંગો માળો બનાવી, તેમાં આછી નીલવર્ણી ઝાંયવાળાં ૩ થી ૪ સફેદ ઇંડાં મૂકે છે. થોડા દિવસમાં એ ઇંડાં મેલા ધૂળિયા રંગનાં થઈ જાય છે.

છૂટ આપી. આથી તેમની આવક અને ખ્યાતિમાં અનહદ વધારો થતો ચાલ્યો. અને પછી તો ગ્રામોફોન દ્વારા વહેતો થયેલો એમનો કંઠ ભારતીય સંગીતની ખરી પહેચાન કરાવવા લાગ્યો. દશેરાના એક ઉત્સવ નિમિત્તે મ્હૈસૂર રાજ તરફથી એમને આમંત્રણ મળ્યું. ઉત્તર હિંદના લગભગ બધા જ વિખ્યાત સંગીતકારો ત્યાં મળવાના હતા અને તે દરેકે દરબારમાં એક એક વખત પોતાનું સંગીત પેશ કરવાનું હતું. પરંતુ ફૈયાઝખાંનાં સંગીતે તો એવો પ્રભાવ પાડ્યો કે એમને ફરીફરી ગાવાનો આગ્રહ થયો અને મ્હૈસૂરનરેશે કિંમતી ભેટસોગાદોથી નવાજવા ઉપરાંત 'આફતાબે મૌસીકી' (સંગીતના સૂર્ય)નો ખિતાબ આપ્યો. પરંતુ એ ધારણ કરતાં પહેલાં ખાંસાહેબને સયાજીરાવની મંજૂરી મેળવવી આવશ્યક લાગવાથી મ્હૈસૂરનરેશે સયાજીરાવને છેક ઇંગ્લૅંડ તાર કરી પુછાવ્યું ને તેમણે પણ બાખુશી રજા આપી, એ પછી તો સંગીતભૂષણ, સંગીતચૂડામણિ, સંગીત-શિરોમણી વગેરે અનેક ખિતાબો એમને મળેલા છે, પરંતુ તેઓ તો ફક્ત 'આફતાબે મૌસીકી'નો જ ખિતાબ ધારણ કરતા.

એમની વિશિષ્ટ ગાયકી જે રંગીલા ઘરાણાથી ઓળખાય છે તે એમના દાદાના દાદા રમઝાનખાં રંગીલેના નામ પરથી પ્રચલિત થએલી. 'રંગીલે' શબ્દ પરથી સૂચિત થતો શૃંગાર રસ એ તે ગાયકીનો મુખ્ય અંશ. પણ પ્રાચીન ભારતીય ગાયકી ધ્રુપદ-ધમાર પર પણ એમનું ઘણું જ પ્રભુત્વ હતું. છતાં યે ૧૯૩૫ પહેલાં ભાગ્યે જ એમણે એ ગાયકી જાહેરમાં ગાઇ હશે. ભારતના બીજા સંગીતજ્ઞો માફક સંગીતના એકાદ બે અંગોમાં જ પ્રભુત્વ મેળવી તેઓ નહોતા અટક્યા. તો યે રામકલી, જયજયવંતી, મેઘમલ્હાર, તોડી, સિંધુરા, અને છાયાનટ ગાતી વેળા તેઓ ગજબના ખીલતા. એમનો સ્વર ધીર-ગંભીર અને પ્રવાહી ત્રણે સપ્તકમાં સરખા જ વજનનો તથા રાગ રાગિણીની ઝીણામાં ઝીણી વિગત અને વિશિષ્ટતાનો રસાસ્વાદ કરાવી શકે એટલો શુદ્ધ અને મીઠો હતો. ખાસ કરીને ધ્રુપદનો એમનો આલાપ અંશતઃ પણ અતિશયોક્તિ વિનાનો અને અજોડ ગણાય છે; કદાચ એમ પણ કહી શકાય કે એટલો સુંદર આલાપ ખેંચનાર હવે બીજો કોઇ ભારતીય સંગીત પાસે નહિ રહ્યો હોય. ભલભલા ઉસ્તાદો પણ ક્વચિત્ જેમાં થાપ ખાઈ જાય એવી આલાપની સ્થાયી, સંચાદી, આભોગ વગેરે કક્ષામાં પણ તેઓ એટલી જ શાંતિથી પ્રમાણબદ્ધ સ્વરરચના વડે રાગરાગિણીનો સચોટ ખ્યાલ આપી શકતા. બઢત, બહલાવો, તાન, બોલતાન, ઉપજ, મુખડાબંધ વગેરેમાં એમના જેવી જમાવટ ભાગ્યે જ બીજો કોઇ સંગીતકાર કરી શકે. પણ સંગીતનું રસદર્શન કરાવતાં તેઓ તાર સપ્તકમાં ગાંધારથી ઊંચે અને મંદ્ર સપ્તકમાં મધ્યમથી નીચે ભાગ્યે જ જતા. અલબત્ત, એમ તો એમનો સ્વર ખરજમાં છેક ષડ્જ સુધી ઊંડા ઊતરવાની શક્તિ ધરાવતો હતો.

'પ્રેમપિયા'ના તખલ્લુસથી એમણે લખેલી પચાસેક 'ચીજો' તો ભારતીય સંગીતના ઇતિહાસમાં એક પ્રકરણ સમાન છે. નાનપણમાં આગ્રામાં પડેલી વ્રજભાષાની અસર તેમાં દેખાઈ આવે છે. તેમાં યે એમણે ગાએલી જયજયવંતી–'મોરે મંદિર અબ લૌ નહિ આવે' અને ભૈરવી-દાદરા–'બનાવો બતિયાં ચલો કાહે કો ઝૂઠી' તો એમની કીર્તિદા સમાન છે.

સારા સંગીતકાર થવા ઉપરાંત એક માણસ તરીકે પણ તેઓ એટલા જ સારા હતા. બધું જ કાર્ય ચીવટથી અને પદ્ધતિસર કરવાની એમની આદતથી એમની રહેણીકરણી પણ એવી જ પ્રભાવશાળી હતી. પરિષદો અને જલસાઓમાં તેઓ ભભકાદાર કપડાં, મોતીના હાર, ચાંદો વગેરેથી સારો ઠસ્સો જમાવીને જતા, જોકે પાછલી અવસ્થામાં બીજું બધું ઝવેરાત તો ઓછું કરી નાખેલું, પણ હીરામાણેકની વીંટીઓ તો એમણે છેક સુધી આંગળી પર પહેરી રાખેલી. પરંતુ આમ શૉખીન હોવા છતાં તેઓ શરીર પ્રત્યે જરા યે બેવફા નહોતા થયા. છેક નાનપણથી જ એમને કુશ્તીનો શૉખ હતો અને કેટલા યે કુસ્તીબાજો સાથે એમણે મૈત્રી સાધી હતી. આપણા ઘણા સંગીતજ્ઞોમાં દેખાય છે એવી ટીકા કરવાની એમને જરા યે આદત નહોતી. શાગિર્દો પ્રત્યે તો તેઓ એક મિત્ર, ફિલસૂફ અને સાચા માર્ગદર્શક સમાન હતા.

વડોદરાના સંગીત વિદ્યાપીઠમાં સેંકડો વિદ્યાર્થીઓ એમની પાસે તૈયાર થયા, પણ તે ઉપરાંત, બીજા સંગીતજ્ઞો પણ એમની પાસે શીખવા આવતા; જેમાંના કલકત્તાના આતાહુસેન, દિલીપચંદ્ર વેદી, લતાફતહુસેન, સ્વામી વલ્લભદાસ, લખનૌની મૉરિસ કૉલેજ ઑાવ મ્યૂઝિકના પ્રિન્સિપાલ એસ. એન. રતંજંકર, ભીષ્મદેવ ચેટરજી, આગ્રાની મલ્કા જાન વગેરે તો પ્રખ્યાત સંગીતકારો ગણાય છે. ફિલ્મી નટ કુંદનલાલ સાઈગલે પણ તેમની પાસેથી શિક્ષણ લીધેલું.

બે જ વર્ષ પહેલાં એમને લકવા થએલો ને તબિયત લથડેલી, પણ એમની કલાને આંચ ન આવી. ૧૯૪૯માં કલકત્તાની સંગીત પરિષદમાં એમણે ભાગ લીધો. ત્યાં તેમને ૧૦,૦૦૦ રૂપિયાની થેલી અર્પણ થઇ. ગયે વરસે રેડિયો પર ગાવા માટે તેઓ દિલ્હી ગયા ત્યાં માંદા પડ્યા પછી એમની તબિયત ન જ સુધરી. ક્ષયની અસર જણાવા લાગી. પરંતુ છેક સુધી નબળાઇની જરા યે અસર વર્તાવા ન દેતાં, ૬૦ વર્ષની જૈફ વયે તેઓ ગઈ પાંચમી નવેમ્બરે સવારના સાડાસાત વાગ્યે જન્નતનશીન થયા. આજે હવે આપણે દુઃખ સાથે એમની રેકૉર્ડ સાંભળી સંતોષ માનવા સાથે આશા રાખીએ કે એમના શિષ્યો અને સંગીતના બીજા નવા વિદ્યાર્થીઓ એ રેકૉર્ડોનો અભ્યાસ કરી વિકાર પામતી જતી આપણી આ કલાને તેના શુદ્ધ સ્વરૂપોમાં જાળવી રાખવા પોતાથી બનતો બધો જ પુરુષાર્થ કરી છૂટે.

આંખનું આરોગ્ય

આંખ શરીરમાં રત્ન જેવી છે. દુનિયાનો સંપર્ક સાધી જ્ઞાન ને અનુભવ મેળવવાનું એ અતિ ઉપયોગી મુખ્ય સાધન છે. છતાં મોટા ભાગના માણસો નેત્રરોગથી ઓછાવત્તા પ્રમાણમાં પીડાય છે. આંખની આ રોગિષ્ટ દશા આંખની અપૂર્ણતા નથી તેમજ કુદરત પણ તેને માટે જવાબદાર નથી. તો પછી તે માટે જવાબદાર કોણ?

અજ્ઞાન ને બેદરકારી એ આપણા જીવનનાં મુખ્ય સાથીદારો છે. આથી કેટલાક રોગો તો ફક્ત આપણા દેશમાં જ જન્મી શક્યા છે. ઘણાખરા આંખના રોગો પણ સાચવણી ને સ્વચ્છતાના અભાવથી જ વધવા પામ્યા છે. આપણી બેદરકારીના પરિણામે જન્મેલી આંખની નબળાઇના ઉપાય તરીકે હળવાં ચશ્માં મોટા પાયા પર વપરાવા માંડ્યાં છે. બેદરકારીભર્યા જીવનમાં જેટલું સહેલું એટલું સારું એમ સમજી આપણે ચશ્માને અપનાવ્યાં, ને પછી ચશ્માનો ઉપયોગ આંખને સાચવવામાં મદદરૂપ થાય એ રીતે કરવાને બદલે એટલી બધી બેદરકારીપૂર્વક થવા લાગ્યો કે પરિણામે આંખ સચવાઈ ન હ. ઊલટી વધુ ને વધુ બગડતી ચાલી.

આ અનુભવથી અમેરિકાના આંખના એક સ્પેશ્યાલિસ્ટ ડૉ. ડબલ્યુ એચ. બેટ્સ, એમ ડી. (ન્યૂ યૉર્ક)નું હૃદય કકળી ઊઠ્યું હજારો રૂપિયાની પ્રૅક્ટીસ હોવા છતાં તેમને એમ લાગ્યું કે તેઓ પોતાના દરદીઓને જોઈએ તેવી પ્રામાણિક મદદ આપી શકતા નથી. આ મનોમંથનમાંથી એમની 'ચશ્માં સિવાય આંખની સંપૂર્ણ દૃષ્ટિ'

Perfect sight without glasses નામની પદ્ધતિનો જન્મ થયો.

પશ્ચિમની પ્રચલિત ઉપચારપદ્ધતિ (ઍલોપથી) એમ માને છે કે જોવાની ક્રિયામાં ફક્ત સ્થૂલ આંખ જ કામ કરે છે જો એમ હોય તો જ્યારે આપણે બીજા વિચારોમાં રોકાએલા હોઇએ છીએ ત્યારે આપણી નજર સમક્ષ બનેલા બનાવો આંખ ખુલ્લી હોવા છતાં આપણે જોઈ શકતા નથી; અને કહીએ છીએ કે 'હું બીજા વિચારમાં હતો એટલે મારાથી ન જોવાયું' તેનું કેમ? હકીકત એ છે કે આંખ તો ફક્ત કૅમેરાની માફક બાહ્ય વસ્તુઓની છાપ લેવાનું જ કામ કરે છે, પરંતુ છાપ કઇ વસ્તુની છે તે આંખ કહેતી નથી. એ ક્રિયા મનની છે. ડૉ. બેટ્સની પદ્ધતિનો આ પાયો છે.

આંખની રચના ખૂબ નાજુક છે. કુદરતે એને એવી સુરક્ષિત રીતે ગોઠવી છે કે જેથી તેને સહેલાઈથી નુકસાન ન પહોંચે. વળી મનની સાથે પણ આંખને ખૂબ નિકટનો સંબંધ છે. આંખના રોગમાં જેટલો ભાગ શરીરની નબળાઈ ભજવે છે તેટલો જ ભાગ મનની નાદુરસ્તી ભજવે છે.

મગજના જ્ઞાનતંતુઓ સાથે પણ આંખને નિકટ સંબંધ છે. જ્યારે મગજ થાકેલું હોય ત્યારે તેની સીધી અસર આંખ પર થાય છે; અને આંખ થાકેલી હોય ત્યારે તેની અસર મગજ પર પણ થાય છે ને એથી માથું દુખવા લાગે છે. એ જ રીતે માથું દુખવાથી આંખ પોતાની ફરજ બરાબર બજાવી શકતી નથી. આ જાતનો સીધો ને આડકતરો શ્રમ આંખનાં લગભગ બધાં દરદોના મૂળમાં હોય છે. તે શ્રમને દૂર કરવાથી આંખના બધાં દરદોમાં ન કલ્પી શકાય તેવો સારો ફાયદો થાય છે. આનો વધુ વિચાર હવે પછી કરીશું.

(શરીર અને શિક્ષણ) —ડૉ. ગોવિંદલાલ પટેલ

સેકેરીનનો ભાઈ સ્યુકેરીલ

ખાંડ-સાકર કરતાં પણ મિઠાશમાં પાંચસો ગણા વધારે માઠા પદાર્થ સેકેરીનથી હવે કોણ અજાણ્યું છે? ખાંડની તંગીના આ દિવસોમાં તેનો ઉપયોગ ઍરેટેડ વૉટર, ચા-કૉફી વગેરેમાં થાય છે. મીઠી પેશાબના દર્દીઓ સાકરને બદલે સેકેરીન વાપરે છે.

પણ હવે સેકેરીનના જેવો બીજો મીઠો પદાર્થ શોધાયો છે. સેકેરીન વાપર્યા પછી જે કડવો સ્વાદ મોંમાં રહી જાય છે તેનાથી આ પદાર્થ મુક્ત છે. વળી રાંધવામાં પણ તેનો ઉપયોગ થઈ શકે છે. આ નવા પદાર્થનું નામ 'સ્યુકેરીલ સોડિયમ' આ સ્યુકેરીલ કોઇ પણ પ્રકારની નુકસાનકારક અસર કરતો નથી. ખોરાકમાં ઉમેરવાથી તેની કૅલારીમાં કે કાર્બો હાઇડ્રેટના પ્રમાણમાં તે વધારો કરતો નથી. આથી મીઠી પેશાબના દર્દીઓને ખાવાની ચીજોમાં વાપરવાથી કોઇ જાતનો વાંધો આવતો નથી. તેની આઠઆઠ ગ્રામની ગોળીઓ મળે છે. આ ગોળીઓમાં સ્યુરીલ સોડિયમ (રાસાયનિક પરિભાષામાં સોડિયમ સાઈક્લો હેકસાઈલ સલ્ફામેઈટ) ઉપરાંત સોડા બાઇ કાર્બ અને ટાર્ટરિક ઍસિડ યોગ્ય પ્રમાણમાં હોય છે. (Chem. Ins. July 1950)

પાઈરેથ્રમ

એકાદ સૈકાથી જંતુવિનાશક રસાયણ તરીકે મુખ્યત્વે પાઇરેથ્રમનાં ફૂલોનું સત્ત્વ અસરકારકરીતે વપરાતું આવ્યું છે. ડી.ડી.ટી. અને બીજાં જંતુ વિનાશકો શોધાયા છતાં પાઇરેથ્રમને કોઇ સ્થાનચ્યુત કરી શક્યું નથી. પાઈરેથ્રમનો ઉપયોગ મનુષ્યને જરાયે નુકસાનકારક નીવડતો નથી, પરંતુ જીવડાં–જંતુઓને જીવલેણ નીવડે છે. દુનિયામાં દર વર્ષે ૧૫,૦૦૦ ટન પાઇરેથ્રમનાં ફૂલો પેદા થાય છે, જેમાંનાં ૭૦ ટકા જાપાન પેદા કરે છે અને બાકીનામાં કેનિયાનો હિસ્સો છે. તેના જંતુ વિનાશક ગુણો તેમાં રહેલા પાઈરેથ્રીન નામના સત્ત્વને આભારી છે આ ઉપરાંત તેમાં 'સીનેરીન–એક' અને 'સીનેરીન–બે' નામના બીજા બે પદાર્થો છે, તે પણ આ ગુણ ધરાવે છે.

અમેરિકાના રાસાયનિકોએ 'સીનેરીન–એક'ને મળતું આવતું પણ તેનાથી વિશેષ પ્રબળ બનાવટી 'સીનેરીન' તૈયાર કર્યું છે. તેનું નામ પાડયું છે 'એલેથ્રીન'. કુદરતી પાઈરેથ્રમની કિંમત કરતાં ઘણો સસ્તો આ પદાર્થ બનાવી શકાય છે. આમ, જંતુ સામેની મનુષ્યજાતની અવિરત લડતમાં રસાયને વિશેષ પ્રગતિ સાધી છે. (ડિસ્કવરી)

જૂનાગઢમાંના અશોકના શિલાલેખ

જૂનાગઢના કિલ્લાની બહાર, ગિરનાર જવાના રસ્તા ઉપર, દામોદર કુંડથી સહેજ પશ્ચિમે રસ્તાની જમણી બાજુ આ શિલાલેખનો નાનો ખડક આવેલો છે. ખડકના પૂર્વ તરફના પડખા ઉપર બૌદ્ધધર્મી ચક્રવર્તી અશોકના સમયની બ્રાહ્મી લિપિમાં અને પાલી ભાષામાં ૧૪ ધર્મશાસનો કોતરાવેલાં છે. લગભગ આ જ ધર્મશાસનો પ્રાંતવાર જુદાંજુદાં સાત સ્થળોએ તેણે કોતરાવેલાં છે. તેમાં બીજાં ધર્મ પરત્વેનું વર્તન તેમજ સગાંસંબંધી તથા આપ્તજન પ્રત્યેનું વર્તન કેવું રાખવું તે સંબંધી ઉપદેશ છે. પોતે કરેલી લડાઇને અંગેની હિંસા માટે પશ્ચાત્તાપ અને હવેથી હિંસા ન કરવાની પ્રતિજ્ઞા પણ લેવામાં આવી છે. ઈ. પૂર્વે ૨૫૦ લગભગ તે કોતરાયો હશે.

એ ખડકની ઉપરની સપાટીએ સૌરાષ્ટ્રમાંના ક્ષત્રપ સુબા રુદ્રદામનનો લેખ તેના સમયની બ્રાહ્મી લિપિમાં અને સંસ્કૃત ભાષામાં કોતરાએલો છે. તેમાં ત્યાંના સુદર્શન તળાવના પાણીને રોકવા માટેનો બંધ અતિવૃષ્ટિને લીધે તૂટી ગયાનું અને તેના ઉપર થએલા સમારકામનું વર્ણન છે. તે ઈ. ૧૫૦માં કોતરાયો હશે.

ખડકના ઉત્તર પડખા પર સ્કંદગુપ્ત રાજાના સમયનો, ગુપ્ત લિપિમાં અને સંસ્કૃત ભાષામાં લેખ કોતરાએલો છે અને તેમાં સુદર્શન તળાવનો બંધ ક્ષત્રપ સમયમાં સમરાવેલો છતાં ફરી તૂટ્યો તેનું તથા લોકોમાં થએલા ગભરાટનું વર્ણન છે; અને છેવટ તેના સુબાએ પુષ્કળ ધન ખરચી તે બંધને ઘણો જ સુદૃઢ બનાવ્યો તેની હકીકત છે. આ ઇ. ૪૫૦ના અરસામાં લખાએલો હશે.

એક જ સ્થળે અને એક જ પત્થર ઉપર લગભગ ૭૦૦ વર્ષના ગાળામાં ત્રણ જુદાજુદા સમયની લિપિમાં આ લેખો લખાએલા હોવાથી લિપિશાસ્ત્રના અભ્યાસીને ૭૦૦ વર્ષ દરમિયાનમાં થએલા લિપિના ફેરફારોના અભ્યાસ માટે જે તક અહીં મળે છે તે હિંદ ભરમાં બીજે કોઈ સ્થળે પ્રાપ્ત નથી થતી. આ ત્રણે લેખોનાં સંસ્કૃતમાં અક્ષરાંતર તથા ગુજરાતી તરજુમા ફાર્બસ સભાએ પ્રસિદ્ધ કરેલ 'ગુજરાતના ઐતિહાસિક લેખો'ના પહેલા વૉલ્યુમમાં આપેલા છે. તેનાં અંગ્રેજી ભાષાંતરો જૂનાગઢ પુરાતત્ત્વ ખાતાએ એક પુસ્તિકામાં છપાવેલાં છે જે લેખના સ્થળે વેચાતી મળી શકે છે.

(જૂનાગઢ ઈતિહાસ પરિ.ના વ્યાખ્યાનમાંથી)—ગિરિજાશંકર આચાર્ય

બાપુના કારાવાસની કહાણી (નવજીવન પ્રકાશન)

ડૉ. સુશીલા નાયરના અંગ્રેજી ઉપરથી અનુવાદક મણિભાઇ દેસાઈ: ૧૯૪૨માં મહાત્માજીને આગાખાન મહેલમાં નજરકેદ કર્યા ત્યારથી તે એ છૂટ્યા ત્યાં સુધીના એકવીસ માસ દરમ્યાન ગાંધીજીનાં અંતેવાસી જેવાં ડૉ. સુશીલા નાયર તેમની તહેનાતમાં જ હતાં હિંદના ઇતિહાસના એ મહત્ત્વના દિવસો ગાંધીજીએ ત્યાં કેમ વિતાવ્યા, મહાદેવભાઈ ને કસ્તુરબાનાં અવસાન કેમ થયાં, તથા એ કટોકટીના સમય દરમ્યાન બનતા બનાવોની અસર ગાંધીજીના મન પર કેવી થતી હતી, એ બધાનાં વિસ્તારપૂર્વક ને રસભરરીતે કરેલાં વર્ણનોથી ભરેલું લગભગ પોણાછસ્સો પાનાનું દળદાર અને ઐતિહાસિક મહત્ત્વનું પુસ્તક: સોળ ચિત્રો તથા બેરંગી જૅકેટ સાથે. રૂા. ૬ ૦ ૦

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૩ સ્વાધીન ભારતના પ્રથમ પ્રમુખ રાજેન્દ્રબાબુનો જન્મ, ૧૮૮૪.
તા. ૫ ગુજરાતી પત્રકારત્વમાં તેજસ્વી કારકિર્દી ઘડનાર સાપ્તાહિક 'ગુજરાતી'ના સ્થાપક-તંત્રી ઈચ્છારામ સૂ. દેસાઇનું અવસાન, ૧૯૧૨.
તા. ૭ મ્હૈસુરના સિંહ હૈદરઅલીનું અવસાન અને તેના પુત્ર ટીપુ સુલતાનનો રાજ્યાભિષેક, ૧૭૮૨.
તા. ૯ 'પેરેડાઈઝલૉસ્ટ'ના સર્જક અંધકવિ મિલ્ટનનો જન્મ, ૧૬૦૮.
તા. ૧૦ નૉબેલ ઈનામના સ્થાપક આલ્ફ્રેડ નૉબેલનો જન્મ, ૧૮૯૬.
તા. ૧૧ પહેલી હિંદી બૅંક 'સેન્ટ્રલ બૅંક ઑવ ઇંડિયા' સ્થપાઈ, ૧૯૧૧.
તા. ૧૨ શોધસફરી ટાસ્માને ન્યૂ ઝીલૅંડ ટાપુની શોધ કરી, ૧૬૪૨.
તા. ૧૬ અમેરિકન સ્વાતંત્ર્યક્રાંતિની ચીનગારી ચાંપનારો 'બૉસ્ટન ટી પાર્ટી' અમેરિકન ઇતિહાસનો યાદગાર બનાવ, ૧૭૭૩.
તા. ૧૭ હિંદુ મૂર્તિપૂજાની વિરુદ્ધમાં નિબંધ લખી રાજા રામમોહનરાયે બંગાળી ગદ્યસાહિત્યની શરૂઆત કરી, ૧૭૯૦.
તા. ૧૮ સુએઝની નહેર વ્યવહાર માટે ખુલ્લી મુકાઇ, ૧૮૬૯.
તા. ૨૧ રશિયાના સૂત્રધાર જૉસફ સ્ટાલિનનો જન્મ, ૧૮૭૯.
તા. ૨૩ સુરત કૉંગ્રેસના પ્રમુખ રાસબિહારી ઘોષનો જન્મ, ૧૮૪૫.
તા. ૨૮ હિંદની રાંક વસતિના મોંમાં રોટલો મૂકનાર 'અખિલ ભારત ચરખા સંઘ'ની સ્થાપના, ૧૯૨૩.
તા. ૩૧ લોકોએ ખંડણી ભરવાની ના પાડતાં પોર્ટુગીઝોએ પ્રભાસ પાટણ સળગાવી મૂક્યું, ૧૭૧૭.

આ માસની વ્યક્તિવિશેષ : લૂઈ પાસ્તર



જંતુઓની દુનિયાનાં દ્વાર ખોલી, રોગોનું સાચું મૂળ બતાવી, તેના ઉપચારનો અચૂક માર્ગ દેખાડી જનાર લૂઇ પાસ્તરનો જન્મ ફ્રાન્સમાં ડાલ મુકામે નેપોલીઅનના એક માજી સાર્જન્ટ મેજર ઝયાં જોસફને ત્યાં ૧૮૨૨ના ડિસેમ્બરની ૨૭મીએ થએલો.

આર્બુએમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરી એ પારીસ ભણવા ગયો, પણ ત્યાંથી માંદો પડી ઘેર આવ્યો અને બેઝાંકની શાળામાં જોડાયો. ત્યાં તેની વિજ્ઞાનની જલદ ભૂખ ઊઘડી. એ સંતોષી શકે એવી એક માત્ર વિદ્યાપીઠ 'ઍકોલ નોર્માલ'-માં જોડાવા એ પારીસ ગયો અને ત્યાં વિદ્યાર્થી તરીકેની સંપૂર્ણ યશસ્વી કારકિર્દી પૂરી કરી ૨૬ વર્ષની વયે દિજોંમાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર તરીકે નિમાયો. ત્યાં ટાર્ટરિક ઍસિડ પરની તેની શોધોએ તેને સ્ટ્રાસ્બુર્ગમાં રસાયણશાસ્ત્રના મદદનીશનું સ્થાન અપાવ્યું. અહીં ઍકેડેમીના રેકટર લૉરાંની પુત્રી મેરી સાથે લગ્ન કર્યું ને પત્નીને સાથે લઈ લીલ જઇ તે વસ્યો. હવે તેણે સ્વતંત્ર પણે વિજ્ઞાનની શોધખોળ આદરી ને ખાંડને લેકિટક ઍસિડમાં ફેરવી નાખતા જંતુઓ શોધી કાઢી દારૂ બનાવવાના ભાંગી પડતા ઉદ્યોગને બચાવી લીધો. આ પ્રયોગમાં માણસજાતના એ અદૃશ્ય દુશ્મનનો તેને પ્રથમ પરિચય થયો.

પણ એ જંતુઓ જ માણસના દુશ્મન છે એ જાહેર કરવાની પાસ્તરની લાયકાતને દાક્તરોએ હસી કાઢી. આથી અસ્પષ્ટ વિચારભૂતોથી ઉશ્કેરાઈને અને કંઈક અંશે વધુ સાધનોની અપેક્ષાથી એ ફરી પારીસ ગયો. ત્યાં તેણે રેશમના કીડાઓના રોગનું નિદાન બતાવી રેશમના ઉદ્યોગને પણ બચાવ્યો. પરંતુ એ માટેની તેની અવિરત મહેનતથી અને પક્ષાઘાત લાગૂ પડચો, અને તેમાં વળી પિતાના તથા પુત્રીના મરણનો આઘાત ઉમેરાયો. દાક્તરોએ આશા છોડી દીધી હોવા છતાં કેવળ પોતાના સંકલ્પ બળે જ સાજો થઈ એ ફરી પાછો જંતુઓની શોધ પાછળ પડચો. એવામાં વળી ઘેટાંઓમાં ફેલાએલા એક અજાણ્યા રોગના ઉપચારનું કામ આવી પડયું, જેને પરિણામે તેણે 'ઍન્થ્રેક્સ બેસાઈલ'ની રસી શોધી.

હવે તેણે હડકવાના ઉપચારનું કામ હાથમાં લીધું. પણ અનેક પ્રયોગો કરી જોવા છતાં તેને હડકવાના જંતુઓ તો ન જ મળ્યા. આથી હડકવાના એ ઝેરને જ શત્રુના બદલે મિત્રના રૂપમાં ફેરવી તેણે હડકવાની રસી તૈયાર કરી અને તે સફળ સાબિત થઈ. એથી પાસ્તર જગજાહેર થઈ ગયો. છેક અમેરિકાથી લોકો તેની દવા કરાવવા આવવા લાગ્યા. તેમાં રશિયાથી આવેલાં, હડકાયું વરુ કરડેલાં ઝારનાં ઓગણીસ માણસોમાંથી સોળને તેણે બચાવી લીધા, અને આવું નહિ ધારેલું પરિણામ જોઈ ઝારે તો બેહદ ખુશ થઈ પોતાના ગ્રાન્ડ ડ્યૂક લાડમીરને 'ઑર્ડર ઑવ સેંટ ઍન ઑવ રશિયા'નો હીરક ક્રૂસ લઇ પાસ્તરને નવાજવા સાથે પાસ્તરના નામની સંસ્થા સ્થાપવા એક લાખ ફ્રાંક પણ મોકલ્યા. આ સૂચનને ફ્રાંસે પણ વધાવી લીધું અને ફાળો ઉઘરાવી ૧૮૮૮ના નવેમ્બરની ૧૪મી તારીખે 'લા ઈન્સ્ટીટ્યૂટ પાસ્તર'ની સ્થાપના કરી.

પણ પાસ્તરની તબિયત હવે લથડતી ચાલી. મિત્રોના આગ્રહને વશ થઈ તેણે આરામ લેવા સ્વીકાર્યું. પરંતુ પોતાને સંપૂર્ણ ભરોસો હોવા છતાં હાલત વધુ બગડી, છેવટે વાચા પણ બંધ થઈ ને આખરે ૨૭મી સપ્ટેમ્બરે વિજ્ઞાનના એ કર્મયોગીનો દેહાંત થયો.

આ માસનો પ્રસંગવિશેષ : તૈમુર લંગની ભારત પર સવારી

પોતાની બુદ્ધિ અને સાહસના બળે અનેક મુસીબતોનો સામનો કરતો કરતો એક તુર્ક ગુલામ (જન્મ ૧૩૩૬) આખરે તુર્કસ્તાનનો તૈમુરશાહ બન્યો. છેક કાસ્પીઅન સમુદ્ર, ઈરાન અને ઇજિપ્ત જીતીને એણે પછી અફઘાનિસ્તાન પર પોતાની હકૂમત સ્થાપીને 'સોનાના કટકા' જેવા હિંદુસ્તાન પર નજર ઠેરવી. એ માટે સહાય મેળવતાં કેટલાક મતભેદો થવા છતાં તેણે પોતાનો નિશ્ચય અચલ જ રાખ્યો. આત્મચરિત્રમાં એ લખે છે, 'હિંદોસ્તાંના કાફરોને, તેમનાં મૂર્તિ-મંદિરો તોડી, મુસ્લિમ બનાવી 'ગાઝી' જેવું સન્માન્ય બિરુદ હાસિલ કરવાની મારી મુરાદ છે.' અને એ નિશ્ચયાનુસાર સમરકંદથી હિંદુસ્તાન આવવા ઉપડી ચૂક્યો. ચિનાબ અને રાવીના સંગમ પાસે તેણે કતલ ચલાવી પોતાની ક્રૂરતાનો પરચો યે બતાવી દીધો, અને આમ બધે જ કતલ અને લૂટથી પોતાની ધાક બેસારી આમળ વધતો દિલ્હી સુધી આવી પહોંચ્યો. દિલ્હીના સુલતાન મહમુદ તઘલખ અને તેના વઝીર ઈકબાલખાંએ તેનો સામનો કર્યો. પણ તૈમુરે એમને જબ્બર શિકસ્ત આપી ૧૩૯૮ના ડિસેમ્બરની ૧૪મી તારીખે દિલ્હીનું તખ્ત સર કર્યું. રાબેતા મુજબ લશ્કરે લૂટ અને કતલ આદરી દીધી. 'ચાલવાનો મારગ ન મળે એટલી લોથો રસ્તા વચ્ચે પડી, અને દોલત તો કેટલી લુટાઈ તેનો કંઈ હિસાબ જ નથી.' પણ તૈમુરને તેનો અફસોસ નહોતો. આટલી ખૂનખાર કત્લ પછી યે એ તો અલ્લાનો આભાર માનતો હતો કે, 'હિંદોસ્તાંમાં મને મળેલી આ કામયાબી તારી મહેરબાનીને લીધે જ હાસિલ થઇ છે. કાફર લોકોની કતલ કરવાની ને તેમની દોલત લુટાવવાની મારી મુરાદ આખરે બર આવી જ.'

મન, મોતી ઔર દૂધકા તીનોં એક સ્વભાવ,
ફાટે પીછે ના મિલે, કોટિ જતન બનાવ.

ફરથી પાણી વહી લાવતાં પોતાનાં વૃદ્ધ મા ઠેસ વાગવાથી મરી ગયાં, તે પરથી કાશીનાથ ગાંગુલીએ ગામમાં જ તળાવ કરવા પોતાના ગામલોકોને સમજાવ્યા; પણ સહકાર ન મળતાં પોતાની ઝૂંપડીની જમીનમાં જ, એકલે હાથે, જાતે કોદાળી-પાવડો-ટોપલો લઈ ખોદવા માંડ્યું. એવામાં, દીવાન ગંગાગોવિંદ સિંહા પોતાની માતાનું શ્રાદ્ધ હજારોની સખાવતથી કરે છે એ સાંભળતાં, ગામના તળાવ માટે તેમને મળવા ગયા; પણ દીવાનનાં દર્શન સુદ્ધાં ન થયાં. આથી ક્રુદ્ધ થઈ નોકરને તેમણે કહ્યું 'કહેજે તારા દીવાનને, કે લાખોના તારા દાન કરતાં મારી માનું શ્રાદ્ધ ચડિયાતું છે.' આની જાણ થતાં દીવાને બોલાવી ખુલાસો પૂછ્યો. જવાબ મળ્યો: 'તમે લાખો ખર્ચીને પણ આરામથી રહી શકશો; કંઈ મારી માફક જમીન, ઝૂંપડી, શરીર, —સર્વસ્વ તો નથી આપતા ને? મારા નિશ્ચયને કાંઈ જ અસાધ્ય નથી.' દીવાને પ્રસન્ન થઇ તેમને પોતાની પાસે જ રાખી તળાવ ખોદાવી આપ્યું.

∽

અનેકાર્થી શબ્દ: **દશા**=સ્થિતિ કે હાલત; માણસના મરણ પછી દસમે દિવસે થતી ક્રિયાવિધિ; ગાડી ઊંજવા પૈડામાં ઘલાતી તેલવાળી ચીંદરડી; કપડાની આંતરી; માણસના નસીબ પર અસર કરતી ગ્રહોની સ્થિતિ; પડતી હાલત; એ નામની પેટા નાત.

∽

ગણિત ગમ્મત: તમારી ઉંમર લખો. તેના બમણા કરો. તેમાં પાંચ ઉમેરો. આવે તેને ૫૦ વડે ગુણો. તેમાં તમારી જન્મતારીખ ઉમેરો. એમાંથી વરસના દિવસની સંખ્યા ૩૬૫ બાદ કરો હવે ૧૧૫ ઉમેરો. જવાબમાં આવશે તે રકમના પહેલા બે આંકડા તમારી ઉંમરના, અને છેલ્લા બે આંકડા તમારી જન્મતારીખના હશે!

∽

ઓઈસ્ટર એકીવખતે ૬,૦૩,૦૦,૦૦૦ ઈંડાં મૂકે છે.

∽



← એક જ સળંગ રેખા વડે દોરેલી માનવાકૃતિ.

કહેવતોના અર્થ: 'રાંકને મળ્યો રવો, તે વાવ ખોદાવું કે કૂવો.' (રવો=ઘંટીનું પડ જેના ઉપર ફરે છે તે ખીલો.) નાની સરખી પ્રાપ્તિથી કોઈ અધૂરિયા માણસો ફુલાઈ જઇને બડાશ મારે, કે તેનો વધારે પડતો લાભ લેવા માંડે, તેના ઉપાલંભ માટે વપરાતી આ કહેવતમાંના ઉદાહરણનો નિર્દેશ એવો છે કે રાંક માણસને ઘંટીના ખીલડા જેવી મામૂલી વસ્તુ હાથ લાગતાં તે વાવ-કૂવો ખોદવાની બડાશ મારે એ જેવું હાસ્યાસ્પદ છે, તેવું જ નાની પ્રાપ્તિ પર મોટાઈની ફુલાશ કરનારનું છે. એને મળતી બીજી કહેવતો: 'અણદીઠાનું દીઠું, તે માર મૂતાને મીઠું'; 'ભિખારીને છોકરે ભાત દીઠો'; 'ભૂખની છોકરી ભચમાં પડી, તે રાબ ટળી ને ખીચડી મળી'; 'બાપ ચડતા બાવળિયે, ને મા વીણતાં ડોડી; તેના દીકરા ઘોડે ચડ્યા, તે વાત કાંઇ થોડી?'

∽

ખૂબ ધન કમાયા થયા પછી ઍન્ડ્રૂ કાર્નેગી પ્રવાસ અને કળા પ ાછળ છૂટે હાથે પૈસા ખરચતો. પણ તેને લાંબા તાર કરવા પાછળ પૈસા ખરચવાનું કદી ગમતું નહિ તે હંમેશ લાંબા તારને ટૂંકાવીને દસ શબ્દોના બનાવવા પોતાનો કીમતી સમય ખરચતો!

સફેદ રેશમનાં કપડાં કથોણાં પડીને પીળાં થતાં અટકાવવા, ધોયા બાદ તેના નિખારવાના પાણીમાં થોડા મેથિલેટેડ સ્પિરિટ નાખતાં પીળાં નહિ પડે ને ચમક રહેશે.

આવું ભારે કામ તો આપણે કરી ન શકીએ, અને આવું હલકું કામ તો આપણાથી થાય નહિ, એવા વિચારોમાં આપણે કશું જ કામ કરી શકતા નથી

∽

જાણો છો?

*મચ્છર પીળા રંગથી ઘણા બીએ છે. *જાપાનમાં રોજ સરાસરી ૪ ધરતીકંપ થાય છે. *પૃથ્વીની સપાટીનો પાંચમો ભાગ વૃક્ષોથી ઢંકાએલો છે. *તૈઓસ નદીના કાંઠે રા મણ વજનનાં તરબૂચ થાય છે. *વરસમાં ૪૦ લાખ વખત આપણી આંખ ઉઘાડવાસ કરીએછીએ.



કલાકણિકા

જાપાનીઓના સાદા અને કરકસરવાળા જીવનમાં પણ ઉચ્ચ કળા તો સર્વત્ર ઓતપ્રોત છે. ઉપર તેમના મિઠાઈના ડબ્બાની એક તરેહ છે, જેને પૈડાં છે. લાલ લાખની એની બનાવટ ઉપરની શોભાનકારીગરી વિષે વધુ લખવું પડે તેમ નથી.



કલાકાર રાથેન્સ્ટાઇને કરેલો શૉનો સ્કેચ

બર્નાર્ડ શૉ (અનુ પૃ.૪૨૫થી) રાજકારણ વિષે ગ્રંથો વાંચ્યા. લેખન-પ્રવૃત્તિ તો આયર્લૅંડ હતો ત્યારે જ શરૂ કરી હતી; પરંતુ કમભાગ્યે કોઇ પણ પ્રકાશક એ નવા લેખકને લેવાને ઉત્સુક ન હતો. લેખક તરીકે આગળ જતાં જે પ્રતિષ્ઠા મળવાની હતી તેનાથી એને સંતોષ વળે એમ ન હતું એટલે એણે વક્તૃત્વકલાનો અભ્યાસ શરૂ કર્યો.

એ અરસામાં સમાજવાદનો પ્રચાર શરૂ થયો હતો. શૉ પણ તે તરફ આકર્ષાયો અને એની પ્રવૃત્તિઓની શરૂઆત થઈ. લોકો સાંભળવા તૈયાર હોય કે ન હોય, તક મળે ત્યારે અને ત્યાં બોલવું એવું શૉએ રાખ્યું. એક વખત હાઇડ પાર્કમાં ત્રણ-ચાર લોફરો આળોટતા હતા, એમને એણે ભાષણ સંભળાવ્યું ! જ્યારે બીજી એક



શૉ દંપતી, ૧૮૯૮માં શૉ શાર્લોટ ફ્રાન્સિસ પેઈન-ટાઉન્શેન્ડ નામે લખપતિ આઇરિશ બાનુને પરણેલો. એણે જીવનભર શૉનીસેવા કરી.

વાર પુષ્કળ વરસાદ પડતો હતો, શ્રોતાઓનો અભાવ હતો, પણ કાયદો અને વ્યવસ્થા જાળવવાની ફરજ બજાવતા પોલીસ છત્રીમાં ઊભા હતા. એમને પણ શૉએ ભાષણ સંભળાવ્યું. આ ભાષણોથી શૉની કીર્તિ વધવા માંડી અને તે લોકોમાં જાણીતો થવા માંડ્યો. પરંતુ કોઈ-પણ પક્ષમાં એ જોડાય તે પહેલાં 'બહુજનસમાજ ગરીબ કેમ ?' એ મથાળાવાળું પત્રક એના વાંચવામાં આવ્યું. એ ફેબિયન સોસાઇટી તરફથી બહાર પડ્યું હતું. સમાજવાદનો પ્રચાર ઇંગ્લંડમાં થવો જ જોઇએ, પણ એ બધું કોઈ જાતના ઘાતપાત વગર શાન્તિથી થવું જોઈએ એમ ફેબિયનો માનતા. આ પક્ષનું તત્ત્વજ્ઞાન શૉને ગમ્યું અને એણે એમાં ભળવાનું નક્કી કર્યું. શૉ પાસે સ્વપ્નાં હતાં, ભાષાપ્રભુત્વ હતું. વક્તૃત્વ હતું, ધગશ હતી. સદ્ભાગ્યે એને સિડની વેબ જેવો સારો મિત્ર મળી ગયો. વેબમાં હદ ઉપરાંતની મહેનત કરી જ્ઞાન મેળવવાની ફંડી ચીવટ હતી. બોલતો-ચાલતો જ્ઞાનકોશ ગણી શકાય એટલું એને આવડતું હતું. આ બેનો સુમેળ થયો.

આ આખોય વખત શૉની સાહિત્યપ્રવૃત્તિ ચાલુ હતી. જોકે એમાંથી આવક બિલકુલ ન હતી. પણ લોકોમાં એ પરિચિત થવા માંડ્યો એટલે સાપ્તાહિકોમાં સંગીત વિષે લેખો લખવા માટે એને નીમવામાં આવ્યો. સંગીતના વિવેચનમાં એ વેળા રૂક્ષ શાસ્ત્રીય ભાષા યોજાતી, અને સંગીતની દુનિયામાં અંધશ્રદ્ધા, પૂર્વગ્રહો વગેરે મોટા પ્રમાણમાં હતાં. શૉએ લોકોને ગમે એવી સાદી ભાષામાં વિવેચનો લખ્યાં અને લોકોને વિચિત્ર લાગતા એવા પણ સત્ય વિચારો દર્શાવ્યા. એથી શૉ તો લોકપ્રિય ન થયો, પણ એના લેખો જાણીતા થયા. વાગ્નરનું સંગીત એ જમાનામાં લોકપ્રિયતા મેળવતું હતું. મોત્સાર્ટના 'ડૉન જોવાની'એ શૉ પર કદી ન ભુલાય એવી અસર કરી હતી. એ જ વખતે એને ઈબ્સનનાં નાટકો સાંપડ્યાં. કાર્લ માર્ક્સ એ વાચી ગયો હતો. ઇંગ્લંડમાં જે થોડા લોકોએ માર્ક્સ વાંચ્યો હતો એમાં શૉની ગણના થતી હતી.

લોકોમાં વધારે ભળવાથી મનુષ્યસ્વભાવનું એનું જ્ઞાન વધ્યું હતું, વ્યક્તિત્વ પરિપક્વ થયું હતું. રંગભૂમિમાં એને શરૂઆતમાં પ્રેક્ષક તરીકે રસ નહોતો. પણ આગળ જતાં એ નાટકોના વિવેચક તરીકે નીમાયો હતો, એટલે અંગ્રેજી નાટ્યની ખામીઓ પણ તે સારી રીતે જાણતો થઈ ગયો હતો. એટલે એણે નાટકો લખવાની શરૂઆત કરી ત્યારે આ બધાં સાધનોનો સારો ઉપયોગ થઈ શક્યો.

નાટકો લખવાની શરૂઆત થઇ ત્યાર પહેલાં જ શૉ વિખ્યાત થઇ ગયો હતો. લખવા-બોલવાની પોતાની વિલક્ષણ શૈલીથી એણે લોકોને પોતાનાથી ઠીકઠીક વાકેફ કરી દીધા હતા. આયર્વિંગ જેવો સારો અભિનેતા એ વખતે જીવતો હતો. એમને માટે નાટકો લખવાની શૉની ઈચ્છા હતી. ઓગણીસમા સૈકામાં ખાસ સારા કોઇ નાટકકારો થયા ન હતા. ખાસ ઉલ્લેખ કરવા જેવો સફળ નાટક-કાર ઑસ્કર વાઇલ્ડ હતો. ઈબ્સેનની અસર જણાવા માંડી હતી.

ઉપર જણાવ્યું છે તે ઉપરાંત શૉએ બીજી ઘણી વસ્તુઓ વિષે ચિંતન કર્યું હતું. છેક બચપણમાં એની માતાના સંગીત-શિક્ષક લી પાસેથી એ આરોગ્યને લગતી વાતો શીખ્યો હતો. રાતના બધી બારીઓ ખુલ્લી રાખી સૂઈ જવું, માંદા થવાય ત્યારે ડૉક્ટર પાસે જવાને બદલે હાથે જ ઉપચાર કરવા, ડૉક્ટરોમાં બહુ વિશ્વાસ ન રાખવો, એમ એ શીખ્યો હતો. એણે ડૉક્ટરોના અનેક નમૂના જોયા હતા. એ વખતના એક નિષ્ણાત ડૉક્ટરને ત્યાં બીજો એક ડૉક્ટર ક્ષયના એક દર્દી વિષે કહેવા આવ્યો ત્યારે પહેલા ડૉક્ટરે 'આ કેસ હાથમાં લેવાથી પૈસા કેટલા મળી શકે' એમ પૂછેલું શૉએ

સાંભળ્યું હતું. શાસ્ત્રને નામે ચાલતું દવાઓ-ઇન્જેકશનોનું ધતીંગ જોઇ એ ખૂબ ચીડાતો. જિંદગીનાં પહેલાં પચીસ વર્ષ એણે આમિષાહાર કર્યો. પણ શેલેની ફિલસૂફીની અસર તળે એ શાકાહારી બન્યો હતો. દારૂથી થતો વિનાશ તો એણે ઘરમાં જ જોયો હતો એટલે એણે દારૂ પણ મૂકી દીધો હતો. અંગ્રેજ લોકોની કપડાં પહેરવાની રીતથી શરીરને ઘણું નુકસાન થાય છે એમ એ માનતો, એટલે નવી ઢબનાં કપડાં પોતાને માટે બનાવડાવતો. આમ, લોકવિરુદ્ધ પણ શુદ્ધ વિચાર કરવાનો જાણે એનો સ્વભાવ થયો હતો. વક્તા તરીકે એણે શ્રોતાઓને રીઝવવાની કળા સાધ્ય કરી લીધી હતી. લોકોને સાંભળવામાં રસ પડે એવી ઇચ્છા હોય તો કેવી રીતે બોલવું જોઇએ એનું શાસ્ત્ર એ ઠીક સમજતો હતો. એનાં કેટલાંક નાટકોમાં વાર્તા કે વસ્તુ ન હોવા છતાં સંવાદ માત્રથી જ એ લોકોને જીતી શકે છે એનું કારણ એનું વક્તૃત્વકલાનું એ જ્ઞાન હોવું જોઈએ.

શૉનાં નાટકોની શરૂઆત બહુ રમૂજી રીતે થઈ. શૉનો મિત્ર ને ઇબ્સેનનો ઇંગ્લંડમાં પરિચય કરાવનાર વિલિયમ આર્ચર એમ માનતો કે પોતાને નાટકો માટે તો વિષયો પુષ્કળ જડે છે, છતાં સંવાદ લખવાની શક્તિ ન હોવાથી નાટકો લખાતાં નથી; જ્યારે શૉ સંવાદ લખી શકતો, પણ એને વસ્તુ જડતું ન હતું. આર્ચર રોજ વસ્તુ આપે, પણ શૉ બીજે જ દિવસે વધારે ને વધારે વસ્તુ માગે, કારણ આગલા દિવસે મળેલા વસ્તુ પર સંવાદ લખાઇ જ ગયા હોય! આમાં આખરે આર્ચર થાક્યો અને ભાગીદારીમાંથી નિવૃત્ત થયો! અને શૉનું નાટકકાર તરીકેનું જીવન ૧૮૯૨માં શરૂ થયું.

આમ શૉ નાટકકાર બન્યો, પણ હજી એનું ગૃહજીવન શરૂ થયું ન હતું. ઘણી સ્ત્રીઓના સંપર્કમાં એ આવ્યો હતો, પણ વિવાહબદ્ધ થઇ પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવવા એ તૈયાર ન હતો; અથવા જેને માટે સ્વાતંત્ર્ય ગુમાવવામાં વાંધો ન હોય એવી સ્ત્રી એને જડી ન હતી. પરિચિત સ્ત્રીઓમાં શાર્લૅટ પેઇન-ટાઉનશૅંડ તરફ એ ઠીક આકર્ષાયો હતો, ને એને એ પરણશે એમ લોકો માનતા થયા હતા. પણ લગ્નનો વિચાર શૉના મગજમાં આવતો ન હતો. શાર્લૅટ બહુ પૈસાદાર હતી, જ્યારે શૉ પાસે પૈસા હતા જ નહિ. એ અઠવાડિયે છ પાઉંડ કમાતો, જ્યારે શાર્લૅટની આવક એનાથી ઓછામાં ઓછી કંઈ નહિ તો દસબાર ગણી વધારે હતી! એટલે પૈસાદાર સ્ત્રી પાસે વિવાહ-યાચના કરતાં શૉ ક્ષોભ અનુભવે તો નવાઈ ન હતી. પણ અનપેક્ષિત રીતે વાતનો ઉકેલ આવી ગયો. શૉ માંદો પડ્યો. એની સારવાર કરે એવું કોઈ માણસ ન હતું. શાર્લૅટ પેન-ટાઉનશૅંડ એ કામ માટે તૈયાર હતી, અને શૉને ઘેર આવી પણ ખરી. અવિવાહિત સ્ત્રી પોતાને ઘેર શુશ્રૂષા કરવા આવે એ શૉને ગમ્યું નહિ. લોકો ટીકા-નિંદા કરે એનાથી એ બીતો નહિ, પણ લોકોને એની ખાતર ટીકા સાંભળવી પડે એ એને ઠીક લાગ્યું નહિ. અને શાર્લૅટને આવવાની ના પાડે એવી સ્થિતિમાં એ ન હતો. એટલે નછૂટકે એ પરણવા તૈયાર થયો. ૧૮૯૮માં એ પરણ્યો, અને મિસિસ શૉએ પતિની સારવાર શરૂ કરી. શૉના ચરિત્રમાં એના ગૃહજીવન વિષે ખાસ ઉલ્લેખ જડતા નથી. મિસિસ શૉ જીવ્યાં ત્યાંસુધી એમણે પતિના સેક્રેટરી તરીકે અને બને એટલી રીતે શૉની સેવા કરી એટલું જ આપણે જાણીએ છીએ.

બર્નાર્ડ શૉનાં નાટકોની સંખ્યા પચાસ કરતાં વધારે છે. એના વિષયો કે એમાં પ્રતિપાદિત કરવામાં આવેલી ફિલસૂફી વિષે આવા ચરિત્રાત્મક લેખમાં વિસ્તારથી ચર્ચા થઈ શકે એમ નથી. સામાજિક જીવનને સ્પર્શતા દરેક વિષયને શૉનાં નાટકોમાં સ્થાન મળ્યું છે. શરૂઆતમાં વિચિત્ર લાગતી એની વિચારપ્રણાલી આજે યુરોપના વૈચારિક જીવનનો એક સ્વીકૃત ભાગ બની ગઈ છે. સાહિત્યના અભ્યાસીને તો એમાં જરૂર રસ પડે; પણ તેમ કરવાથી આ લેખ બહુ લાંબો થવાની બીક લાગે છે એટલે એ બીજા લેખ માટે રાખવું પડશે.

૧૯૧૪ના વિશ્વયુદ્ધ વખતે શૉએ લોકોનો રોષ વહોરી લીધો. અંગ્રેજ પ્રજાને એમ કહેવામાં આવ્યું હતું કે યુદ્ધ સારાં તત્ત્વો માટે લડવામાં આવે છે. પ્રચારથી દોરવાઇ જુવાનો આત્મયજ્ઞ કરવા તૈયાર થયા હતા. શૉ એમ માનતો હતો કે લોકો જેને શૌર્ય કહે છે એ પ્રશંસનીય ગુણ હોતો નથી, અને યુદ્ધો કરવાથી કોઈને લાભ થતો નથી. દેશાભિમાન અને એવી વાતો ભાષણોમાં ઠીક લાગે છે, પણ પ્રચંડ લોકસંહારમાં એ પરિણમે તો લોકોને સત્ય સમજાવી એમની આંખો ઉઘાડવી જ જોઇએ. એટલે એણે યુયુત્સુ વૃત્તિનો વિરોધ કરવા લેખન કર્યું. યુદ્ધના વાતાવરણમાં ઘેલા બનેલા લોકો એના પર ચીડાયા અને છાપાંઓમાં એની નિંદા થવા માંડી.



આયોટ સેન્ટલૉરેન્સ નામના તદ્દન નાના ગામડામાં આવેલું શૉનું મકાન તથા તેનો બગીચો

પણ નાનપણથી જ કડવું સત્ય બોલવાની એને ટેવ હતી, એટલે કોઇની દરકાર કર્યા વગર એણે તો પોતાનું કામ આગળ ચલાવ્યું.

નાટકકાર તરીકે શૉ જાણીતો થયા પછી એના ચરિત્રમાં વિશેષ નોંધવા જેવી ઘટના એટલી જ કે એની કીર્તિ દરેક નાટક સાથે વધતી જ ગઇ. જે લોકો એનાં નાટકોને હાંસીને પાત્ર ગણતા તે જ એના પૂજક થયા. શરૂઆતમાં એ ઇગ્લંડમાં 'ચક્રમ' તરીકે ઓળખાતો ને હવે મહાપુરુષ ગણાવા માંડ્યો. જાણીતું નોબેલ ઇનામ એને આપવાનું ઠરાવવામાં આવ્યું, પણ એણે સ્વીકારવાની ના પાડી આખરે મિત્રોના આગ્રહને વશ થઈ એણે એ સ્વીકાર્યું ને તરત જ સ્વીડન ને ઇગ્લંડના સાહિત્યિક સંબંધો વધારી શકે એવી સંસ્થાની સ્થાપના માટે આપી દીધું. એનાં નાટકોનાં ભાષાંતરો દુનિયાની ઘણી ભાષાઓમાં થયાં, અને એણે દુનિયાનો પ્રવાસ પણ કર્યો.

કેટલાક લોકો એમ માને છે કે કીર્તિ મેળવવા માટે શૉએ બધાજ લોકાચારોનો વિરોધ કર્યો; એ વિરોધ ખાતર વિરાધ હતો; શૉને કોઇ પણ વસ્તુમાં વિશ્વાસ ન હતો. એમ કહેવામાં લોકોની ભૂલ થાય છે. શૉની વિચારસરણીમાં જેટલી સુસંબદ્ધતા દેખાય છે એટલી ભાગ્યે જ કોઈ લેખકમાં દેખાતી હશે. એટલું ખરું કે એણે લોકોને કદી વખાણ્યા નહિ. લોકોને ખુલ્લેખુલ્લી સુણાવવામાં એને મજા પડતી.

લોકોની મૂર્ખતા, દંભ, ઢોંગ, લુચ્ચાઈ વગેરે દોષો પર એ પ્રહાર કરતો. હાસ્ય એ એનું અમોઘ શસ્ત્ર હતું. ડિકન્સ, મોલિયેર અને વૉલ્તેર જેવા ગુરુઓ પાસે એ હાસ્યની કલા શીખ્યો હતો. 'તમે બધા ગધેડા' છો એમ એ લોકોને હંમેશા કહેતો, છતાં લોકો એને સાંભળવા અને એનાં નાટકો જોવા આવતા, એ પણ આશ્ચર્યની વસ્તુ નથી શું? હાસ્યની ઉત્પત્તિ બે રીતે થઈ શકે. માણસનું મન કશું સમજતું ન હોય, વિચાર કરવાની શક્તિ ધરાવતું ન હોય, અથવા કહો કે મૃતવત્ થયું હોય ત્યારે પોતે બહુ હોશિયાર હોવાનો ડોળ કરવા માણસ હસી શકે. અને આદર્શવાદી માણસને દુનિયા ગમતી ન હોય ત્યારે પોતાની આદર્શ દુનિયા જોડે વાસ્તવ દુનિયાને સરખાવી વાસ્તવ દુનિયાની મૂર્ખતા પર આદર્શવાદી હસી શકે. શૉનું હાસ્ય બીજી જાતનું હતું. એનામાં પૂર્વગ્રહો હતા, પક્ષપાત હતો, પણ સત્ય માટે એને પ્રેમ હતો. પ્રામાણિક બુદ્ધિથી એ વસ્તુઓ જોઈ શકતો. એ બુદ્ધિ સ્વાર્થનિરપેક્ષ હોવાથી જ કડક સત્યો કહી શકતી. કાલ્પનિક વાતો કરતાંય સત્ય કેટલું અવિશ્વસનીય લાગે છે એ શૉએ બતાવ્યું. એના Intelligent Woman's guide to Socialim & Capitalism કે Everybody's Political what's what જેવા ગ્રંથો પરથી એ જ સાબિત થાય છે. અંગ્રેજી સાહિત્યમાં હાસ્યપ્રધાન નાટકો લખનારાઓમાં શેરિડન, ગોલ્ડસ્મિથ વાઈલ્ડ, સિંજ બધા લેખકો આઈરિશ જ હતા. માનવજાતિ પર જેને ધિક્કાર છૂટયો હતો એવો સ્વિફ્ટ પણ આઇરિશ હતો. એવી જ હાસ્યરસની છોળો ઉડાવી શૉએ દુનિયાની વિચારપ્રણાલિકા બદલી નાખી

જિંદગીનો મોટો ભાગ શૉ ઍયટ-સેંટ લૉરેન્સમાં રહ્યો. એ ગામડામાં શૉ કેમ જઇ વસ્યો એ વાતપરથીયે શૉનો સ્વભાવ દેખાય છે. એ ગામડાની દફનભૂમિમાં એ એકવાર ફરતો હતો ત્યારે એની નજર એક કબરપરના લેખપર ગઇ, જેમાં લખ્યું હતું. 'હવા બગડી જવાથી ૮૦મે વરસે મરણ પામ્યાં.' જે ગામમા લોકો ૮૦ વરસ જીવી કોઈપણ જાતની માંદગી ભોગવ્યા વિના, માત્ર હવા બગડવાથી જ મરી જાય છે એ ગામ રહેવા માટે સારું એમ એને લાગ્યું, અને એ ગામમાં એ રહેવા આવ્યો!

સમાજની અંધ વિચારસરણી બદલવા માટે મૂર્તિભંજનનો જીવનકાર્ય તરીકે સ્વીકાર કરી શૉએ ઇગ્લંડની માનસિક અને વૈચારિક સૃષ્ટિ ફેરવી નાખી. શૉની આદર્શ દુનિયા કેવી હતી અને એનું તત્ત્વજ્ઞાન કેટલું સુસંબદ્ધ હતું એની વિચારણા એક આખો લેખ માગી લે છે.



આયોટ સેન્ટ લૉરેન્સ ગામડામાં આવેલા શૉના મકાનમાંનો બેઠકનો ઓરડો

કુમાર

જાન્યુઆરીથી ડિસેમ્બર ૧૯૫૦
અંક ૩૧૩ થી ૩૨૪

★

સત્યાવીસમા વર્ષનું સાંકળિયું

મુખ્ય ચિત્રો — પૂર્ણરંગી

એકરંગી, દ્વિરંગી, રેખાંકન, વૂડકટ લીનોકટ, લીથોગ્રાફ વગેરે

શિલ્પ-સ્થાપત્ય

ફોટોગ્રાફો

ટપાલની ટિકિટો

કાવ્યો

મુક્તકો


જીવનચરિત્રો — ચરિત્રરેખા



ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલુંઈનામ: મોકૂફ; બીજુંઈનામ:'સરોવરને કાંઠે' શરફતહુસેન (વડોદરા); ત્રીજું 'પાણીની લટાર' કુ. ભગવતીબહેન પટેલ (પોરબંદર). નોંધપાત્ર: વૃદ્ધની તસ્વીર –ચિત્તરંજન આચાર્ય (વીસનગર), 'લૉસ્ટ ઇન હરસેલ્ફ' ગોરધન મોદી (અમદાવાદ); 'પ્રદર્શનનો રંગ' નચિકેત મુનસિફ (મુંબાઈ); 'મહિયારીઓ' સોમાભાઈ મિસ્ત્રી (અમદાવાદ).

બીજું ઈનામ મેળવનાર ભાઇ શરફત હુસેનના 'સરોવરને કાંઠે' (મથાળે પહેલા) ચિત્રમાં પ્રાચીન રોનની ભવ્યતા અને પ્રશાંત વાતાવરણ એકબીજાનાં પૂરક બનીને આંખને ઠારે એવું દૃશ્ય રચે છે. અને કપડાં ધોતાં માનવપાત્રોની સક્રિયતાથી વાતાવરણ જીવંત લાગે છે. ચિત્રનો દૃષ્ટિકોણ, પ્રિન્ટનું ટ્રિમિંગ અને ટેકનીક પરથી પાડનારની હથોટી ને અભ્યાસ પ્રત્યક્ષ થાય છે. ત્રીજું ઇનામ મેળવનાર કુ.ભગવતીબહેનનાં વિચારપૂર્વક લેવાએલા સ્નૅપ શૉટ 'પાણીની લટાર'માં (મથાળે બીજું) રબરની હોડીને બે વૃક્ષની વચ્ચેથી પસાર થવા દઇને યોગ્ય સમયે કૅમેરાનો ઉપયોગ કરવામાં સફળતા મળી છે. સાથે જો સૂર્યપ્રકાશની ચમત્કૃતિ હોત તો ગદ્ય ચિત્ર સજીવ બનત. ◖ અનુક્રમે નોંધપાત્ર ઠરતાં ચિત્રોમાં અવસ્થાની અંકિત રેખાઓ સાથે લાક્ષણિક મનોભાવ વ્યક્ત કરતી ભાઈ ચિત્તરંજનની નામ વિનાની તસ્વીરમાં (નીચે છેલ્લે) પ્રકાશયોજના, અંકસ્પોઝર અને ટેકનીક ઉત્તમ હોવા છતાં દૃષ્ટિકોણની પસંદગી બરોબર નથી, બીજી બાજુનો ગાલ તથા આંખનો ભાગ હજી વધારે આવવા દીધાં હોત તો ચહેરો વધુ આકર્ષક, સન્મુખ અને સપ્રમાણ લાગત. ભાઇ ગોરધન મોદીના (મથાળે ત્રીજું) અંગ્રેજી નામવાળા 'લૉસ્ટ ઈન હરસેલ્ફ'માં કૅમેરાથી સભાન બાળા ખરેખર વિચારમગ્ન બની નથી. બારી બહારના છાયાપ્રકાશનાં ધાબાં પણ દૃષ્ટિમાં વિક્ષેપ કરે છે. ભાઇ નચિકેત મુનસિફનો રાતની રોશનીમાં લીધેલો ચગડોળ (નીચે: પહેલું) કાળા કાગળ પર સફેદ ચિત્ર જેવો ઉઠાવ પકડે છે પરંતુ તેમાં ખાસ ચિત્રમયતા નથી. ભાઈ સોમાલાલ મિસ્ત્રીના 'મહિયારીઓ' (નીચે વચ્ચે) માં કૅમેરાના કોણની, પ્રકાશની કે વાતાવરણની કશી ખૂબી નથી. **શ્રીદામ ભટ્ટ**



જમાલી-કમાલીમાંના રોજામાંનુ રંગશોભન — ફોટો • બલવન્ત ભટ્ટ

દિલ્હીની પાસે જમાલી-કમાલી નામનો એક રોજો છે, તેની ભીંતો અને છતો ઉપર અવનવા રંગીન પ્લાસ્ટરમાં જે અતીવ સુંદર અને વૈવિધ્યભર્યાં શોભનો પાકાં કરીને અંદર ઉતારેલાં છે તેની વાનગી રૂપ આ માત્ર થોડો ભાગ છે. અનેક કોણ પાડતી તેની ચોતરફની ભીંતોના એકેએક પાસા ઉપર, છેક મથાળેથી નીચે સુધી, કમાનોમાં, તેની કિનારોમાં અને તેના વચલા ગાળામાં અભિનવ આકૃતિઓની મેહફિલ પાથરી છે; અને તેની છતમાં તો શોભનાકૃતિઓની ભરચક રંગલીલા વહાવી છે. નીચેના ચિત્રમાં એ ભીંતો ને છત બંનેનો સળંગ ખ્યાલ આપે એવું એક વિભાગનું દર્શન છે; અને ઉપરના ચિત્રમાં એની વિશાળ છતનો નાનો અંશ છે. બંને ચિત્રને ઉપર-નીચે એવી રીતે ગોઠવ્યાં છે કે નીચેથી ઉપર જતી આંખને છતના અનુસંધાનનો થોડો ખ્યાલ મળે. જોકે એ બંને ફોટોગ્રાફના પ્રમાણમાં ફેર છે.